ॐ

# ચૈતન્યની ચહલ–પહલ

## દૃષ્ટિનો વિષય
## સમ્યગ્દર્શન તથા સમ્યક્જ્ઞાન
## (સ્વ-પર પ્રકાશક સ્વભાવ એક વિવેચન)

**Festivity of Consciousness**
**(in Jainism)**
**Subject of right-belief**


**: લેખક :**
'યુગલ' જૈન એમ.એ. સાહિત્યરત્ન
કોટા

**: સંપાદક :**
બ્ર. નીલિમા જૈન
કોટા



**: પ્રકાશક :**
આચાર્ય કુંદકુંદ ફાઉન્ડેશન
કોટા





**પ્રથમ નવ હિન્દી સંસ્કરણ : ૨૫૮૦૦ પ્રત**
**પ્રથમ ગુજરાતી સંસ્કરણ : ૧૧૦૦ પ્રત ૩૦-૯-૨૦૧૬**
**શ્રદ્ધેય પૂજ્ય બાબુ 'યુગલ'જી,**
**કોટાની પ્રથમ પુણ્યસ્મૃતિ પર.**

**મૂલ્ય : ચૈતન્યનું સ્મરણ....**


ચૈતન્ય કા સ્મરણ પ્રતિક્ષણ હી કરો રે !
ભવ કે અનંત દુઃખ કો પલ મેં હરો રે !!
અક્ષય અનંત નિજ સૌખ્ય નિધાન પાઓ,
ગાઓ અરે! નિત ઈસી કે ગીત ગાઓ!!
'યુગલ'

આ પ્રકાશન શ્રીમતી સુશીલાબેન નવીનભાઈ તેજાની પરિવાર, હાલ મુ. યુ.એસ.એ. તરફથી સ્વાધ્યાય હેતુ ભેટ આપવામાં આવે છે.


**ટાઈપસેટીંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો.૯૭૨૫૨૫૧૧૩૧**

**પ્રાપ્તિસ્થાન :**
**આચાર્ય કુંદકુંદ ફાઉન્ડેશન**
**C/o. ૮૫, ચૈતન્ય વિહાર**
**આર્ય સમાજની ગલી, રામપુરા,**
**કોટા (રાજસ્થાન-૩૨૪૦૦૬)**

# પ્રકાશકીય

લોકરંજનની સસ્તી પ્રવૃત્તિથી દૂર લોક માંગલ્યના ઉદાત્ ધરાતલ ઉપર પ્રતિષ્ઠિત બાબુ જુગલકિશોરજી 'યુગલ' એક પ્રખર પ્રજ્ઞાપુરુષ છે. વર્તમાન વિશાળ મુમુક્ષુ સમુદાયના હૃદયમાં સ્થિત, મધુરવાણી અને તાત્ત્વિકજ્ઞાનથી સુસજ્જિત, સુપ્રસિદ્ધ, શ્રેષ્ઠ પ્રવચનકાર તો છે જ, સાથે તેમની લેખની પણ સમૃદ્ધ છે, જેથી કરી ઘણા ગહન તાત્વિક લેખ, પૂજા તથા કવિતાઓની રચના કરવામાં આવી છે. ભક્તિરસથી યુક્ત તમારા દ્વારા રચિત 'દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજન' અને 'સિદ્ધ પૂજન' સર્વ શ્રેષ્ઠ હોવાની સાથે આ યુગમાં હિન્દી સાહિત્યની અનુપમ કૃતિ છે.

'ચૈતન્યની ચહલ પહલ'ની આ સંકલન જૈનદર્શનના સર્વાંગ સ્વરૂપનો એક સંક્ષિપ્ત નિચોડ છે. 'સમ્યગ્દર્શન અને જ્ઞાનસ્વભાવ' લેખ દેશ-વિદેશમાં ખૂબ જ રોચકતાથી અને તન્મયતાથી વાંચવામાં આવી રહ્યા છે. યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવના મંગલ સાનિધ્યમાં પણ આનું વાંચન તથા ચર્ચા વિસ્તારથી થઈ હતી. તેથી અમને ગર્વ છે કે આ લેખ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રમાણિકતાને પ્રાપ્ત છે. સમ્યગ્દર્શન પહેલા આત્મચિંતનની મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં પદાર્પણ કરવા અર્થે અને નિજ ધ્રુવ જ્ઞાયક તત્ત્વની શાશ્વત અનુભૂતિ કરાવવામાં આ દષ્ટિની ચહલ પહલ અત્યંત ઉપયોગી સિદ્ધ થશે.

પૂજનીય બાબુજીની પ્રથમ પુણ્યતિથિ પર તેમની સાહિત્યનીધિને



પ્રકાશિત કરતા આચાર્ય કુંદકુંદ ફાઉન્ડેશન, કોટા ગૌરવાન્વિત અનુભવ કરે છે. તત્ત્વરસિક ગુજરાતી મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉગ્ર ભાવનાને ધ્યાનમાં લેતા આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ તત્ત્વ પ્રેમી શ્રીમતિ હસુમતીબહેન, મુંબઈ અને શ્રી જીતુભાઈ મોદી, સોનગઢે ભાવ તથા ભાષાની ગંભીરતાની સાથે જેમ છે તેમ કર્યો છે. સંપાદન બ્ર. નીલિમા જૈને કરેલ છે. તેથી આ પ્રશસ્ત કાર્યમાં સૌના યોગદાન માટે અમે હૃદયથી આભારી છીએ.

ચૈતન્યની સુખાનુભૂતિના પીપાસુ આ ગહન અને સ્પષ્ટ તાત્ત્વિક ચિંતનને આત્મસાત કરી પોતાના અનાદિ અલબ્ધ અને વિસ્મૃત દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરે - એવી ભાવના સાથે આ ગુજરાતી સંસ્કરણ પાઠકોને સમર્પિત છે.

**આચાર્ય કુંદ-કુંદ ફાઉન્ડેશન,**
**કોટા**

# સંપાદકીય

જૈન જગતની 'આંખોના તારા' વિદ્વત મંડળનો ચમકતો સિતારો, પ્રકૃતિ પ્રદત્ પ્રતિભાના ધણી, પરમ શ્રદ્ધેય પૂજ્ય 'બાબુજી યુગલજી'ના ઉજ્જ્વળ ખીલેલ વ્યક્તિત્વથી સંપૂર્ણ જન-મન પરિચિત છે. આર્હત્ દર્શનમાં જે ચિરંતન સત્યનું ઉદ્‌ઘાટન થયું છે, તેમાં કુશળ ડૂબકી લગાવનારની જેમ તમે તેના અતુલ ઊંડાણમાંથી જે જિનમણીઓને ભેગા કર્યા. તેનું ગહનતમ પ્રતિપાદન 'ચૈતન્યની ચહલ પહલ'માં આવ્યું છે.

આ સંકલનના પ્રથમ લેખમાં આપના ઉદ્‌ગાર આ પ્રકારે વ્યક્ત થયા છે - 'તત્ત્વજ્ઞાન ગર્વથી ઉન્મત થયેલ ભોગમય બાલ્ય જીવનને ખુલ્લો પડકાર છે. પાપોદયનો આતંક હોય અથવા પુણ્યોદયની ઈન્દ્રધનુષી છટાઓ જ્ઞાનની સત્તાને સ્પર્શ નથી કરતી.'

તાત્વિક લેખ શ્રૃંખલામાં આપને જૈન તત્ત્વના ગૂઢતમ વિષયને સુંદર ભાષા, પ્રશ્નોત્તર શૈલી તથા સંક્ષિપ્ત દૃષ્ટાંત દ્વારા સરળ તથા મનોહરરૂપ આપીને પ્રસ્તુત કર્યું છે. પ્રત્યેક સ્થળે ધ્રુવની ધરા પર ફરતી આપની ચિંતન પર્યાયની મંત્રમુગ્ધાઓને ક્ષણભર માટે વિલિન કરી સ્વતરફ ખેંચી લાવે છે.

આ કૃતિમાં એક નવીન લેખ સમ્યગ્દર્શન અને તેનો વિષય (પ્રથમ)



પ્રકાશિત કરીએ છીએ. આ પહેલાં ઈ.સ. ૧૯૬૦માં પ્રકાશિત થયો હતો. ત્યારે એક પ્રસંગ બન્યો. આ લેખ આદરણીય સોગાનીજીના હાથમાં આવ્યો તો તેમણે આને વાંચ્યો અને પોતાના સાધર્મીઓને કહ્યું - 'આને વાંચો, આ છે સમ્યગ્દર્શનનો વિષય'. આ વાક્ય અંતર્ગત અનેક સુંદર બિંદુઓ ઉભરાઈને બહાર આવ્યા છે. - 'દૃષ્ટિ સમ્યક્ થતાં જ જ્ઞાનમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. અને દૃષ્ટિના સમ્યક્ત્વના અભાવમાં જ્ઞાન ઉપાદેય તત્ત્વને જાહેર તો કરે છે પણ જ્ઞાનમાં તે તે શુદ્ધ તત્ત્વની પ્રસિદ્ધિ થતી નથી.' 'ધ્રુવ તત્ત્વ જ બધી શુદ્ધ પર્યાયોનો ઉપાસ્ય દેવતા છે.' આપના પ્રખર અને નિર્મળ ચિંતનના આ બોધિકણ વ્યવહાર શ્રદ્ધા અને સમ્યગ્દર્શન સંબંધિ ભ્રાંતિઓને સમાપ્ત કરવામાં સત્ય સમાધાન સ્વરૂપ છે.

તદુપરાંત જીવનપથ પ્રદાતા પૂજ્ય ગુરુદેવશ્રીના વખતમાં લખાયેલ લેખ 'સમ્યગ્દર્શનનો વિષય' દૃષ્ટિને ધ્રુવની દુનિયામાં પહોંચાડી દે છે. ઈ.સ.૧૯૭૭માં આ લેખ આગમપથમાં પ્રકાશિત થયો હતો ત્યારે આ વિષય પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ વાંચવામાં આવ્યો તો ત્યાંના અનેક શ્રોતાઓના ચિત્તમાં આશંકાઓ થવી સ્વભાવિક હતી. ત્યારે સમાધાનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના મુખારવિંદમાંથી નીકળ્યું 'બધું સત્ય છે. કાંઈ ખોટું નથી. દૃષ્ટિનું બળ એમ જ હોય.'

આ લેખમાળાના કેટલાક અંશ - 'પૂજ્ય ગુરુદેવશ્રી પહેલાં આધ્યાત્મિક ચિંતનનો રિવાજ તો હતો પરંતુ ચિંતનમાં અધ્યાત્મ નહોતું.' 'સમ્યગ્દર્શનના ઘરમાં સમ્યગ્દર્શનને પોતાને રહેવા માટે કોઈ જગ્યા નથી, તેણે પોતાનો ખૂણે ખૂણો ધ્રુવ માટે ખાલી કરી દીધો છે.' 'શ્રદ્ધાની અનંત શૂન્યતામાં જ ધ્રુવની મંગલમય વસ્તી વસે છે. અહંમય ધ્રુવ

શ્રદ્ધાનું શ્રદ્ધેય થતું નથી. શ્રદ્ધાનું શ્રદ્ધેય પૂર્ણ અને સર્વોપરી હોય છે.'

આ જ સંકલનના જ્ઞાનસ્વભાવ લેખમાં જ્ઞાનની સ્વપરપ્રકાશકતા, જ્ઞાનની જાણનકળાનું આગમ આધારિત સુયુક્તિપૂર્ણ વિવેચન છે, જેને વાંચવાથી ભ્રામક દૃષ્ટિનો અંત થઈને સ્પષ્ટ દૃષ્ટિ મળે છે.

સ્વચ્છ જ્ઞાનના વલોણાથી વલોવાયેલી સ્વસ્થ ચિંતનધારા અને ન્યૂન લેખનીનો આ લઘુકાય અંશ છે. પરંતુ હૃદય દીર્ઘ છે. જેમ ગંગા જ્યાંથી નીકળે છે ત્યાંનો પટ બહુ નાનો અને જ્યાં જઈને મળે છે તે ખૂબ જ વિશાળ હોય છે. તેવી જ રીતે ચૈતન્યની ગંગોત્રીમાંથી નીકળેલી મુક્તિ તરફ વહેતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ ધારાનો પટ ભલે નાનો હોય પરંતુ લોકશિખર ઉપર સ્થિત સિદ્ધોના કેવળજ્ઞાનમાં જઈને તે દ્વાર ખુલી ગયા તે ખુલી ગયા...

આ પ્રશસ્ત કાર્યનો અવસર મળ્યો તે મારું સૌભાગ્ય છે. મારા જેવા અજ્ઞથી કોઈ ત્રુટી રહી ગઈ હોય તો માર્ગદર્શન અપેક્ષિત છે.

આ ત્રિવેણી લેખતંતુ પાઠકોના મુરઝાયેલા અને ખંડિત ચિંતનને શુદ્ધ કરી પ્રાણવાન બનાવી નવી તાજગી આપશે, જેનાથી સમસ્ત પ્રાણી મુક્તિના ઉજ્જ્વળ પથને પ્રશસ્ત કરતા રહેશે.

**– બ્ર. નીલિમા જૈન, કોટા**



# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. તત્ત્વજ્ઞાન : એક અનોખી જીવનકળા | ૧–૮ |
| ૨. સમ્યગ્દર્શન અને તેનો વિષય (પ્રથમ) | ૯ |
| જ્ઞાનમાં હેય-ઉપાદેય પ્રવૃત્તિ | ૧૦ |
| વ્યવહાર-શ્રદ્ધા અથવા વ્યવહાર-સમ્યગ્દર્શન | ૧૧ |
| શ્રદ્ધાગુણની કાર્ય પ્રણાલી | ૧૩ |
| દૃષ્ટિનો વિષય | ૧૫ |
| ૩. સમ્યગ્દર્શનનો વિષય (દ્વિતિય) | ૨૦ |
| (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તેમનું જીવન દર્શન) | |
| વસ્તુ-તત્ત્વદર્શન | ૨૩ |
| જીવનનું અનાદિ અજ્ઞાનનું કારણ તથા નિવારણ | ૨૫ |
| આત્મપદાર્થની અનેકાન્તિક દૃષ્ટિ | ૨૮ |
| ગુણ-પર્યાયનું અહં પણ મિથ્યાદર્શન | ૩૦ |
| જ્ઞાનનું અનેકાન્ત તથા દૃષ્ટિનું એકાન્ત સ્વરૂપ | ૩૨ |
| જ્વલંતત પ્રશ્નનું સરળ સમાધાન | |
| શું છે પર્યાયનું હેયત્વ ? | ૩૫ |
| સમ્યક્ શ્રદ્ધાનું શ્રદ્ધેય પૂર્ણ જ હોય છે | ૩૭ |
| સમ્યક્ ચારિત્રનું સૌંદર્ય | ૪૩ |
| ૪. જ્ઞાનસ્વભાવ – સમ્યગ્જ્ઞાન | ૪૮ |
| સ્વ-પર પ્રકાશક સ્વભાવ | |
| ● શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજન | ૬૨ |
| ● સિદ્ધ પૂજન | ૬૭ |
| ● નીરવ નિર્ઝર | ૭૨ |
| ● અમૂલ્ય તત્ત્વ વિચાર | ૭૬ |

ॐ

શ્રી સિદ્ધેભ્યો નમઃ

શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુવે નમઃ

# તત્ત્વજ્ઞાન : એક અનોખી જીવનકળા

## Taattva Jnan : An unique art of living

સર્વ વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યાનું સ્થાન સર્વોપરિ છે, કેમ કે અધ્યાત્મવિદ્યા સિવાય અન્ય કોઈ પણ લોકવિદ્યાની પાસે આત્માના સ્થાયી સુખની ગેરંટી નથી. લોકવિદ્યાથી પ્રાપ્ત સમસ્ત સાધન-સામગ્રીઓ આત્માની સીમાથી બહાર હોવાથી આત્માને તેઓનો ઉપભોગ થતો જ નથી. તેથી તેમની પાસે આત્મશાંતિનો કોઈ ઉપાય નથી. આત્મશાંતિ અધ્યાત્મવિદ્યાનો સર્વાધિકાર સુરક્ષિત અધિકાર છે અને તે અધ્યાત્મવિદ્યાની સાધનાનો પ્રારંભ તત્ત્વજ્ઞાનથી થાય છે.

**તત્ત્વજ્ઞાન સર્વ સમસ્યાઓના સમાધાનની એક અદ્‌ભુત જીવનકળા છે, તે જ જીવનનું સર્વપ્રથમ કર્મ અને સર્વપ્રથમ ધર્મ છે.** તેના વગર જીવન અસીમ વૈભવની વચ્ચે પણ દરિદ્રી અને અશાંત છે અને તેનાં પ્રાદુર્ભાવમાં સર્વ દુન્યવી વૈભવ વગર પણ તે એકલો જ પરમેશ્વર છે.

તત્ત્વજ્ઞાન વસ્તુ-દર્શનની એક અલૌકિક પદ્ધતિ છે. તે લોક-



કથિત વસ્તુ-વિધાનોનો વિશ્વાસ કરતો નથી. પદાર્થોમાં પારસ્પરિક સંબંધોની લોકરૂઢ કથાઓ તત્ત્વજ્ઞાનને સમ્મત નથી. તેથી તે લોકવાર્તાને અસત્ય જાહેર કરે છે કે જ્યાં બે પદાર્થોમાં કિંચિત્ પણ સંબંધ લાગુ કરવામાં આવ્યો હોય. વસ્તુની સાથે સંયોગે દેખાતાં દીર્ઘકાય સંયોગો સુધી સીમિત ન રહેતાં તે વસ્તુની ઓથ લે છે. તેનો અનુસંધાન અતિ સૂક્ષ્મ તથા ગંભીર છે. **તે એવો મરજીવો છે જે સાગરની ઊંડાઈને ત્યાં સુધી વેધતો જાય છે જ્યાં સુધી પાતાળી ખજાનામાંથી મોતી ઉપલબ્ધ ન થાય.**

**તત્ત્વજ્ઞાનનું સંપૂર્ણ વિધાન આત્મા માટે છે. વસ્તુતઃ તે આત્માની જ પરિશુદ્ધ બોધાવસ્થા છે, તે આત્માના અનંત કષ્ટોનાં કારણોનું નિદાન કરી જીવનનાં શાંતિ-નિકેતનનું ઉદ્‌ઘાટન કરે છે.** તે કહે છે કે આત્મા સદા જ અવિનાશી, અનંત શાંતિનું નિધાન, પરમ વીતરાગ, સર્વથી ન્યારો, અનંત શક્તિપુંજ એક સંપૂર્ણ ચૈતન્યસત્તા છે. અનંત મહિમાવંત વસ્તુ હોવા છતાં પણ આત્માને સદાથી જ સ્વયંના ગૌરવની પ્રતીતિ તથા બોધ નથી કેમકે અનાદિથી જ તે દેહ અને દેહસંબંધી અગણિત જડ સ્કંધોમાં પોતાની પ્રાણપ્રતિષ્ઠા કરી રહ્યો છે. વસ્તુવ્યવસ્થાના આલોકમાં જ્યારે આત્માની આ પ્રવૃત્તિની મીમાંસા કરવામાં આવે છે તો તે અપરાધિની સિદ્ધ થાય છે; કેમ કે કણ-કણની સ્વાધીનતામાં વ્યવસ્થિત વિશ્વને આ બહુ મોટી ચેલેંજ છે. કુદરતની સત્તાઓને પોતાના તંત્રમાં લઈ હડપ કરી જવાનો આ સઘળોય મહાન અપરાધ છે, તેથી દંડનીય છે. પરંતુ પોતાના એ પ્રયાસમાં આત્મા ક્યારેય પણ કૃત-કાર્ય નથી થતો, કેમ કે પર સત્તાઓમાં તેના હસ્તક્ષેપનું ચલણ ક્યારેય પણ સંભવતું નથી તેથી લાચારીની

મુંઝવણમાં તરફડતો જ રહે છે.

આત્માની અનંત કષ્ટાવલિઓનાં સંબંધમાં તત્ત્વજ્ઞાનનું આ ત્રૈકાલિક નિદાન છે અને તત્ત્વજ્ઞાન એનાં સાર્વભૌમિક અને સાર્વકાલિક પરિહારનો માર્ગ પણ નિર્દિષ્ટ કરે છે. તે કહે છે કે સુખ અને શાંતિ આત્માનું સ્વરૂપ જ છે. તેથી કોઈ અન્ય પદાર્થ તથા ઈન્દ્રિયભોગોને તેનું સાધન માની સંગ્રહની ચેષ્ટા કરવી મૂર્ખતાપૂર્ણ અપરાધ છે. આ વિશ્વાસનાં કારણે આત્મવૃત્તિ એક અનાચારી પુરુષની જેમ સદૈવ પરસત્તાઓમાં પરિભ્રમણશીલ રહે છે. તેથી પોતાની ચૈતન્યવાટિકાની મહિમામાં અવિરામ ચિંતન દ્વારા ભ્રમણશીલ ચૈતન્યવૃત્તિઓને આત્મસ્થ કરીને સ્વરૂપસૌંદર્યનું સંવેદન કરવું જ મુક્તિનો એક માર્ગ છે, બીજો નહીં.

તત્ત્વદષ્ટાને દેહ અને તે સંબંધી અગણિત ઈન્દ્રિય વિષયોનું સાન્નિધ્ય પણ રહે છે. તેમનું ક્યારેક મનોવાંછિત પરિણમન પણ થાય છે અને ક્યારેક પરમ પ્રતિકૂળ પણ. પરંતુ પરત્વ બોધના બળથી તે આ સર્વ પરિસ્થિતિઓમાં અપ્રભાવિત રહી લે છે.

આ પ્રકારે અજ્ઞાનના નિમિત્તથી આત્માની સાથે રહેલા કર્મ-બંધ પ્રત્યે પણ તત્ત્વજ્ઞ અત્યન્ત મધ્યસ્થ થઈ જાય છે, કેમ કે જેમ એક સમજદાર અપરાધી આ તથ્યને નિઃશંક ભાવથી જાણે છે કે તેનાં બંધન તેના પૂર્વકૃત અપરાધોના પ્રતિફળ માત્ર છે પરંતુ અપરાધોના કારણે નથી, તેવી રીતે **તત્ત્વજ્ઞાનની આ અત્યંત નિઃશંક અને સ્પષ્ટ માન્યતા છે કે કર્મબંધનોનું જીવની અશુદ્ધતમ સંસારદશા અને શુદ્ધતમ મોક્ષદશા પ્રત્યે કિંચિત્ પણ કર્તૃત્વ નથી.**



**તત્ત્વજ્ઞાન તત્ત્વ-દર્શીની પ્રયોગશાળા છે. તે આત્માને સંયુક્ત વિજાતીય પટલોનાં એક્સ-રેનાં કિરણોની જેમ, ત્યાં સુધી ભેદતો જાય છે જ્યાં સુધી એને આનંદ-નિધાન ચૈતન્યના દર્શન નથી થતાં.** કાયા અને કર્મની માયામાં તો ચરણ અટકતાં જ નથી, કેમ કે એમાં તો એને ચૈતન્યનો આભાસ પણ નથી થતો; પરંતુ રાગ-દ્વેષ તથા પુણ્ય-પાપ જેવી આત્મવૃત્તિઓમાં પણ તેને ચૈતન્યનું ચિહ્ન નથી મળતું, કેમ કે પરનાં પ્રતિ આકર્ષણશીલ હોવાથી તે અત્યંત વિકૃત છે, તેથી ઉપાદેય નથી. જેમ મેલેરિયાના મચ્છરનાં સંયોગમાં ઉત્પન્ન મેલેરિયાતાવ શરીરની પર્યાય હોવા છતાં પણ શરીરનું સ્વરૂપ નથી તેવી રીતે કર્મના ઉદયની દશામાં ઉત્પન્ન પુણ્ય-પાપની અવસ્થા આત્માની પર્યાય હોવા છતાં પણ આત્માનું સ્વરૂપ-સૌંદર્ય નથી. અને જેવી રીતે જેની શક્તિ પ્રબળ છે તેને મેલેરિયા મચ્છરનો યોગ તાવનું નિમિત્ત ન થાય, એવી રીતે જેને પોતાની ચૈતન્યસત્તાનું સુદૃઢ અવલંબન છે તેને કર્મોદય વિકારનું નિમિત્ત થતું નથી, પરંતુ માત્ર જ્ઞેય કોટિમાં રહે છે. **આ તત્ત્વજ્ઞાનનું સૂક્ષ્મ અનુસંધાન છે. તેનું મંતવ્ય-આશય એ છે કે ભિન્ન લક્ષણવાળા અનેક ભાવો એકસાથે તો રહી શકે છે પરંતુ ક્યારેય પણ એક નથી થઈ જતા.** દહીંના દીર્ઘ સમુદાયમાં દહીંના કણ-કણની સાથે માખણ દહીંથી ભિન્ન વિદ્યમાન રહે છે અને વૃંદાવનની ગ્વાલણ પણ દહીંથી માખણને અલગ કાઢવા પહેલાં જ તેની પૂરેપૂરી પ્રતીતિમાં પ્રવર્તમાન છે. પરંતુ જેમ એક બાળકને દહીં અને માખણમાં ભેદનું પરિજ્ઞાન નથી થતું તે પ્રકારે અજ્ઞાનીને પણ આત્મા અને પુણ્ય-પાપના અંતરનો બોધ ન હોવાથી ક્યારેક

પાપ અને ક્યારેક પુણ્યની ઉપાસના કરતો રહે છે, પરંતુ તત્ત્વવેદી પાપ-પુણ્યનાં વિકાર-પુંજમાં પણ વિકારથી અત્યંત ભિન્ન ચૈતન્યની અવિરત પ્રતીતિમાં ગતિમાન રહે છે.

**તત્ત્વજ્ઞાનની શોધ અહીંયાં વિરામ નથી લેતી પરંતુ પુણ્ય-પાપના આવરણોને આગળ ભેદીને ચૈતન્યની ખોજમાં વધુ ઊંડાણમાં ઊતરે છે અને તેને ચૈતન્ય-જગતમાં જ ક્ષણિકાઓનું એક અત્યંત સુંદર સ્થળ દેખાઈ આવે છે જે અત્યંત સુંદર હોવા છતાં પણ તેને એટલે રમણીય નથી લાગતો કે સાગરનાં તરંગની જેમ તે સદા ઉપલબ્ધ રહી શકવા યોગ્ય નથી અને સાગર તો સદા ઉપલબ્ધ છે.** તેથી ક્ષણિકાનું મમત્વ પણ એક મધુર ઉન્માદ છે કે જેમાંથી નિરંતર અસ્થિરતાનો જ સ્રાવ હોય છે.

**ત્યારબાદ ચૈતન્યનો કબાટ (ખજાનો) ખુલે છે અને તત્ત્વજ્ઞાનને તેના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં અનંત શક્તિઓનો મંગલલોક દેખાઈ આવે છે કે જેમાં ચિત્ર-વિચિત્ર પુષ્પોની વાટિકા ખીલી હોય. પરંતુ તત્ત્વજ્ઞાન અહીં ખૂબ જ સૂક્ષ્મ અને ગંભીર થઈ જાય છે, કેમ કે ચૈતન્યની અનુભૂતિનું આ અંતિમ વ્યવધાન છે.** તે જુએ છે કે અનંતના દર્શનમાં પણ અનુભૂતિની ચંચળતા સમાપ્ત નથી થતી પરંતુ અનંત શક્તિની આ ભેદવૃત્તિમાં પણ સોહામણા મંદ-મંદ વિકલ્પો જ ઉત્પન્ન થાય છે જેનો ભેદ સજગ પ્રજ્ઞને જ પ્રતિભાસિત થાય છે. તેથી આ શક્તિ-સંમોહનથી પણ અપરાજિત તથા અતૃપ્ત તત્ત્વજ્ઞાન પોતાના પુરુષાર્થના અંતિમ ચરણમાં તોફાની ત્વરાથી પરિણમિત થાય છે અને તેને



અત્યંત નિષ્કંપ ધ્રુવ-ચૈતન્યનો તે દિવ્યલોક દેખાઈ આવે છે જ્યાં અનંતી શક્તિઓ એકત્વમાં એકરૂપ છે. અહીં સર્વ વિકલ્પોને વિસર્જિત કરીને અનુભૂતિ એવી સમાવિષ્ટ થઈ જાય છે કે દ્વૈત જ ભાસતું નથી. **શુદ્ધ ચૈતન્યની આ આનંદ-વેદના જ અર્હત્-દર્શનનો પ્રસિદ્ધ બ્રહ્માનંદ છે.**

તત્ત્વજ્ઞાન જીવન તથા જગતની એક સર્વાંગ મીમાંસા છે. જીવનની એક પણ સમસ્યા એવી નથી જેનું સમાધાન તેની પાસે ન હોય. જોકે અક્ષય ચૈતન્ય જ તેનો એક માત્ર અહં છે અને તે નિરંતર ત્યાં જ સ્થાયી રહે છે છતાં પણ દ્વૈત પ્રત્યે ગતિમાન પોતાના પર્યાય-દોષોનો તે જાગૃત ચોકીદાર છે. ચારિત્રિક દૌર્બલ્યથી પ્રવર્તમાન કોઈ દોષ તેનાથી ઉપેક્ષિત નથી. સાથે જ તે નિરંતર દોષોથી ખિન્ન તથા વિહવળ પણ નથી, તો સતત તેનો ચિંતનશીલ પણ નથી, કેમ કે સર્વ દોષના નિઃશેષની અદ્‌ભુત કળા તેના ખ્યાલમાં છે. તે જાણે છે કે સતત દોષનો વિચાર તથા નિરંતર દોષોનો ભય દોષ-મુક્તિનો કોઈ ઉપાય નથી. તેનો અત્યંત સ્પષ્ટ નિર્ણય છે કે આત્મામાં સર્વ દોષોનો જન્મ એક માત્ર સ્વરૂપ સ્ખલનથી જ થાય છે. તેથી સ્વરૂપસ્થિરતા જ નિર્દોષ નિર્વાણનું એક માત્ર સાધન છે.

પર્યાયમાં વ્યાપ્ત દોષ-સમુદાયની સાથે તત્ત્વજ્ઞાનને જીવનનો એક તે પડખું પણ દેખાઈ આવે છે જ્યાં નિરંતર યોગ-વિયોગ વર્ત્યા કરે છે. પાપોદયની ભીંસ હો અથવા પુણ્યોદયની ઈન્દ્રધનુષી છટાઓ હો, તત્ત્વજ્ઞાન આ રહસ્યને ઝીણવટપૂર્વક જાણે છે કે આ બધા તેની સત્તાને સ્પર્શ જ નથી કરતા. **તેથી પાપોદયની ભીષણ**

**હેરાનગતિ અથવા પુણ્યોદયનો મધુર ઉન્માદ તેની પ્રજ્ઞાને ક્યારેય આચ્છાદિત કરતા જ નથી.** જ્યારે અજ્ઞાની પાપ તથા પુણ્યનો ગુલામ થઈને ફૂટબોલની જેમ દુર્દશાઓનાં ચક્રથી ક્યારેય મુક્ત નથી થતો ત્યારે ચૈતન્યજીવી તત્ત્વદષ્ટા એની દરેક પરિસ્થિતિમાં સંતુલિત તથા સમવસ્થ રહે છે.

તત્ત્વજ્ઞાન ગર્વોન્મત ભોગમય જીવનના મૃતક સ્વરૂપને ખુલ્લી ચેલેંજ છે. ચૈતન્યનાં અસ્તિત્વમાં સંદેહ કરી જે માટીનાં ભોગોને જ જીવનનું સ્વરૂપ માને છે, દેહ તથા ભોગની વિયોગ-ચેતનાથી, ભઠ્ઠીમાં પડેલા કીડાની જેમ, જે નિરંતર અતિશય વેદનાથી તરફડે છે તેને તત્ત્વજ્ઞાનનો સંદેશ છે કે સમસ્ત ભોગ-સંગ્રહ તથા સંગ્રહનો ભાવ બરાબર એવી જ મિથ્યા કલ્પનાઓ છે કે જેમ એક બાળક મધુર વિષ પીતો થકો હસી રહ્યો હોય.

**સમગ્ર સંયોગ-વિયોગની સંતતિઓનાં સંબંધમાં તત્ત્વજ્ઞાનનો સુનિશ્ચિત અભિમત છે કે તે ક્યારેય પણ આત્માના પુરુષાર્થથી નિષ્પન્ન થતાં નથી. તે બધા દૈવસાધ્ય છે જેને દૃષ્ટિશૂન્ય અજ્ઞાની પોતાનું સંપાદન માને છે,** તેથી તેનું સંપૂર્ણ જીવન સંયોગોની સુરક્ષામાં નષ્ટ થઈ જાય છે; જ્યારે તત્ત્વજ્ઞાન તેની સીમામાં પોતાની વ્યવસ્થાનું ભયંકર પાપ નથી કરતો તેથી હળવો ફૂલ સમરસી જીવન જીવે છે.

**તત્ત્વજ્ઞાન કષાયના શિખરો પર ઉલ્કાની જેમ પડે છે.** તેનો ઉદય થતાં જ વિભિન્ન પાપાચારોના તે રૂપ કે જે યુગની સાથે બદલાયા કરે છે, જેનાથી વ્યક્તિના ચરમ પતનની વ્યાપક



ચેતના પણ અભિશપ્ત તથા આહત થાય છે, તે તત્ત્વજ્ઞાનના ઉદયથી પ્રયત્નો વગર જ અનાયાસ સમાપ્ત થાય છે. હત્યાઓ, લૂંટફાટ, કાળાબજાર તથા રિશ્વત જેવા રાષ્ટ્રીય પાપ તથા દહેજ જેવી સામાજિક કુરીતિઓ જે ચિકિત્સાની સાથે વધતી જ જાય છે, તત્ત્વજ્ઞાનના ઉદયની પૂર્વે જ નિઃશેષ થઈ જાય છે કેમ કે **વિશુદ્ધ માનસ-ભૂમિમાં જ તત્ત્વજ્ઞાનનો જન્મ થાય છે. આમ, પાપનાં અસંખ્ય રૂપોનો પ્રહારક તત્ત્વજ્ઞાન જ લોકશાંતિનો સુનિશ્ચિત વિધાતા છે.**

આ રીતે ખરેખર તત્ત્વજ્ઞાન ચરમ પતનથી ચરમ ઉત્કર્ષ સુધી લઈ જવાવાળું જીવનનું ખુલ્લું પુસ્તક છે.

## સમ્યગ્દર્શન અને તેનો વિષય (પ્રથમ)
**Right belief and its subject (I)**

**દર્શન શબ્દ વિવિધ મત-મતાંતર, ચાક્ષુષ-જ્ઞાન, સામાન્ય અવલોકન તથા શ્રદ્ધા આદિ અનેક અર્થોમાં વપરાય છે. સમ્યગ્દર્શનનાં પ્રકરણમાં દર્શન શ્રદ્ધાનાં અર્થમાં ગ્રાહ્ય થાય છે. શ્રદ્ધા, વિશ્વાસ, દૃષ્ટિ, પ્રતીતિ, રુચિ આદિ શબ્દ 'દર્શન'ના પર્યાયન્તર છે. શ્રદ્ધા આત્માની એક શક્તિ છે. તેની પર્યાયનો વિષય ધ્રુવ સ્વતત્ત્વ છે.**

સમ્યગ્દર્શનશ્રદ્ધા શક્તિની નિર્મળ નિર્વિકાર દશા છે. સાચી દૃષ્ટિ શ્રદ્ધાવાનનું સાચું અવલોકન કરે છે અને તેમાંથી પોતાના ઉપાદેય તત્ત્વને શોધી તેનો આશ્રય કરે છે. એનાથી વિપરીત જૂઠી દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ સ્વથી સર્વથા ભિન્ન વિશ્વનાં પદાર્થોની સાથે એકત્વ અથવા કારણ-કાર્ય ભાવની સ્થાપના કરે છે. સમ્યગ્દર્શન અથવા સાચી દૃષ્ટિનો અર્થ એ નથી કે પોતાનાથી ભિન્ન શરીરાદિ પર પદાર્થોને પર કહી દેવામાં આવે, ચેતનને ચેતન અથવા જડ ને જડ કહેવામાં આવે અને પોતાના અબદ્ધ અસ્પૃષ્ટ અક્ષય સ્વભાવનું ચિંતન કરી લેવામાં આવે; પરંતુ સ્વ-પરની વચ્ચે જે મૌલિક ભેદ વિદ્યમાન છે એની સર્વાંગીણ સ્વીકૃતિ પૂર્વક સ્વતત્ત્વની નિર્વિકલ્પ અનુભૂતિમાં



સમ્યગ્દર્શનનો જન્મ થાય છે.

## જ્ઞાનમાં હેય-ઉપાદેય પ્રવૃત્તિ
**Forsaking Adopting tendency of knowledge**

યદ્યપિ સાચી શ્રદ્ધાથી પૂર્વે પ્રવર્તિત થવાવાળું જ્ઞાન પણ સ્વપરના ભિન્નત્વનું પ્રતિપાદન કરે છે પરંતુ દેહાદિથી ભિન્ન ઉપાદેય નિજશુદ્ધ જીવત્વ જો અનુભૂતિમાં ન આવે તો જ્ઞાન દ્વારા ભિન્નપણાનો પ્રતિપાદનનું કોઈ મૂલ્ય નથી. **તેથી દૃષ્ટિ સમ્યક્ થવાથી જ જ્ઞાનમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે અને દૃષ્ટિનાં સમ્યક્ત્વનાં અભાવમાં જ્ઞાન ઉપાદેય તત્ત્વનું વિજ્ઞાપન તો કરે છે પરંતુ જ્ઞાનમાં તે શુદ્ધત્વની પ્રસિદ્ધિ નથી થઈ શકતી. તેથી અનુભૂતિશૂન્ય તે જ્ઞાનને મિથ્યાજ્ઞાનની સંજ્ઞાથી ઓળખાવવામાં આવે છે.** પછી તે જ્ઞાન લોકદૃષ્ટિથી અનેરું હોવાના કારણે ભલે આદરણીય હોય, પરંતુ પ્રયોજનભૂત શુદ્ધ સ્વતત્ત્વ અને રાગાદિ વિકાર તથા દેહાદિ જડ તત્ત્વોમાં ગ્રંથિભેદ કરવામાં અસમર્થ હોવાથી પરને જ સ્વસ્થાનમાં સેવતો પોતાના યોગ્ય ફળ અર્થાત્ નિરાકુળ સુખનું ઉત્પાદન નથી કરતો આમ, શ્રદ્ધાની સત્યતાની સાથે જ જ્ઞાનમાં સત્યતા ઉત્પન્ન થાય છે.

શ્રદ્ધા અને જ્ઞાનશક્તિનાં કાર્યોમાં તેના પોતપોતાના લક્ષણોથી ભિન્ન ઓળખાણ ન હોવાથી જ્ઞાનના ''હું શુદ્ધ અને નિર્વિકાર છું'' વગેરે વિકલ્પોને જ પ્રાયઃ સમ્યગ્દર્શન માનવાની ભૂલ કરે છે, પરંતુ **''હું શુદ્ધ જ્ઞાન તત્ત્વ છું'' આ વિકલ્પની પુનરાવૃત્તિને ખરેખર સમ્યગ્દર્શન કહેતા જ નથી. પરંતુ શુદ્ધ જ્ઞાયક તત્ત્વની અખંડ**

**ધારાવાહિક નિર્વિકલ્પ પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે. વિકલ્પોમાં જ્ઞાયક તત્ત્વના વિચાર તો છે, પરંતુ તત્ત્વનો સ્પર્શ નથી.** જો ''હું શુદ્ધ જ્ઞાયક તત્ત્વ છું'' જ્ઞાનના આ એક જ વિકલ્પને સમ્યગ્દર્શન માની લેવામાં આવે તો જ્ઞાન સદા આ વિકલ્પમાં તો રહેતું નથી એટલે જે સમયે જ્ઞાન આત્મા સિવાયના અન્ય પદાર્થોને વિષય કરશે તે સમયે સમ્યગ્દર્શનનો અભાવ સ્વીકાર કરવો પડશે; પરંતુ એમ નથી. જ્ઞાન જે સમયે પર-તત્ત્વને વિષય કરી રહ્યો હોય, તે સમયે પણ શ્રદ્ધાનો સદ્ભાવ રહે છે. જેમ કોઈ વ્યક્તિને નિદ્રામાં પોતાના નામ તથા જાતિ જ્ઞાનનો વિષય ન રહેવા છતાં પણ તેની અખંડ પ્રતીતિ રહ્યા જ કરે છે. આ પ્રતીતિ જાગૃતદશામાં પણ અખંડ રહે છે. જાગૃત દશામાં વિભિન્ન વ્યાપાર કરતાં પણ તે વ્યક્તિને નામ તથા જાતિ વિષયક પ્રતીતિની અખંડ ધારા જ પ્રવાહિત રહ્યા કરે છે. આ અખંડ પ્રતીતિ જ્ઞાનની પર્યાય તો નથી, તેથી જ્ઞાનથી જુદી કોઈ અન્ય શક્તિની જ પર્યાય છે અને તેને જ શ્રદ્ધા કહે છે.

## વ્યવહાર-શ્રદ્ધા અથવા વ્યવહાર-સમ્યગ્દર્શન
**Empirical faith or conventional right belief**

જ્ઞાનની જેમ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધારૂપ વિકલ્પ પણ સમ્યગ્દર્શન નથી, પરંતુ તે ચારિત્રની શુભરાગરૂપ પર્યાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુને વિષય કરવાવાળો ચારિત્ર વિકારી હોય છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને વિષય કરવાનો અર્થ જ કારણ-કાર્યભાવપૂર્વક તેની ઉપાદેયતાનો સ્વીકાર કરવાનો છે. સાચી શ્રદ્ધા અથવા સમ્યગ્દર્શન શુદ્ધ ત્રૈકાળિક પદાર્થ અર્થાત્ પર-નિરપેક્ષ સ્વ-જીવતત્ત્વને જ વિષય કરે છે. અન્યથા તે મિથ્યા હોય છે.



શાસ્ત્રોમાં જે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે, તે નિમિત્તની અપેક્ષાથી છે. સમ્યગ્દર્શન સાત તત્ત્વની સમજણપૂર્વક જ થાય છે અને તત્ત્વની સમજમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ જ નિમિત્ત હોય છે, અન્ય નહીં. જેમ સંસ્કૃતભાષા શીખવાના અભિલાષી વિદ્યાર્થીને આંગ્લ-ભાષા ભાષી અધ્યાપક નિમિત્ત નથી હોતા. તેવી રીતે તત્ત્વની સાચી સમજણમાં મિથ્યા દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત નથી હોતાં. સમ્યગ્દર્શન જ્યારે પણ થાય છે ત્યારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની એકાંત શ્રદ્ધા અર્થાત્ ભક્તિપૂર્વક જ હોય છે. તેથી સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે થવાવાળા શુભવિકલ્પોને પણ વ્યવહાર-સમ્યગ્દર્શનની સંજ્ઞા આપવામાં આવે છે તોપણ તે શુભવિકલ્પ સમ્યગ્દર્શન નથી.

આ રીતે આગમમાં જીવાદિ સાત તત્ત્વોની શ્રદ્ધાને પણ સમ્યગ્દર્શન કહે છે. આ કથન પણ નિમિત્ત તરફથી છે, યથાર્થ નથી, કેમ કે તે સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શનનું નિમિત્ત હોવાથી એવો ઉપચાર કરવામાં આવ્યો છે. નિમિત્ત પણ ક્યારે બને છે? જ્યારે તેમને (સાતે તત્ત્વોને) હેય માનીને નિરપેક્ષ શુદ્ધ ચૈતન્યને ઉપાદેય માને. સાતે તત્ત્વોને એક તરફ રાખી અદશ્ય કરી, તેના પણ વિકલ્પ છોડીને તેની અનેકરૂપતા અથવા એકરૂપતામાં પણ હેયત્વ દૃષ્ટિ તથા એમાં ''હું આ છું'' એવા અહંમય મિથ્યાદર્શનનું વિસર્જન કરતો, શુદ્ધ ચૈતન્ય તરફ એકવાર દૃષ્ટિ કરતાં તે જ ક્ષણે સમ્યગ્દર્શન (સાચી શ્રદ્ધા)નો પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે સાત તત્ત્વને નિમિત્ત કહેવામાં આવે છે.

જેમ રસોઈ હોય છે તે શેની બનેલી હોય છે? જ્યાં આપણે

રસોઈ બનાવીએ છીએ, પૂછવામાં આવે દૂધ ક્યાં રાખ્યું છે? તો ઉત્તર મળ્યો રસોઈ(ઘર)માં, પરંતુ શું તે ખરેખર રસોઈ છે? રસોઈ તો જેમાં રસ ભર્યો હોય, જેના સેવનથી ક્ષુધા નિવૃત્ત થઈ તૃપ્ત થાય છે તે અસલી રસોઈ છે. પાષાણની રસોઈ (ઘર)ને રસોઈ કહેવા છતાં પણ તે સત્ય નહીં માની લેવું. એ રસોઈ(ઘર) નહીં હોય તો રસોઈ નથી બનતી. પરંતુ તેનાથી પણ રસોઈ નથી બનતી. આ તો નિમિત્ત માત્ર છે. નિમિત્ત પણ ત્યારે કહેશું જ્યારે આપણે પાષાણમયી રસોઈનો વિકલ્પ તોડીને ભોજનની યોગ્ય સામગ્રી દ્વારા ભોજન બનાવવાનો જુદો પુરુષાર્થ કરશું, તો રસોઈ બનશે અને પોતાના પ્રયોજનની સિદ્ધિ થશે. જો પાષાણ નિર્મિત રસોઈ(ઘર)ને રસોઈ માનીને બેસી જશે તો ભૂખ્યા જ રહેશે, કષ્ટ જ વધશે. તેથી સાત તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર-સમ્યગ્દર્શન કહ્યું છે તે ખરેખર સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન તો શુદ્ધાત્મતત્ત્વની નિર્વિકલ્પ પ્રતીતિ તથા અનુભૂતિરૂપ આનંદદાતા જ હોય છે અને તેથી ત્યાં સમ્યગ્દર્શનની સાથે વ્યવહાર શબ્દની યોજના કરવામાં આવી છે. વ્યવહાર-સમ્યગ્દર્શન શ્રદ્ધા ગુણની પર્યાય જ નથી, તો પછી તેને સમ્યગ્દર્શન કહી પણ કેવી રીતે શકાય? કરણલબ્ધિ ઉપરાંત જ્યારે સ્વાનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન થાય છે, ત્યારે તો દેવ-શાસ્ત્ર-ગુરુ તથા સાત તત્ત્વોના વિકલ્પ પણ નથી રહેતા. તદુપરાંત સતત સ્વાનુભૂતિમાં નહીં રહેવા છતાં પણ સમ્યગ્દર્શન તો વિદ્યમાન રહે છે.

## શ્રદ્ધાગુણની કાર્ય પ્રણાલી
## Functioning-mode of belief attribute

શ્રદ્ધાગુણની વિશેષતા અથવા એનો અર્થ એ છે કે જેને વિષય



કરે છે તેને જ પરિપૂર્ણ સ્વ અથવા આત્મા માને છે અને તેમાં જ સંપૂર્ણતાથી 'પોતાપણા'ની સ્થાપના કરે છે. આત્મા ખરેખર કેવો છે એની પ્રતીતિ શ્રદ્ધાનું જ કાર્ય છે. આ નિર્ણય જો ભ્રાંતિવશ ખોટો હોય તો શ્રદ્ધાની તે પર્યાયને મિથ્યાદર્શન કહે છે અને સાચો હોય તો શ્રદ્ધાની તે પર્યાયને સમ્યગ્દર્શન કહે છે. ''**હું વર્તમાનમાં કેવો છું, એનું સમ્યગ્દર્શનને કોઈ પ્રયોજન નથી, પરંતુ ખરેખર કેવો છું-આ તેનો વિષય છે.**'' ફળસ્વરૂપ જીવતત્ત્વથી જુદું અજીવાદિ તત્ત્વ તથા આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે બધી વિકારી તથા નિર્વિકારી પર્યાયોને સમ્યગ્દર્શન વિષય નથી કરતો. ''**સમ્યગ્દર્શન જેને વિષય કરે છે તેને જ ઉપાદેય માને છે અને તેનો જ આશ્રય કરે છે.**'' તેથી અજીવાદિ પર તત્ત્વ તથા રાગાદિ વિકારોમાં તો સમ્યગ્દર્શનની ઉપાદેયતા હોતી જ નથી, પરંતુ નિર્વિકારી પર્યાયમાં પણ તેની ઉપાદેયતા નથી; **કેમ કે નિર્વિકારી પર્યાય પણ ક્ષણિક હોવાથી દૃષ્ટિને ત્યાં વિરામ નથી મળતો.**

લોકમાં પણ આપણે જોઈએ છીએ કે એક ૮૦ વર્ષની વૃદ્ધા રૂ કાંતે છે તો દૃષ્ટિ પૂણી પર રહે છે તો રૂ અટક્યા વગર નીકળતું રહે છે અને રૂ તરફ દૃષ્ટિ જાય તો દોરો તૂટી જાય છે. આ જ પ્રક્રિયા અહીં મોક્ષમાર્ગમાં છે. પર્યાયને અવલંબન આપીને તે તરફ દૃષ્ટિ કરતાં જ એક ક્ષણમાં પર્યાય સરકી (નાશ પામી) જાય છે. ફળસ્વરૂપ ક્લેશની ઉત્પત્તિ થશે. આનાથી ઉલ્ટું સમ્યગ્દર્શન પર્યાય નિરપેક્ષ, શુદ્ધ, અનંત શક્તિઓનો પિંડ ધ્રુવ જીવત્વને વિષય કરે છે. તેથી આશ્રય એકરૂપ ધ્રુવ હોવાથી પર્યાયનો આવિર્ભાવ તથા તિરોભાવ એને ક્લેશ ઉત્પન્ન નથી કરાવતું. પર્યાયની પ્રગટતા તથા

વિલીનતામાં પણ 'હું એકરૂપ ધ્રુવ શુદ્ધ તત્ત્વ છું' એવી પ્રતીતિ અખંડ રહે છે. એક તરફ ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે, એક તરફ ક્ષણિક પર્યાયોનું વર્તમાન છે-બન્નેમાં ઉપાદેયતાનો શ્રેય એકને જ મળી શકે છે. ધ્રુવ સ્વભાવનાં આ વિશ્વાસનાં બળ પર જ ધ્રુવસ્વભાવની સંપૂર્ણતા, શુદ્ધતાનાં આદર્શથી ક્ષણિક વિકારી પર્યાયોનો પરિહાર કરવામાં સમ્યક્ પુરુષાર્થ જાગૃત થાય છે.

ધ્રુવદૃષ્ટિનો આ નિયમ કેવળ આધ્યાત્મિક વિકાસનું જ મૂળ છે એમ નથી, પરંતુ લૌકિક ઉત્કર્ષ તથા લોક જાગરણ પણ આ નિયમનું અનુશીલન કરે છે. ભારતની સ્વાધીનતા આનું જ્વલંત (ધબકતું) પ્રમાણ છે. સદીઓથી દાસત્વની શૃંખલાઓમાં જકડાયેલા ભારતે જ્યારે આ અનુભવ કર્યો કે હું સ્વતંત્ર છું અને સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ અધિકાર છે, ત્યારે દાસત્વની શૃંખલાઓને તોડવા તેનો સુષુપ્ત પુરુષાર્થ જાગ્યો. જો દાસત્વના જ સ્વીકારથી જન્મસિદ્ધ સ્વાધીનતા વિસ્મૃત કરી દેવામાં આવી હોત અને પરતંત્રતાની વચ્ચે સ્વાધીનતાનો વિશ્વાસ જ ન જાગત તો સ્વાધીનતા કેવી રીતે હસ્તગત થાત? તેની સ્વાધીનતાનો વિશ્વાસ ભારતની સ્વાધીનતાની ઉપલબ્ધિનું પ્રથમ ચરણ હતું. સ્વાધીનતાના વિશ્વાસપૂર્વક દ્વિતીય ચરણના રૂપમાં સ્વાધીનતા સંગ્રામનો સૂત્રપાત થયો. **એવી જ રીતે સાચો વિશ્વાસ અથવા સમ્યગ્દર્શન આધ્યાત્મિક સ્વતંત્રતાનું પણ પ્રથમ ચરણ છે. વૈકારિક પરાધીનતામાં પણ સમ્યગ્દર્શન પોતાના નિર્વિકારી સ્વરૂપનો જયઘોષ કરે છે.** ફળસ્વરૂપે પરાધીનતાના સર્વનાશ માટે દ્વિતીય ચરણ રૂપે સમ્યક્ ચારિત્રનો ઉદય થાય છે.



## દૃષ્ટિનો વિષય
## Subject of right-belief

આ વિવેચનથી એ સ્પષ્ટ છે કે શુદ્ધ ધ્રુવ જીવતત્ત્વ અનંત શક્તિઓનો અખંડ પિંડ છે અને પર્યાયથી નિરપેક્ષ છે. ક્ષણિક હોવાનાં કારણે કેવળજ્ઞાનાદિ શુદ્ધ પર્યાયો પણ એ અપેક્ષાએ વિભાવ અથવા અજીવ કહેવાય છે. સમ્યગ્દર્શનનો જીવ જો શુદ્ધ ધ્રુવ પરમ પારિણામિક તત્ત્વ સ્વરૂપ આત્મતત્ત્વ છે, તો પછી ધ્રુવ જીવતત્ત્વનાં સ્વભાવથી મેળ ન ખાવાવાળી બધી વિકારી નિર્વિકારી ક્ષણિક પર્યાયો તેની માટે અજીવ સિદ્ધ થઈ જાય. કેવળજ્ઞાનાદિ શુદ્ધ પર્યાયોને પણ તે જ ધ્રુવત્વનું અવલંબન છે. "**ધ્રુવ તત્ત્વ જ બધી શુદ્ધ પર્યાયોનો એકમાત્ર ઉપાસ્ય દેવતા છે. ક્ષણિક પર્યાયનું અવલંબન તો તે ખસકતી ધરાની જેમ છે, જેના પર બેસવાવાળો તે ધરાની સાથે સ્વયં ખસકી જાય છે.**"

જેમ લાડવાના ડબ્બામાંથી લાડવો ખાવા ઉપરાંત જો લાડવાના ડબ્બાને વિસ્મૃત કરી દેવામાં આવે અને માત્ર લાડવા પર જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરી લેવામાં આવે તો પ્રગટરૂપ લાડવાની સમાપ્તિ પર બીજો લાડવો ક્યાંથી આવશે? લાડવાના ડબ્બા પર તો દૃષ્ટિ છે નહીં અને પ્રગટરૂપ લાડવો સમાપ્ત જ થઈ ગયો છે એટલે હવે તો આકુળતાની જ અભિવૃદ્ધિ થશે. આ રીતે આત્માના ધ્રુવ સ્વભાવ પર દૃષ્ટિ હોવાને બદલે જેની વર્તમાન મનુષ્યાદિ પર્યાયો પર જ દૃષ્ટિ છે, તેને જ જે આત્મા સ્વીકાર કરે છે, તેને તે પર્યાયના અવસાનમાં તીવ્ર ક્લેશ થશે. જ્ઞાનીને તે વર્તમાન પર્યાયનાં અવસાન સમયે પણ મારું કાંઈ નથી જતું, હું તો નિત્ય શુદ્ધ તત્ત્વ છું એવી પ્રતીતિનું અનોખું બળ વિદ્યમાન છે.

સમ્યગ્દર્શનનાં વિષયનાં સંબંધમાં એક શંકા એ કરવામાં આવે છે કે તેનો વિષય નિરપેક્ષ, નિર્ભેદ, નિર્વિશેષ, શુદ્ધ જ્ઞાયક, પર્યાય નિરપેક્ષ, અખંડ જીવતત્ત્વ છે. પરંતુ જીવ પદાર્થ એટલો તો નથી, તે તો એક જ સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે. ત્યારે પદાર્થના કેવળ દ્રવ્યપક્ષનો સ્વીકાર કરવાવાળી દષ્ટિ એકાંતિક થઈ અને પર્યાયની ઉપેક્ષા કરી દેવા પર જીવપદાર્થ અખંડ પણ કેવી રીતે રહે?

જોકે દ્રવ્ય-ગુણ-પર્યાયમયતા પ્રત્યેક પદાર્થની અખંડતા છે અને કોઈ પદાર્થ ક્યારેય દ્રવ્ય-ગુણ અથવા પર્યાયથી ખાલી ઉપલબ્ધ નથી થતો, પરંતુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અખંડતા સમ્યગ્દર્શનનો વિષય નથી. આ પ્રમાણનો વિષય છે. **અનંત ગુણાત્મક અન્વય સ્વરૂપ દ્રવ્યની જે શાશ્વત એકરૂપતા છે તે જ સમ્યગ્દર્શનના વિષયરૂપ અખંડતા છે.** પર્યાયોના વ્યતિરેકોની અપેક્ષાએ તો દ્રવ્યમાં અનેકપણાનો પ્રતિભાસ થાય છે અને તે અનેકપણું જ ખંડભાવ છે જે સમ્યગ્દર્શનનો વિષય નથી. **પર્યાયનાં વ્યતિરેકોમાં દ્રવ્ય તેવો ને તેવો જ ભલે દષ્ટિગોચર હોય, પરંતુ તેનો તે જ ક્યારે પણ ઉપલબ્ધ ન થાય.** તેથી પર્યાયની આશ્રયકારિણી પર્યાયને ક્યારેય વિરામ નથી મળતો, કેમ કે તે પણ પર્યાયની સાથે ચક્કર ખાતી રહે છે. **દ્રવ્યની આશ્રયકારિણી પર્યાયને અનંત વિરામ છે. સ્વયં સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શનનો આશ્રય નથી.**

સત્ય તો એ છે કે પૂરા જીવપદાર્થમાંથી સમ્યગ્દર્શન એટલી જ વસ્તુ લે છે જેટલી તેના પ્રયોજનની હોય અને તે પ્રયોજનભૂત વસ્તુ અખંડ જ્ઞાયક જીવતત્ત્વ જ છે. જેમ આરોગ્ય માનવ સ્વભાવ હોવા છતાં પણ એક વ્યક્તિ રોગી થઈ જાય છે. જોકે આરોગ્ય અને રોગપણું બંન્ને એક જ વ્યક્તિનાં ધર્મ હોવા છતાં પણ સ્વાસ્થ્યની ઉપલબ્ધિ માટે આરોગ્યસ્વભાવ જ ઉપાદેય તથા શ્રદ્ધેય થાય છે.



રોગપણું તો જાણવામાત્રનાં પ્રયોજનનું હોય છે; એનાથી અન્ય કોઈ પ્રયોજનની સિદ્ધિ નથી હોતી, જ્યારે આરોગ્યસ્વભાવ તો પ્રયોજનભૂત મૂળતત્ત્વ છે. તે તો શ્રદ્ધા, જ્ઞાન અને આચરણને યોગ્ય છે. રોગપણું તો શ્રદ્ધા અને આચરણનો વિષય બનવા યોગ્ય નથી. જો તે શ્રદ્ધેય હોય તો તેનો અભાવ શા માટે કરવામાં આવે? કેમ કે **શ્રદ્ધેયનો અર્થ જ ઉપાદેય થાય છે. તેવી જ રીતે આત્માની બધી વિકારી નિર્વિકારી પર્યાયો સમાનરૂપથી ક્ષણિક તથા આશ્રયદાતૃત્વથી શૂન્ય હોવાના કારણે માત્ર જ્ઞેય જ થાય છે, ઉપાદેય નથી થતી, તેથી તે સમ્યગ્દર્શનનો વિષય નથી થતી, મિથ્યાદર્શનનો વિષય થાય છે.**

ત્રિકાળી શુદ્ધ અખંડ જીવત્વને વિષય કરવાને કારણે સમ્યક્શ્રદ્ધાને એકાંતનો દોષ આવી જાય એમ પણ નથી; કેમ કે પ્રથમ તો પૂરા જીવપદાર્થમાંથી જેટલો અપેક્ષિત હોય છે તેને સમ્યગ્દર્શન લઈ લે છે અર્થાત્ અહં કરે છે અને બાકીનો અંશ પદાર્થમાં વિદ્યમાન હોવા છતાં પણ તેને છોડી દે છે અને **ક્ષણિકતાથી જો તેને પ્રયોજન જ નથી તો તે તેને લઈને પણ શું કરે? જ્ઞાનમાં ધ્રુવ દ્રવ્યના અહંની સાથે પર્યાયની વિદ્યમાનતા સ્વીકૃત હોવાના કારણે જ્ઞાનમાં અનેકાંત તથા શ્રદ્ધામાં સમ્યક્ એકાંત નિર્વિવાદ વિદ્યમાન રહે છે.**

**ખરેખર એકાન્ત-અનેકાન્ત શ્રદ્ધાન ધર્મ નથી, પરંતુ જ્ઞાનનો ધર્મ છે. અનેકાન્તાત્મક વસ્તુમાં તો દ્રવ્ય-પર્યાય, ધ્રુવ-ક્ષણિક, નિર્વિકાર-વિકાર વગેરે પરસ્પર વિરુદ્ધ અનંત ધર્મ એક જ સાથે રહેલા છે.** પરંતુ બધાને સમાનરૂપથી ઉપાદેય માનીને આશ્રય કરવો શ્રદ્ધા માટે સંભવ જ નથી; કેમ કે બંન્ને પાસાઓ પરસ્પર વિરુદ્ધ છે. નિર્વિકાર નિત્ય તથા સવિકાર અનિત્ય

અથવા દ્રવ્ય અને પર્યાયને સમાનરૂપથી ઉપાદેય માનીને એક જ સમયમાં તેનો આશ્રય (અહં) કરી શકાય એવું નથી બનતું. બે પક્ષોમાંથી એક સમયમાં એકનું જ અવલંબન સંભવ છે, તેથી સમ્યગ્દૃષ્ટિ નિત્ય શુદ્ધ દ્રવ્યનું જ અવલંબન કરે છે, ક્ષણિક પર્યાયનું નહીં. અનેકાન્ત સ્વભાવી વસ્તુના બન્ને પક્ષોને એક જ સાથે હેય ઉપાદેય રીતે વિષય કરવા એ જ્ઞાનનું કાર્ય છે અને તે જ્ઞાનને જ પ્રમાણ અથવા અનેકાંત કરે છે. **શ્રદ્ધા જો બન્ને પક્ષોને સમાન રીતે વિષય કરે, અર્થાત્ ઉપાદેય માને તો તે મિથ્યા છે અને જ્ઞાન જો બન્ને પક્ષોને એક સમયમાં સમાનરૂપથી વિષય ન કરે અથવા સાપેક્ષતાથી એક જ પક્ષને એક સમયમાં વિષય ન કરે તો તે જ્ઞાન મિથ્યા છે.**

અનેકાન્ત દૃષ્ટિ અર્થાત્ પ્રમાણદૃષ્ટિમાં દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક પદાર્થનો અખંડભાવથી સ્વીકાર થઈ ગયા પછી તેના કોઈ એક ધર્મનો વિષય કરવાવાળા જ્ઞાનની સમ્યક્ સંજ્ઞા હોય છે, પરંતુ અનેકાન્તદૃષ્ટિમાં પદાર્થને સંપૂર્ણતાથી દ્રવ્ય-પર્યાય સ્વરૂપ જાણી લીધા બાદ પણ સમ્યગ્દર્શન અનેકાંત જ્ઞાનના વિષયભૂત આ સંપૂર્ણ પદાર્થને જ ઉપાદેય નથી માનતો પરંતુ તેના નિત્ય શુદ્ધ પક્ષને જ સ્વીકાર કરે છે. આ રીતે સમ્યગ્દર્શન આત્માના જે સ્વભાવને વિષય કરે છે, જ્ઞાન-ચારિત્રાદિ અનંત શક્તિઓ પણ તે જ સ્વભાવનું અનુશીલન કરે છે અને અંતમાં મુક્તદશામાં પણ તે જ સ્વભાવનું અર્હં, સંવેદન તથા લીનતાપૂર્વક પૂર્ણ શુદ્ધતા વ્યક્ત થાય છે.



# સમ્યગ્દર્શનનો વિષય (દ્વિતિય)

**The subject of right belief (II)**

## (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તેમનું જીવન-દર્શન)

**Reverend Gurudeva shri Kanji Swami and his life-sketch**

**‘અહંમય ધ્રુવ’ શ્રદ્ધાનો શ્રદ્ધેય નથી થતો. શ્રદ્ધાનો શ્રદ્ધેય એવું તો પૂર્ણ તથા સર્વોપરી હોય છે કે તે એમાં પોતાને (શ્રદ્ધાને) ભેળવી નથી શકતી. ખરેખર તો ‘પૂર્ણ’માં ‘પૂર્ણના અહં’ને ભેળવવાનો કોઈ અવકાશ જ નથી.**

**બીજું તો ઠીક સમ્યગ્દર્શનના ઘરમાં સ્વયં સમ્યગ્દર્શનને રહેવા માટે પણ કોઈ જગ્યા નથી. તેણે પોતાનો ખૂણે-ખૂણો ધ્રુવ માટે ખાલી કરી દીધો છે.**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન તથા અસાધારણ વ્યક્તિ છે. એમનું બહુમુખી તથા અસાધારણ વ્યક્તિત્વ છે. એમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી ખૂબી એ છે કે એમણે સત્યથી દૂર જન્મ લઈને સ્વયંભૂની જેમ સ્વયં સત્યનું અનુસંધાન કર્યું તથા પોતાના પ્રચંડ પૌરુષથી જીવનમાં એને આત્મસાત કર્યું. આ જીવનમાં શુદ્ધ અંતર્તત્ત્વની દેશના માટે એમને કોઈ ગુરુનો યોગ ન થયો તોપણ તેમણે સાચું તત્ત્વ મેળવી લીધું. કેમ કે સદ્ગુરુની

દેશનાને તેઓ આ જીવન પૂર્વે જ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. પૂર્વ દેશનાથી પ્રાપ્ત એમનું તત્ત્વજ્ઞાન એટલું પરિપૂર્ણ તથા પરિમાર્જિત હતું કે તે આ જીવનના અંત સુધી સાથે રહ્યું. તેમણે તો આગમની નૈસર્ગિક પદ્ધતિમાં તત્ત્વને ઉપલબ્ધ કરી લીધું, પરંતુ મારી કલ્પના મુજબ આ યુગમાં અન્તસ્તત્વના બોધ માટે જો કોઈને તેઓ પોતાના ગુરુ સ્વીકાર કરી પણ લેત તોપણ તેમને તત્ત્વની પ્રાપ્તિ સંભવ ન થાત; તે સમયે આ તત્ત્વ ઘણું કરીને અભાવગ્રસ્ત હતું. એટલે સુધી કે જીવનમાં સહજ ક્રમમાં જે દીક્ષા ગુરુ એમને મળ્યા હતા, તત્ત્વની શોધ તથા પ્રાપ્તિ માટે તેમનો મોહ પણ છોડવો પડ્યો.

સૌરાષ્ટ્રના ઉમરાળા ગામમાં જન્મેલા ઉજમબા તથા મોતીચંદભાઈના આ લાલ બાળપણથી જ વૈરાગી ચિત્તવાળા હતા તથા એકમાત્ર જ્ઞાન તથા વૈરાગ્યનાં પ્રકરણ જ એમને ગમતા હતા. પોતાની ઉત્તમ લોકોત્તર આકાંક્ષાઓની સાથે તેમને કામિનીનું માધુર્ય હરાવી શક્યું નહીં; ફળસ્વરૂપે કોઈ પણ કિંમત પર તેઓ જીવનમાં સ્વીકાર કરવા સહમત ન થયા. અંતરમાં તેમનો ભોગોથી વૈરાગ્ય વધતો જ ગયો અને અંતમાં ૨૪ વર્ષની ભર યુવાનીમાં તેઓ સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષિત થઈ ગયા. દીક્ષાના નિયમાનુસાર ઘર-બાર, કુટુંબ-પરિવાર, ધન-સંપત્તિ બધું જ છૂટી ગયું અને દીક્ષાના આચારનું પણ દૃઢતાથી પાલન થવા લાગ્યું. પરંતુ શાંતિની પિપાસા શાંત નહીં થઈ. શોધની પ્રેરણા પ્રશાંત ન થઈ અને અંતર્દ્વન્દ્વ ચાલતું જ રહ્યું. ફળસ્વરૂપ અધિક સમય સુધી તે પ્રતિબંધ સહન ન થઈ શક્યો અને એક દિવસ (વિ.સ. ૧૯૯૯) મસ્ત ફકીરની જેમ તેને પણ છોડી ચાલતા થયા તથા તત્ત્વની મસ્તીમાં ફરતાં શ્રી કાનજીસ્વામીનું સ્વર્ણપુરી (સોનગઢ) સહજ જ વિશ્રામ સ્થળ



બની ગયું.

શ્રી કાનજીસ્વામીના જીવનનું આ સ્થળ સર્વાધિક માર્મિક, સ્તુત્ય, લોકમાંગલ્ય, વિધાયક તથા શ્રેષ્ઠ છે જ્યાં તેમણે જીવનના સર્વથી ભયંકર શત્રુ મતાગ્રહને ખુલ્લી ચેલેંજ આપી અને અંતમાં વિજયી થયા. જીવનમાં ગૃહ-કુટુંબ, કંચન-કામિની, પદ તથા પ્રતિષ્ઠા બધું તો છૂટી જાય છે; પરંતુ મહાનથી મહાન ઋષિ, મુનિ તથા મનીષિનો બૌદ્ધિક પાયો આ મતાગ્રહના પ્રચંડ બંધનથી મુક્ત નથી થઈ શકતો. ફળસ્વરૂપ દૃષ્ટિ નિષ્પક્ષ નથી થઈ શકતી અને અસંખ્ય પ્રયત્નો વચ્ચે પણ સત્ય આત્મસાત્ થતું નથી.

શ્રી કાનજીસ્વામી આ યુગના એક શુદ્ધ આધ્યાત્મિકક્રાંતિદૃષ્ટા પુરુષ છે. તેમણે જે ક્રાંતિનું સૂત્રપાત કર્યું, તે ક્રાંતિ પૂર્વે સૈકાઓમાં પણ નથી થઈ. જૈનલોકજીવનના શ્વાસોચ્છશ્વાસ રૂઢી, અંધ વિશ્વાસ, પાખંડ તથા કોરા કર્મકાંડની જેલમાં ઘૂંટાઈ રહ્યો હતો. તેની સામે ધર્મ કોઈ વસ્તુ જ ન રહી હતી. **આ મહાપુરુષે શુદ્ધ જિનઆગમનું મંથન કરી આ જીવન-વિરોધી તત્ત્વોને અધર્મ જાહેર કર્યો અને આ નિકૃષ્ટ યુગમાં શુદ્ધ આત્મધર્મની પ્રાણ-પ્રતિષ્ઠા કરી. તેમણે** જન-જીવનને એક સૂત્ર આપ્યું. ''સ્વાવલંબન અર્થાત્ નિજ શુદ્ધ ચૈતન્યસત્તાનું અવલંબન જ ધર્મ છે. પરાવલંબનમાં ધર્મ અથવા શાંતિની ઘોષણા કરવાવાળી બધી જ માન્યતાઓ અધર્મ છે; ફળસ્વરૂપ વિશ્વસનીય નથી.''

જે સમયે ભારતની ભૂમિ પર પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું અવતરણ થયું તે સમયે પણ આધ્યાત્મિક ચિંતનનો રિવાજ તો

હતો પરંતુ તે ચિંતનમાં અધ્યાત્મ ન હતું. આધ્યાત્મિક ચિંતનનું એ સ્વરૂપ ચાલ્યું હતું કે આત્માને કહેવામાં તો શુદ્ધ આવતું હતું પરંતુ ખરેખર માનવામાં અશુદ્ધ આવતું હતું અથવા જો શુદ્ધ માનવામાં પણ આવતું હતું તો આગમ ભાષાના દાસત્વના કારણે શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ માનતા હતા. અને વ્યવહારનયથી અશુદ્ધ. આ રીતે શ્રદ્ધા માટે કોઈ ધરતી જ રહી ન હતી અને બે નયોની ચક્કીમાં ધાન્યની જેમ પિસાઈ આત્માની ધૂળ પિસાતી હતી. મોટામાં મોટો વિચારક મહાન પ્રતિભાઓ, ત્યાગ અને વૈરાગ્યના આદર્શ નયના આ ચકરાવામાં એ રીતે મુગ્ધ હતા કે ન તો એમાંથી નીકળવાનું એમનું મન હતું અને ન સામે કોઈ રસ્તો. સૌરાષ્ટ્રના આ સંતને જંગલોમાં નિર્જનોમાં 'સમયસાર' તથા 'મોક્ષમાર્ગ પ્રકાશક' જેવા પરમાગમોનું ગંભીર અવગાહન કરી આધ્યાત્મિક સમસ્યાનું સરળતાથી સમાધાન પ્રસ્તુત કર્યું છે.

## વસ્તુ-તત્ત્વદર્શન

**Study of characteristics of substance**

તેઓશ્રીએ કહ્યું કે ''**વિશ્વના બધા જડ-ચેતન પદાર્થ સ્વયંસિદ્ધ અનંત શક્તિમય તથા પૂર્ણ છે. તેઓ એકબીજાથી અત્યંત ભિન્ન પોતાની સ્વરૂપ-સીમામાં જ રહે છે અને એક-બીજાનો સ્પર્શ સુદ્ધા નથી કરતા. તેથી બધી જડ-ચેતન સત્તાઓ અત્યંત શુદ્ધ છે.**'' આત્મા પણ એક એવી સ્વયંસિદ્ધ, નિરપેક્ષ, શુદ્ધ ચૈતન્યસત્તા છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ એની અસાધારણ શક્તિઓ અથવા સ્વભાવ છે જે શાશ્વત એમાં જ રહે છે. તે પોતામાં પરિપૂર્ણ તથા અન્યથી અત્યંત ભિન્ન છે



તેથી તે એક શુદ્ધ તથા સ્વતંત્ર સત્ છે, કેમ કે સત્ અથવા સત્તા છે તે સ્વતંત્ર, પૂર્ણ તથા પવિત્ર હોવું જ જોઈએ. નહીં તો સત્ કેવું? જે જડ છે તે પૂરું જડ હોય અથવા ચેતન પૂરું ચેતન. અપૂર્ણ જડ અથવા અપૂર્ણ ચેતનનું સ્વરૂપ પણ શું હોય? તેથી ભિન્નત્વ, પૂર્ણત્વ તથા એકત્વ સત્નું સ્વરૂપ જ છે.

વિશ્વનાં દર્શનમાં જૈનદર્શનનું આ મૌલિક અનુસંધાન છે. પોતાના અનુસંધાનમાં એમણે કહ્યું કે ''વસ્તુનું એકત્વ જ એનું પરમ સૌંદર્ય છે. સંબંધની વાર્તા વિસંવાદ છે.'' વિશ્વના પ્રત્યેક પદાર્થનાં બે અંશ છે. એક એની અનંત શક્તિમય ધ્રુવ સત્તા જેને દ્રવ્ય કહે છે અને બીજી એની હર સમયે બદલવાવાળી પર્યાય. આત્મપદાર્થના પણ એ રીતે બે અંશ છે-એક એની શ્રદ્ધા, જ્ઞાન, આનંદ વગેરે અનંત શક્તિમય ધ્રુવ, શુદ્ધ તથા પૂર્ણ સત્તા તથા બીજી એની શ્રદ્ધા, જ્ઞાન વગેરે પર્યાયો (માનવા-જાણવા આદિરૂપ પર્યાય). આત્મસત્તાનું આવું પરિશુદ્ધ સ્વરૂપ સ્થાપિત થવાથી આત્માની શ્રદ્ધા, જ્ઞાન (જાણવા-માનવાવાળી પર્યાય) વૃત્તિને ફક્ત એક જ કામ રહ્યું કે તે આત્માને પૂર્ણ તથા શુદ્ધ જ માને, એમ જ જાણે તથા એવો જ અનુભવ કરે અને અન્ય બધા જડ-ચેતન પદાર્થોને પોતાથી ભિન્ન જાણે. પરંતુ આત્માની આ વૃત્તિમાં હંમેશાથી આ અજ્ઞાન તથા અવિશ્વાસ રહ્યો છે કે તેણે પોતાને શુદ્ધ તથા પૂર્ણ માન્યો જ નહીં; પરંતુ પોતાના પાડોશી દેહની સત્તાઓમાં જ મુગ્ધ રહી તેમાં અહં કર્યું તથા તેમાં જ લીનતા.

પર સત્તાઓમાં અહંની આ વૃત્તિ મહાન વ્યભિચારીણી છે, કેમ કે તેમાં વિશ્વની અનંત સત્તાઓ પોતાના અધિકારમાં લઈ તેમાં

રમણ કરવાની ચેષ્ટા છે. તેથી વિશ્વની સ્વતંત્ર તથા સુંદર વ્યવસ્થાને સમાપ્ત કરી દેવાની આ હરકતથી વિશ્વનો સર્વ મહાન અપરાધ થયો અને એની દંડ-વ્યવસ્થા નિગોદ ફલિત થયું.

## જીવનું અનાદિ અજ્ઞાનનું કારણ તથા નિવારણ

**The cause & remedy of external ignorance of soul**

પરિશુદ્ધ કાંચન તત્ત્વ હોવા છતાં પણ આત્માની વૃત્તિમાં આટલું લાંબુ તથા આવું ભયંકર અજ્ઞાન કેમ રહ્યું? તેનો ઉત્તર આત્માથી દૂર ક્યાંય અન્યત્ર શોધવો એક દાર્શનિક અપરાધ થશે. કેમ કે ભિન્ન સત્તાની વસ્તુઓમાં કારણ-કાર્ય ભાવ ક્યારેય પણ ઘટાવી ન શકાય. તેથી તેનો ઉત્તર સ્વયં આત્મામાં જ ગર્ભિત છે અને તે આ છે કે આત્મા સદા સ્વતઃ જ આ અજ્ઞાન પરિણામ કરીને પોતે જ અજ્ઞાની રહ્યો.

જેમ એક લૌકિક પ્રશ્ન છે કે મહાન બળશાળી, પરાક્રમી તથા અતુલ વૈભવ સંપન્ન એક સમ્રાટની મહારાણી દરિદ્રી મહાવત પર મુગ્ધ કેમ થઈ ગઈ? એનું કારણ જો આપણે મહાવતને માનીએ તો સમ્રાટ તો એનાથી ઊંચો છે. પછી મહાવતથી મોહ કેવો? તેથી પૂર્ણ અનુસંધાન પછી અમારું અંતિમ સમાધાન એ જ થશે કે આ તો મહારાણીની પોતાની સ્વાધીન પરિણતિ જ છે. એના મનોવિકારનું કારણ પણ અત્યંત પર-નિરપેક્ષ જ છે. કથનમાં કર્મોદય વગેરેની સાપેક્ષતા આવી જાય છે. પરંતુ ભાવ તો નિરપેક્ષ જ રહે છે; કેમ કે જો કોઈ બીજો આત્માને અજ્ઞાની બનાવે તો કોઈ જ્ઞાની પણ બનાવી શકશે અને ફરીથી કોઈ અજ્ઞાની બનાવી દેશે. આ



રીતે આત્મા કોઈના હાથની કઠપૂતળી માત્ર જ રહી જશે અને તેનાં બંધ-મોક્ષના સર્વ અધિકાર છીનવી લેવામાં આવશે અને આ તો એક મજાક જ થશે.

ફરી એક પ્રશ્ન છે કે આટલા લાંબા તથા જટિલ અજ્ઞાનનો અંત કેમ થાય? તો આ પ્રશ્ન સ્વયં જ પોતાનો ઉત્તર છે. '**અજ્ઞાનનો અંત કેમ થાય? જ્ઞાનમાં આ સબળ વિચારનો ઉત્પાદ જ અજ્ઞાનનું પ્રાણાન્તક છે, કેમ કે પ્રબળ અજ્ઞાનમાં આવો સમર્થ વિચાર હોતો જ નથી.**'

અનાદિ અજ્ઞાનના પ્રવાહમાં શુદ્ધાત્માનુભૂતિ સંપન્ન કોઈ જ્ઞાની સત્પુરુષનો સુયોગ મળવાથી જે મહાન ઉદ્યમશાળી આત્મા એની કલ્યાણી વાણીને હૃદયગમ કરે છે, એનું અનાદિનું અજ્ઞાન શિથિલ થઈ આ સમર્થ વિચારમાં પ્રવૃત્ત થાય છે. જ્ઞાની ગુરુનો સુયોગ તથા એની વાણીમાત્રથી આ નથી થતું પરંતુ ગુરુની વાણીનો મર્મ જેને પોતાના જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે તેને આ વિશુદ્ધ ચિંતનધારા પ્રારંભ થાય છે.

એક પ્રશ્ન અમારો બીજો થઈ શકે છે કે અજ્ઞાનીને જ્ઞાન જ નથી, તે આ બધું કેમ કરતો હશે? તો એમ નથી કે એની પાસે જ્ઞાનનો અભાવ છે. અજ્ઞાનીની પાસે જ્ઞાન તો બહુ છે, પરંતુ પરસત્તાસક્તિને કારણે એના જ્ઞાનનો સૂક્ષ્માતિસૂક્ષ્મ વ્યવસાય પણ પરમાં જ થાય છે. પરંતુ આ જ્ઞાન સદ્‌ગુરુ ભગવંતથી આનંદ નિકેતન સ્વ-સત્તાની મહિમા સાંભળી એના પ્રતિ ઉગ્ર વ્યવસાય કરીને સમ્યગ્જ્ઞાનમાં પરિણત થઈ જાય છે અને અતીન્દ્રિય આનંદનું વેદન

કરવા લાગે છે.

અજ્ઞાનીના જ્ઞાનનો આ ઈહાત્મક પ્રશ્ન છે 'અજ્ઞાનનો અંત કેમ થાય?' અજ્ઞાનને એક ખુલ્લી ચેલેંજ છે. આ પ્રશ્નમાં અજ્ઞાનીને અજ્ઞાનનું સ્વરૂપ ખ્યાલમાં આવી ગયું છે. હવે તે સમજવા લાગ્યો કે મારી ચૈતન્ય સત્તાનો અનાદિ અનંત પૂર્ણ, ધ્રુવ, અક્ષયાનંદ સ્વરૂપ તથા સર્વ સંબંધ રહિત છે અને મારી જ વૃત્તિએ તેને નશ્વર, અપૂર્ણ, દુઃખી, અજ્ઞાની તથા પરાધીન કલ્પના કરી છે. આ મારું અજ્ઞાન હતું અને અજ્ઞાન આત્માની પર્યાયમાં હોવા છતાં પણ જૂઠું હોવાથી ક્યારેય પણ અનુશીલન યોગ્ય અર્થાત્ શ્રદ્ધેય નથી. કેમ કે અજ્ઞાનનાં અનુશીલનમાં ક્યારેય પણ સાચી આત્મસત્તાની પ્રાપ્તિ નથી થઈ શકતી.

આ પ્રકારે અજ્ઞાનને તે સ્વ-સત્તા વિરોધી તથા અત્યંત મિથ્યા માની અજ્ઞાનથી પ્રાદુર્ભાવ પરસત્તાવલંબી પુણ્ય તથા પાપની વૃત્તિઓ તથા અનંત પરસત્તાઓમાં એકત્વ તોડતો તથા **સમર્થ ભેદજ્ઞાનનાં બળથી સ્વ-સત્તામાં જ એકત્વ તથા અહંની સ્થાપના કરતો પોતાના અવિરામ ચિંતન દ્વારા જ્યારે મહિમામહિમ, આનંદ નિકેતન નિજ ચૈતન્યસત્તામાં જ અલખ જગાવે છે તો સદા પુણ્ય-પાપ જેવી પરસત્તાઓમાં રહેલ શ્રદ્ધાનો અહં કંપિત તથા ડોલાયમાન થઈ સ્ખલિત થઈ જાય છે અને પાછો વળીને પોતાની ધ્રુવ અક્ષય સત્તામાં જ અહંશીલ થાય છે. સ્વરૂપનાં અહંમાં ધારાવાહિક સક્રિય આ ગૌરવમય વૃત્તિને જ સમ્યગ્દર્શન કહે છે.**



**શ્રદ્ધાનું સ્વ-સત્તામાં અહં પરિણત થવાની જ ક્ષણે શ્રુતજ્ઞાનની અવિરામ ચિંતનધારા મનનાં અવલંબનને તોડતી વિરામની પ્રાપ્તિપૂર્વક એ શુદ્ધ ચૈતન્યસત્તામાં એકત્વ કરતી અતીન્દ્રિય આનંદની અનુભૂતિ કરે છે. ઉપયોગની આ પરિણતિ જ સમ્યગ્જ્ઞાન છે જે અનુભૂતિનો વિલય થતા પણ ભેદ-વિજ્ઞાનની પ્રચંડ ક્ષમતાને લઈ સમ્યગ્દર્શનની સાથે નિરંતર બનીર હે છે અને તે જ સમયે કિંચિત્ રાગાંશોના અભાવથી ઉત્પન્ન અલ્પ સ્વરૂપ-સ્થિરતા જ સ્વરૂપાચરણ ચારિત્ર છે.**

આ રીતે પરમ આનંદ સ્વરૂપ આ અનુભૂતિ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ત્રિવેણી છે અને સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.

જૈનદર્શનનું આ ચિંતન ખરેખર કેટલું વૈજ્ઞાનિક છે કે જ્યાં તે એ પ્રતિપાદન કરે છે કે જીવનકળાનો આરંભ જ જીવનતત્ત્વ (નિજ અક્ષય સત્તા)ના સ્વીકારથી થાય છે; તેથી સાધનાના પ્રથમ ચરણમાં તેણે સમ્યગ્દર્શનને સ્થાપિત કર્યું અને કહ્યું કે તેના વિનાનું બધું જ જ્ઞાન તથા જીવનની સર્વ આચારસંહિતા મિથ્યા જ હોય છે.

## આત્મપદાર્થની અનૈકાન્તિક દષ્ટિ

**The multifarious sight of soul substance**

સમ્યગ્દર્શન જેવી જીવનની મહાન ઉપલબ્ધિ તથા એના વિષયને હૃદયંગમ કરવા જો આપણે આત્મપદાર્થના દ્રવ્ય-પર્યાયસ્વરૂપ પર અનૈકાંતિક દષ્ટિથી વિચાર કરીએ તો નિર્ણય બહુ જ સરળ થઈ જશે.

આ નિર્વિવાદ છે કે આત્મ-પદાર્થના બે અંશ છે : દ્રવ્ય તથા પર્યાય. આત્મપદાર્થનો દ્રવ્ય અંશ જેને શુદ્ધ ચૈતન્યસત્તા, કારણ પરમાત્મા, પરમપારિણામિકભાવ પણ કહે છે. તે સદા પરથી ભિન્ન, અક્ષય, અનંત શક્તિમય, પૂર્ણ, ધ્રુવ, અત્યંત શુદ્ધ તથા પૂર્ણ નિરપેક્ષ છે. એમાં કંઈ પણ કરવાનો ક્યારેય પણ અવકાશ નથી અને તે સદા જેમ છે તેમ રહે છે. આત્માના દ્રવ્યાંશનું આ સ્વરૂપ પ્રસિદ્ધ થઈ જવાથી હવે એનો બીજો અંશ પર્યાય શેષ રહી જાય છે. જો આપણે પર્યાયની કાર્ય-મર્યાદા પર વિચાર કરીએ તો આપણા મનમાં સ્વાભાવિક એક પ્રશ્ન ઉત્પન્ન થશે કે દ્રવ્યના પૂર્ણ તથા શુદ્ધ સિદ્ધ થઈ જવા પર પર્યાયને તો દ્રવ્યમાં કાંઈ કરવાપણું રહેતું જ નથી. તો પછી પર્યાયનું કાર્ય શું હશે? તો એનો એક સરળ જવાબ છે કે જો આત્માનો સ્વભાવ જ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ છે તો એની પર્યાયનું કાર્ય પણ નિત્ય વિદ્યમાન દ્રવ્યની શ્રદ્ધા, એનું અહં, એની જ અનુભૂતિ તથા એની જ લીનતા કરવાનું રહ્યું અને પર્યાયનું સ્વરૂપ પણ આત્માનુશીલતા જ છે. તે દ્રવયની રચના નથી કરતી, દ્રવ્યમાં કોઈ અતિશય નથી લાવતી, પરંતુ દ્રવ્ય જેવો છે, તેવી જ એની પ્રતીતિ તથા અનુભૂતિ કરે છે. દ્રવ્ય તો જ્ઞાન તથા અજ્ઞાન બન્ને દશાઓમાં જેમ છે તેમ રહે છે. આ રીતે અનેકાંતિક પદ્ધતિમાં આત્મ-પદાર્થ બે અંશોમાં ખંડિત ન થતાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ પૂરું બની રહે છે.

## ગુણ-પર્યાયનું અહં પણ મિથ્યાદર્શન

**The ego of attributes and modes is also perverse-belief**

આત્મા દ્રવ્ય-પર્યાયસ્વરૂપ હોવા છતાં પણ દ્રવ્ય અને પર્યાયના



સ્વરૂપ પરસ્પર વિરુદ્ધ હોવાનાં કારણે શ્રદ્ધાનું અહં એક જ સાથે બન્નેમાં ન થઈ શકે. જેમ એક સ્ત્રીનો અહં એક જ સાથે સ્વ તથા પર બે પુરુષોમાં ન થઈ શકે. નિત્ય દ્રવ્યનાં અહંમાં ''હું અક્ષય છું'' એવી અનુભૂતિ હોય છે અને અનિત્ય પર્યાયનાં અહંમાં ''હું ક્ષણિક છું'' એવું સંવેદન હોય છે. પર્યાયનું સ્વરૂપ પણ વિવિધરૂપ છે; તે ક્ષણિક છે, આલંબનવર્તી છે, વર્તમાનમાં વિકારી છે, ભૂત તથા ભવિષ્યની વૃત્તિ-સમુદાય વર્તમાનમાં વિદ્યમાન જ નથી પરંતુ સમગ્ર વૃત્તિસમુદાય ગમનશીલ છે, તેમાં વિશ્રામ નથી. **પથિકને ગમનમાં નહીં, ગંતવ્યમાં વિશ્રામ મળે છે, કેમ કે ગંતવ્ય ધ્રુવ તથા વિશ્રામ સ્વરૂપ હોય છે. આ પ્રકારે આત્મવૃત્તિને વૃત્તિમાં નહીં ધ્રુવમાં જ વિશ્રામ મળે છે.** વૃત્તિઓ તો સ્વયં જ વિશ્રામ માટે કોઈ સત્તાને તપાસતી હોય છે. આ રીતે સમગ્ર વૃત્તિ-સમુદાય જ દૃષ્ટિ (શ્રદ્ધા)ના વિષય-ક્ષેત્રની બહાર રહી જાય છે. આ અર્થમાં આચાર્યદેવ શ્રી અમૃતચંદ્રજીએ કહ્યું કે ''બદ્ધસ્પૃષ્ટાદિ ભાવ આત્માની ઉપર ઉપર જ તરે છે. એનો આત્મામાં પ્રવેશ નથી થતો.''

આ સંબંધમાં હજી પણ કાંઈ તથ્ય વિચારણીય છે. આત્મા એક અનાદિ અનંત ધ્રુવ તથા અક્ષય સત્તા છે, ગુણ તથા પર્યાય તો એના લઘુ અંશ છે તે એક જ સદા એને પીને બેઠો છે. તેથી ગુણપર્યાયોના અનંત સત્વોથી પણ તે એક ચિન્મય સત્તા બહુ અધિક છે. પર્યાય જ્યારે એના અનંતાત્મક એકનો અહં તથા અનુભવ કરે છે તો તે એકની અનુભૂતિમાં અનંતા ગુણોના સ્વાદનો સમાવેશ થઈ જાય છે. આનાથી વિપરીત એક-એક ગુણ-પર્યાયની અનુભૂતિની ચેષ્ટા સ્વયં જ વસ્તુસ્થિતિની વિરુદ્ધ હોવાથી ક્યારેય ફલિત નથી

થઈ શકતી. તેથી પ્રતિક્ષણ આકુળતા જ ઉત્પન્ન કરે છે; કેમ કે વસ્તુનાં પ્રત્યેક પ્રદેશમાં અનંત ગુણોની સમન્વયતા એ રીતે સંગઠિત તથા એકમેક થઈને રહે છે કે તેમાંથી કોઈ એકના અનુભવનો આગ્રહ અનંત કાળમાં પણ સાકાર નથી થતો પરંતુ અજ્ઞાની પોતાની આ ચેષ્ટામાં પ્રતિક્ષણ વિફળ પ્રયાસ હોવાથી નિરંતર પ્રચંડ આકુળતાને ઉપલબ્ધ કરી રહ્યો છે. ગુણ-પર્યાયમાં અહંમાં અનંત ગુણ-પર્યાયના એક છત્ર સ્વામિની ભગવતી ચૈતન્યસત્તાનું મહાન અપમાન પણ થાય છે તેથી ગુણ-પર્યાયનું અહંપણું જડ-સત્તાઓનાં અહંની જેમ મિથ્યાદર્શન જ છે.

આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય એક જ સમયમાં જ્ઞાનનો વિષય તો બને છે પરંતુ એનો એ અર્થ નથી કે એનો અહં પણ એક જ સાથે સમાન રીતે સમર્પિત કરવામાં આવે. અનેકને એક સાથે જાણવું એક વાત છે પછી એમાંથી શ્રદ્ધા (અહં)ના વિષયનું ચયન (આત્મસાત્) કરવું બિલકુલ ભિન્ન બીજી વાત છે. બધા જ્ઞેય શ્રદ્ધેય નથી થતાં પરંતુ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમય પરસ્પર વિરુદ્ધ સ્વરૂપને જાણી જ્ઞાન જ આ નિર્ણય લે છે કે આ ત્રણે સમાનરૂપથી ઉપાદેય ન થઈ શકે પરંતુ ત્રણેયમાં માત્ર નિરપેક્ષ, નિર્ભેદ તથા નિર્વિશેષ દ્રવ્યસામાન્ય જ ઉપાદેય અથવા શ્રદ્ધેય હોવા યોગ્ય છે. અન્યની ઉપાદેયતા સ્પષ્ટ મિથ્યાદર્શન છે.



## જ્ઞાનનું અનેકાન્ત તથા દૃષ્ટિનું એકાન્ત સ્વરૂપ
### જ્વલંત પ્રશ્નનું સરળ સમાધાન

**Multifarious nature of knowledge and one constant nature of faith (belief)**
**Easy solution to intricate question**

એક વાર્તા આ પણ મોટે ભાગે ચાલે છે કે જ્યારે એકાન્ત પર્યાયદૃષ્ટિ અર્થાત્ પર્યાયનો અહં મિથ્યા તથા આકુળતા સ્વરૂપ છે તો એકાન્ત દ્રવ્યદૃષ્ટિ પણ મિથ્યા તથા આકુળતામય હોવી જોઈએ!

આ તર્ક બરાબર એમ જ લાગે છે કે ખાઈમાં પડવું જો એકાંત કષ્ટમય છે તો ઘરમાં નિવાસ પણ એકાંત કષ્ટપ્રદ જ હોવો જોઈએ, પરંતુ આ તર્ક તો સ્પષ્ટ અનુભૂતિની વિરુદ્ધ છે. જ્યારે અનાદિથી બધો જ પર્યાય-સમુદાય અજ્ઞાન, રાગ-દ્વેષ તથા અનિત્યતાના આયતન છે અને એની સમાનાન્તર એક માત્ર નિજ ચૈતન્યસત્તા જ શુદ્ધ, પૂર્ણ, ધ્રુવ તથા આનંદ-નિકેતન છે તો બન્નેમાં કોનું અહં તથા કોનું અવલંબન શ્રેયસ્કર હશે? એક વાત હજી છે અને તે એ કે **જ્ઞાન સદા અનૈકાંતિક જ હોય છે અને દૃષ્ટિ (શ્રદ્ધા) સદા એકાંતિક જ હોય છે.** દ્રવ્ય તથા પર્યાયના પરસ્પર વિરુદ્ધ બન્ને પાસાઓનું પરિજ્ઞાન થઈ જવાથી સહજ જ નિર્ણય થઈ જાય છે કે વૃત્તિ (દૃષ્ટિ)ને બન્નેમાંથી ક્યાં આરામ મળશે? નિશ્ચિતરૂપે ધ્રુવદ્રવ્ય જ શાશ્વત આરામમય છે. આ રીતે ધ્રુવની જ મહિમા ખ્યાલમાં આવવાથી અનાદિથી ક્ષણિક વૃત્તિ-સમુદાયમાં રહેલ શ્રદ્ધાનું અહં પીગળી જઈ નિજ ધ્રુવસત્તામાં અહમ્રૂપ પરિણત થઈ જાય છે.

શ્રદ્ધાનો વિષય આટલો સ્પષ્ટ થવા છતાં પણ પ્રમાણાભાસથી ગ્રાસીભૂત આગ્રહ શ્રદ્ધાના વિષયમાં પર્યાય શામિલ કર્યા વગર તૃપ્ત નથી થતો. પરંતુ અમારો સંતુલિત વિશુદ્ધ ચિંતન સ્વયં અમને આ સમાધાન આપશે કે શ્રદ્ધાના વિષયક્ષેત્રમાં પર્યાયના પણ પદાર્પણનો અમારો આગ્રહ અવિવેકી તો છે જ સાથે જ અત્યંત અવ્યવહારિક પણ છે.

આ સંબંધમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ વાત હંમેશા દૃષ્ટવ્ય છે. એક પ્રશ્ન છે કે શ્રદ્ધાનું શ્રદ્ધેય પહેલેથી જ વિદ્યમાન તથા પૂર્ણ હોય છે કે શ્રદ્ધા ક્ષણમાં સ્વયં શ્રદ્ધા આદિ વૃત્તિઓ શ્રદ્ધેયની સાથે મળીને એને પૂરી કરે છે અને ત્યારે તેનો શ્રદ્ધેય થાય છે?

**જો શ્રદ્ધા વગેરે વૃત્તિઓ શ્રદ્ધેયને પૂરો કરે છે તો એનો અર્થ એ થયો કે શ્રદ્ધેય સદા જ અપૂર્ણ છે અને અપૂર્ણ શ્રદ્ધેયમાં શ્રદ્ધાનું સર્વ-સમર્પણ તથા લીનતા અનંતકાળમાં પણ સંભવ નથી. આ રીતે શ્રદ્ધેયની અપૂર્ણતામાં શ્રદ્ધાનું સ્વરૂપ સદૈવ શંકાશીલ, ભ્રાંત તથા મલિન જ રહેશે અને તે ક્યારેય પણ સર્વ સમર્પણપૂર્વક શ્રદ્ધેયને વરશે નહીં.**

એક વાત હજી છે- એ તો સર્વની જાણમાં છે કે વર્તમાનમાં અજ્ઞાનીનો સર્વ પર્યાય-સમુદાય વિકારી છે અને સ્વ તથા પરના દ્રવ્ય તથા પર્યાય, વિકાર તથા નિર્વિકાર આદિનું તાત્વિક ચિંતન તથા વિશ્લેષણ પણ અજ્ઞાન દશામાં જ પ્રારંભ થાય છે. તેથી દ્રવ્ય તથા પર્યાયમાં તાત્વિક વિશ્લેષણમાં પર્યાય-સમુદાયનો વિકાર તથા અનિત્યતાની સમજ થઈ જવા છતાં પણ તેને નિર્વિકારી દ્રવ્યની



સાથે મળીને અનુભવ કરવાનો આગ્રહ તો ભયંકર અવિવેક જ થશે અને શું આ અવિવેકપૂર્ણ પ્રયાસમાં કોઈ મનોરમ, રમણીક તથા પરમ નિર્વિકાર શ્રદ્ધેયની અનુભૂતિ તથા ઉપલબ્ધિ થઈ શકશે? વિકારને નિર્વિકારની સાથે એકાકાર કરીને અનુભવ કરવાના પ્રયાસમાં ખરેખર બન્ને ક્યારેય એકમેક તો થતા જ નથી; પરંતુ આ દુરાગ્રહમાં દ્રવ્ય એકાંત વિકારી જ અનુભવમાં આવે છે, થોડું વિકારી તથા થોડું નિર્વિકારી નથી. ખરેખર તો આ આગ્રહ શુદ્ધ દૂધમાં રાખ ભેળવી સેવન કરવા જેવું થયું. જ્યારે દૂધ તથા રાખ પરસ્પર વિપરીત બે તત્ત્વ છે અને બન્નેની અત્યંત ભિન્ન અનુભૂતિ થઈ શકે છે તો બન્નેને ભેળવીને સેવન કરવાનો આગ્રહ તો માત્ર બાળચેષ્ટા જ થશે. આ ચેષ્ટામાં ક્યારેય પણ શુદ્ધ દૂધની અનુભૂતિ સંભવિત નહીં થાય તથા થોડા શુદ્ધ દૂધની અનુભૂતિ અને થોડા અશુદ્ધ દૂધની અનુભૂતિ એવો દ્વૈત ન થતાં એકાંત અશુદ્ધતાનો જ અનુભવ થશે.

આ રીતે પરમ નિર્વિકાર દ્રવ્ય તથા ક્ષણિક વિકારી પર્યાય-સમુદાય બન્ને પરસ્પર વિપરીત બે ભાવ થવાથી બન્નેમાંથી એક સમયમાં એકનો જ અહં તથા અનુભૂતિ, અત્યંત શંકારહિત છે. તો પછી બન્નેને ભેળવવાનો દુરાગ્રહ શા માટે? અને આ આગ્રહ તો ત્યારે થવો જોઈએ જ્યારે એક સમયમાં એકના વિના બીજાનો સંચેતન અસંભવ હોય. પરંતુ બન્ને ભાવ પરસ્પર વિપરીત હોવાથી શુદ્ધ ચૈતન્યતત્ત્વની અનુભૂતિ અશક્ય તથા દુઃસાધ્ય તો છે જ નહીં પરંતુ સરળતમ સુખદ તથા પરમ મંગલમય હોય છે. તેથી ક્ષણિક તથા વિકારી પર્યાયનાં સમ્મિશ્રણ વગર પરમ નિર્વિકાર દ્રવ્યના વેદનની અશક્યતાનું પ્રતિપાદન જ્ઞાનનું ભયંકર નપુંસકત્વ છે; ફળસ્વરૂપ તિરસ્કરણીય છે.

## શું છે પર્યાયનું હેયત્વ?

**What is the forsakeableness of mode or modification?**

વસ્તુતઃ અજ્ઞાનીને પોતાની વિશુદ્ધ ચિંતનધારામાં જો એમ ખ્યાલમાં આવી જાય કે 'મારી સત્તા તો નિતાન્ત શુદ્ધ તથા અક્ષય છે અને મારી જ વૃત્તિ એને અશુદ્ધ તથા નશ્વર ઘોષિત કરતી રહી, તો વૃત્તિ-સમુદાયના મિથ્યા પ્રતાપનું ઉદ્‌ઘાટન થઈ જવા પર વૃત્તિ-સમુદાયમાં રહેલ એનો વિશ્વાસ સ્ખલિત થઈને શુદ્ધ ચૈતન્યસત્તામાં પોતાના અહંની સ્થાપના કરી લે છે. આ વિશ્વાસમાં સદૈવ જ પર્યાયના સ્વરનો નિષેધ પ્રવર્તિત થાય છે. આને જ પર્યાયનું હેયત્વ કહેવામાં આવે છે. **સ્પષ્ટ વાત તો આ છે કે દૃષ્ટિમાં નિષેધરૂપ પણ કોઈ વૃત્તિ પ્રવર્તિત નથી થતી પરંતુ નિરંતર નિજ શુદ્ધ ચૈતન્યસત્તામાં અહંનું પ્રવર્તન જ પર્યાયનો નિષેધ અથવા હેયત્વ કહેવામાં આવે છે.** તોપણ જો આપણો પૂર્વાગ્રહ વિકારી તથા અનિત્ય વૃત્તિ-સમુદાયને પરમ નિર્વિકાર નિત્ય દ્રવ્યની સાથે ભેળવી પોતાના શ્રદ્ધેયની રચના કરશે તો એ શ્રદ્ધેયનું શું સ્વરૂપ હશે! એની કલ્પના સંભવ નથી. ઘણું કરીને આ મિથ્યા તથા વિફળ પ્રયાસમાં શ્રદ્ધા તથા શ્રદ્ધેયનું સંપૂર્ણ સૌંદર્ય જ નષ્ટ થઈ જશે. આ રીતે ભાવિ નિર્વિકારી પર્યાય-સમુદાયને દ્રવ્યમાં ભેળવી શ્રદ્ધા કરવાનો આગ્રહ પણ સમાન કોટિનું મિથ્યાદર્શન જ છે. તેથી તે અવિદ્યમાન સત્‌ને વિદ્યમાન દ્રવ્યમાં ભેળવવાની વિધિ શું હશે? **બીજી વજનદાર વાત એ છે કે કોઈ પણ પર્યાય નિત્ય વિદ્યમાન નિર્વિકારી નિજ ચૈતન્યસત્તાના અવલંબનથી શુદ્ધ થાય છે, નહીં કે શુદ્ધ પર્યાયનું અવલંબન હોય છે.**



આ સંદર્ભમાં એક અત્યંત સુંદર મનોવૈજ્ઞાનિક તર્ક પણ આપણને સમાધાન આપશે કે જ્યારે આ વિશ્વની અનંત સત્તાઓની જેમ નિજ ચૈતન્યસત્તા પણ સંપૂર્ણ તથા સુંદર છે અને વિશ્વની પ્રત્યેક સત્તાની પાસે જેટલો વૈભવ છે તેટલો જ આપણી પાસે પણ છે તથા અન્ય સત્તાઓના સ્વામી અન્ય દ્રવ્ય જ છે અને અન્ય દ્રવ્ય જ હોવા જોઈએ તથા તેનાં સ્વામિત્વનો આપણને કોઈ અધિકાર ન હોઈ શકે અને હોવો પણ ન જોઈએ; તો પછી સંપૂર્ણ તથા સુંદર સ્વ-સદન (સ્વ-સત્તા)ના અવલંબનને છોડીને પર-સદન (પર-સત્તા)માં પ્રવેશનો પ્રયત્ન શું વ્યાજબી તથા ઉચિત હશે? અને શું આ બળાત્કારમાં શાંતિ તથા આનંદની ઉપલબ્ધિ થઈ શકશે? નિશ્ચિત જ નહીં થાય, નહીં તો આ પ્રયત્નથી વિશ્વનો મહાન અપરાધ જાહેર કરવામાં આવશે.

ફરીથી એક અત્યંત હૃદયગ્રાહી તથ્ય પણ આપણું ધ્યાન આકર્ષિત કરશે અને તે આ કે વસ્તુની વૃત્તિને સ્વયં વસ્તુમાં જ વિરામ ન મળે એવું વિધાન કોણે બનાવ્યું? માતાના ખોળામાં પોતાના જ બાળકને ધારણ કરવાની ક્ષમતા ક્યારે ન રહે? તેમ વસ્તુની વૃત્તિ પોતાની જ વસ્તુના અનંત તથા અપરિમિત વૈભવમાં સંતુષ્ટ ન થાય અને અન્ય તરફ આકર્ષિત થઈને અન્ય સત્તાઓમાં પોતાની પ્રિયતા તથા શ્રેષ્ઠતા તપાસતી ફરે તો જગતમાં આનાથી મોટું આશ્ચર્ય શું હશે? સુમનની સુગંધને સ્વયં પોતાના સુમનમાં સંતોષ નથી તો પછી જગતમાં તે ક્યું સુમન હશે જે આ સૌરભને પોતામાં શરણ આપશે? અને જો વૃત્તિને વૃત્તિમાનમાં વિરામ ન મળે તો લોકમાં આવી નબળી વ્યવસ્થા કોણે ઉત્પન્ન કરી? નિશ્ચિત જ આ કલ્પનામાં

કોઈ સ્વસ્થ તથા સુંદર વિશ્વની ઉપલબ્ધિ તો નહીં થઈ શકે. તેથી વૃત્તિને વૃત્તિમાનનું અવલંબન જ વિશ્વનું પરમ સૌંદર્ય છે.

## સમ્યક્ શ્રદ્ધાનું શ્રદ્ધેય પૂર્ણ જ હોય છે

**The venerable subject of right belief is alwaysperfect only**

**શુદ્ધ ચૈતન્યસત્તા મિથ્યાદર્શનાદિ વિકારી પર્યાય-સમુદાયથી વિકારી નથી બનતી; પરંતુ એ શુદ્ધ ચૈતન્યસત્તાનું અદર્શન અર્થાત્ અવિશ્વાસ જ મિથ્યાદર્શનની વિકારી પર્યાય છે. આ રીતે તે ચૈતન્ય- સત્તા સમ્યગ્દર્શનાદિ શુદ્ધ પર્યાયોના ઉત્પન્ન થવાથી શુદ્ધ નથી થતી પરંતુ તે શુદ્ધ ચૈતન્યસત્તાના દર્શન અર્થાત્ અહં જ સમ્યગ્દર્શનની શુદ્ધ પર્યાય છે.** આ રીતે ચૈત્નયસત્તાની ત્રિકાળી શુદ્ધતા તથા સર્વ પર્યાય-નિરપેક્ષતા અત્યંત નિરાપદ છે અને બધો જ અનિત્ય તથા વિકારી પર્યાય-સમુદાય તેની ધ્રુવ સીમાની બહાર રહી જાય છે. એટલે સુધી કે **ધ્રુવસત્તાના અહંને સમ્યગ્દર્શન તો કહેવામાં આવે છે, પરંતુ સમ્યગ્દર્શન ખરેખર ધ્રુવનું અહં નહીં પરંતુ સ્વયં ધ્રુવ છે. આ રીતે સ્વયં સમ્યગ્દર્શન પણ સમ્યગ્દર્શનની સીમા (ધ્રુવ)ની બહાર રહી જાય છે અને દ્રવ્ય-પર્યાયસ્વરૂપ પૂરા આત્મપદાર્થમાં સમ્યગ્દર્શનનો વિષય પદાર્થનો અનંત ગુણાત્મક સામાન્ય દ્રવ્યાંશ જ હોય છે, પરંતુ અંશ હોવાથી તે અપૂર્ણ નહીં પરંતુ સ્વયં જ પૂર્ણ છે કેમ કે તેને પરદ્રવ્ય તથા પોતાની પર્યાયની પણ કોઈ અપેક્ષા ન હોવાથી તે અત્યંત નિરપેક્ષ છે અને એ માટે તે પૂર્ણ છે.** દૃષ્ટિ (શ્રદ્ધા) પણ એમાં અંશની નહીં પરંતુ પૂર્ણની પ્રતીતિ કરતી સ્વયં પૂર્ણ છે. આ રીતે બન્ને



અંશોની પૂર્ણતા જ વસ્તુની પૂર્ણતા છે.

ધ્રુવને અંશ માની શ્રદ્ધા કરવી પ્રકારાંતરથી મિથ્યાદર્શન જ છે. જેમ ૧૧ના અંકમાં એકના બન્ને અંક પોત-પોતામાં પૂર્ણ જ છે. આ રીતે બન્નેની પૂર્ણતા જ ૧૧ની પૂર્ણતા છે. જો એકના બન્ને અંક અપૂર્ણ હોય તો ૧૧નું પૂર્ણાંક જ ઉપલબ્ધ નહીં થશે, કેમ કે બન્ને અપૂર્ણ સ્વયં તો ક્યારેય પૂરા હોતા જ નથી. તેથી બન્ને મળીને પણ કોઈ એક પૂર્ણ સ્વરૂપને સંપન્ન ન કરી શકે. આ વસ્તુ-સ્વભાવની સ્વયંસિદ્ધ વિલક્ષણતા જ છે.

ખરેખર સમ્યગ્દર્શનને જો 'ધ્રુવનું અહં' કહેવામાં આવે તો તે જ્ઞાનનો વ્યવહાર છે, **પરંતુ સમ્યગ્દર્શન સ્વયં પોતાને 'ધ્રુવનું અહં' સ્વીકાર નથી કરતું પરંતુ ધ્રુવ સ્વીકાર કરે છે.** પોતાની સમક્ષ વિદ્યમાન 'ધ્રુવ'માં 'હું ધ્રુવ છું.' એવી એની અભેદ સ્વીકૃતિ હોય છે અને આ અભેદ સ્વીકૃતિને જ 'ધ્રુવનું અહં' કહે છે.

**'અહંમય ધ્રુવ' શ્રદ્ધાનું શ્રદ્ધેય ન હોય. શ્રદ્ધાનું શ્રદ્ધેય એટલું પૂર્ણ તથા સર્વોપરિ હોય છે કે તે તેમાં પોતાને ભેળવીને અવકાશ નથી પ્રાપ્ત કરતી. વાસ્તવમાં 'પૂર્ણ'માં 'પૂર્ણનું અહં' નો મળવાની પણ કોઈ જરૂરત નથી. તેથી તે પૂર્ણમાં 'પૂર્ણનું અહં' એનો પણ ત્રિકાળ અભાવ છે. અને જેમાં કોઈ ભેળવવામાં આવે તો એ પૂર્ણ કેવું?** એટલે જો શ્રદ્ધાનો સ્વર એ હોય કે 'હું પૂર્ણનું અહં છું' તો આ સ્વરમાં 'પૂર્ણનું અહં' નહીં પરંતુ 'અહં નું અહં' પ્રવર્તિત થાય છે અને તે તો સ્પષ્ટ મિથ્યા જ છે.

જો શ્રદ્ધાને પોતાનામાં જ-પર્યાયને પર્યાયમાં જ વિશ્રામ મળી જાય તો પછી તે આલંબન કેમ શોધે છે? અને જો તે આલંબન શોધતી જ રહે તો એનો અર્થ એ છે કે તેને સ્વયંને પોતામાં વિરામ નથી મળ્યો. તેથી સ્વયં 'અહં' તથા 'અહં'ની ભેળસેળવાળું પૂર્ણ શ્રદ્ધાનું આલંબન ન થાય પરંતુ નિરપેક્ષ પૂર્ણ એનું આલંબન હોય છે. તેથી શ્રદ્ધામાં સ્વયં શ્રદ્ધાનો પણ અત્યંત તિરોભાવ થઈને એક માત્ર 'પૂર્ણ'નું વર્ચસ્વ જ આવિર્ભૂત રહે છે. એમાં જ્ઞાનની જેમ મુખ્ય તથા ગૌણની કોઈ વ્યવસ્થા નથી.

**'ધ્રુવ' તત્ત્વ શ્રદ્ધા માટે મુખ્ય તત્ત્વ નહીં પરંતુ એનું સર્વસ્વ જ છે. એ માટે સમ્યગ્દર્શન સ્વયં પોતાને અદશ્ય કરી ધ્રુવનું દર્શન કરે છે. તે પોતાને ગૌણના ખાતામાં પણ નથી રાખતું. ખરેખર પોતાને બચાવી શ્રદ્ધેયને પોતાનું સમર્પણ કરવાની વાત તો એકદમ છળ તથા અપૂર્ણ છે. સ્વયંને અદશ્ય કર્યા વગર સમર્પણનું સ્વરૂપ જ બની શકતું નથી. તેથી સમ્યગ્દર્શનની દુનિયામાં સમ્યગ્દર્શન સંજ્ઞાવાળી કોઈ વસ્તુ જ નથી.** રાધાએ જગતમાં રાધાને ક્યારે જોઈ નથી. તેની દુનિયા તો કૃષ્ણની બની હતી. **શ્રદ્ધાની આ અનંત શૂન્યતામાં જ 'ધ્રુવ'ની મંગલમય વસ્તી વસેલી છે અને તેથી શ્રદ્ધાનું આ અદ્વૈત અનંત આનંદમય હોય છે.**

આ પદ્ધતિમાં આત્માને માત્ર ધ્રુવ માનવાથી એમાં પર્યાયનો અભાવ નથી થતો પરંતુ **'ધ્રુવ તથા ધ્રુવની શ્રદ્ધા'** 'પૂર્ણ તથા પૂર્ણનો અહં' આ રીતે બન્ને અંશોની નિરપેક્ષ પૂર્ણતામાં આત્મપદાર્થ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ પૂર્ણ જ બની રહે છે. જેમ શરીરમાં પ્રત્યેક



અંગની પૂર્ણતા જ શરીરની પૂર્ણતા છે. જો શરીરનાં બધા અંગો અધૂરા હોય તો બધા અધૂરા અંગોથી એક પૂર્ણ શરીર તો બની શકતું નથી. આ રીતે અડધું દ્રવ્ય તથા અડધી પર્યાય આ પદાર્થનું સ્વરૂપ નહીં પરંતુ 'પૂર્ણ દ્રવ્ય તથા પૂર્ણ પર્યાય' એ પદાર્થનું સ્વરૂપ હોય છે.

ખરેખર ધ્રુવને અંશ માનવાવાળી શ્રદ્ધામાં પૂર્ણતાની પ્રતીતિ જ નહીં થઈ શકે. ફળસ્વરૂપ અનુભૂતિમાં આનંદની ઉત્પત્તિ જ નહીં થાય; પરંતુ અંશ અર્થાત્ અપૂર્ણની પ્રતીતિ હોવાથી હંમેશા જ એવું લાગતું રહેશે કે આત્મામાં હજી કાંઈ ઉણપ છે. **વાસ્તવમાં શ્રદ્ધા વગેરે વૃત્તિઓનું કાર્ય ધ્રુવ આત્મામાં કાંઈ કરવું નહીં પરંતુ તેને ધ્રુવ માત્ર માનવું હોય છે. 'હું ધ્રુવ છું' આ સમ્યગ્દર્શનનો સ્વર છે. સમ્યગ્દર્શનની કાયા ધ્રુવથી જ નિર્મિત છે. એમાં સર્વત્ર ધ્રુવ જ ફેલાયેલો છે. અનિત્યતા તેમાં છે જ નહીં. તેને વિશ્વમાં ધ્રુવ સિવાય અન્ય સત્તાનો સ્વીકાર જ નથી. એનું વિશ્વ જ ધ્રુવ છે.**

જો દષ્ટિમાં ધ્રુવ સિવાયની અન્ય સત્તાનો પણ સ્વીકાર થાય તો દષ્ટિનો સ્વભાવ અહં હોવાથી તેને અન્ય સત્તામાં અહં થયા વગર નહીં રહેશે અને આ અહં મિથ્યાદર્શન છે.

'મારી સત્તા ધ્રુવ છે.' સમ્યગ્દર્શનને દ્રવ્ય-પર્યાયનો આ ભેદ પણ સ્વીકાર્ય નથી. દષ્ટિ (શ્રદ્ધા)નું સ્વરૂપ જ એવું છે એને જ્ઞાનની જેમ સ્વ-પરનો ભેદ કરતા નથી આવડતો. તેને તો અહં કરતાં આવડે છે. એના લોકમાં કોઈ પર છે જ નહીં. એ મિથ્યા હોય

છે તોપણ એને બધું સ્વ જ દેખાય છે. તો સમ્યક્ થયા બાદ તો તેની સીમામાં અન્ય ભાવોનો પ્રવેશ કેવી રીતે સંભવે? **બીજું તો ઠીક, સમ્યગ્દર્શનના ઘરમાં સ્વયં સમ્યગ્દર્શનને રહેવા પણ કોઈ જગ્યા નથી. તેણે પોતાનો ખૂણે ખૂણો ધ્રુવ માટે ખાલી કરી દીધો છે.**

સૌરાષ્ટ્રના સંતે ભવના અભાવ માટે 'ધ્રુવ'નું આ 'મંગલ સૂત્ર' લોકોને આપ્યું. તેમણે સમ્યગ્દર્શનના જે સ્વરૂપનું અનુસંધાન કર્યું તે આ યુગનું એક આશ્ચર્ય છે. સમ્યગ્દર્શનનાં આ સૂક્ષ્મ તથા અદ્ભુત સ્વરૂપનું આ યુગને સ્વપ્ન પણ ન હતું. **ખરેખર શ્રી કાનજીસ્વામી આ યુગમાં સમ્યગ્દર્શનના આવિષ્કર્તા છે અને આ ભવાન્તક સમ્યગ્દર્શન આ યુગને એમનું સૌથી મોટું વરદાન છે, એના સ્વરૂપનો બોધ એમના વગર સંભવ જ ન હોત.**

એ સત્પુરુષે સમ્યગ્દર્શનનાં સંબંધમાં પ્રચલિત સર્વ ભ્રાંતિઓનું પ્રક્ષાલન કરી દીધું. કોઈ કહે છે કે સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા જ સમ્યગ્દર્શન છે તો કોઈ સાત તત્ત્વની શ્રદ્ધા, તો કોઈએ તો ત્યાં સુધી કહેવાનું દુઃસાહસ કર્યું કે જૈનકુળમાં જન્મ જ સમ્યગ્દર્શન છે. ક્યાંકથી અવાજ આવ્યો કે સમ્યગ્દર્શન કાળલબ્ધિ આવવાથી પોતાની મેળે થાય છે, એના માટે પુરુષાર્થની અપેક્ષા નથી અને ઉત્પન્ન થયા બાદ પણ પોતાને એની ખબર જ ન પડે. પરંતુ આ મહાપુરુષે રહસ્ય ઉદ્‌ઘાટન કર્યું કે આમાંથી એક પણ સમ્યગ્દર્શન નથી. આ બધાની સમગ્રતામાં પણ પ્રચંડ અંતર-પુરુષાર્થ વગર સમ્યગ્દર્શન ન થાય. આ પણ નિતાંત અસત્ય છે કે સમ્યગ્દર્શન થયા બાદ સ્વયં જ એને ખબર ન પડે. **સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવાથી સાધકને**



**નિજ શુદ્ધ ચૈતન્યસત્તાની લીનતામાં અતીન્દ્રિય આનંદનું પ્રત્યક્ષ સંવેદન થાય છે. આગમનું અક્ષર-અક્ષર એનું સાક્ષી છે.**

એ સંતે સમ્યગ્દર્શનના આ નિશ્ચય પક્ષનું જ વિવેચન નથી કહ્યું, પરંતુ એના વ્યવહારિકપક્ષને પણ પ્રબળ સમર્થન કર્યું છે. તેમણે કહ્યું, **'સમ્યગ્દર્શન મિથ્યાત્વ, અન્યાય તથા અભક્ષનું સેવન નથી કરતો. એનું લૌકિક જીવન બહુ પવિત્ર હોય છે. તે સ્વપ્નમાં પણ અતત્ત્વ તથા અસત્યને પ્રોત્સાહિત કરતો નથી. તે સાચા દેવ-ગુરુ-ધર્મનો સાચો ઉપાસક હોય છે. જીવનમાં આ વિશુદ્ધિના પ્રાદુર્ભાવ વગર સમ્યગ્દર્શન નથી થતું. તેનો જન્મ પવિત્ર મનોભૂમિમાં જ થાય છે.'**

સમ્યગ્દર્શનની ગરિમાને ગાતાં-ગાતાં તે સંત ભાવવિભોર થઈ જાય છે, તેઓ કહે છે કે સમ્યગ્દર્શન જીવનની કોઈ મહાન ઉપલબ્ધિ છે, તે જીવન-તત્ત્વ તથા જીવનકળા છે તેના વગર જીવન, મૃત્યુનું જ ઉપનામ છે. જ્ઞાનમાં સ્વ-પરનો ભેદ સમજવાની ક્ષમતા હોવાથી સમ્યગ્દર્શન દરેક પરિસ્થિતિમાં થઈ શકે છે. સાતમી નરકની ભયંકરતા અથવા સ્વર્ગોની અનુકૂળતા તેને બાધક નથી થતી કર્મકાંડ ને કઠિન વિધાન એની ઉત્પત્તિમાં મદદ નથી કરતા. તેને ઘર નથી છોડવું, દેહનું વિસર્જન નથી કરવું, પરંતુ ઘર તથા દેહમાં રહીને જ એનું અહં તોડવું છે. આ સમ્યગ્દર્શન સરળ છે, કઠોર હોવાની કલ્પના જ કઠોરાપણું છે. સમ્યગ્દર્શન અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિનું દાસત્વ સ્વીકાર નથી કરતું. તેથી નારક તથા સ્વર્ગના વિષમ વાયુમંડળમાં પણ 'હું નારકી નહીં' 'હું દેવ નહીં' પરંતુ હું તો અક્ષય ચૈતન્ય તત્ત્વ છું એવા અવિરામ સંચેતનમાં એનો જન્મ થઈ જાય

છે. તેથી તે દરેક ગતિમાં થાય છે.'

**આ યુગમાં સમ્યગ્દર્શન શ્રી કાનજીસ્વામીની એક એવી શોધ છે જેણે મૃત્યુ તરફ વધતા યુગના ચરણ જીવન તરફ પાછા વાળ્યા. એ કહેવું અતિશયોક્તિ નહીં થાય કે તે સંતના સમ્યગ્દર્શને મૃત્યુને જ મારીને વિશ્વમાંથી તે સત્તા જ સમાપ્ત કરી દીધી.**

## સમ્યક્ ચારિત્રનું સૌંદર્ય

### The beauty of right conduct (state of self-absorption)

સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનની જેમ પૂજ્ય ગુરુદેવે ચારિત્રનું પણ એક શુદ્ધ સ્વરૂપ પ્રસ્તુત કર્યું છે. તેઓ ચારિત્રના મહાન ઉપાસક હતાં. ચારિત્રવંત દિગંબર સંતોના અંતર-બાહ્ય સ્વરૂપનું વર્ણન કરતાં-કરતાં તે થાકતા ન હતાં. હજારોવાર એમના અંત...માંથી આ ઉદ્ગાર સહજ જ નીકળતાં હતા કે '**એવા વન વિહારી નગ્ન દિગંબર વીતરાગી સંતોના દર્શન અમને ક્યારે પ્રાપ્ત થશે અને તે અવસર ક્યારે આવશે જ્યારે આનંદમય નગ્ન દિગંબર દશાની અમને પ્રાપ્તિ થાય.**' કુંદકુંદ તથા અમૃતચંદ્ર જેવા અનંત ભાવલિંગી સંતોના ચરણોમાં એમનું નતમસ્તક રહે છે. આનંદમાં ઝૂલતા દિગંબર સંતોના હૃદયના મર્મને આજે તેઓ જ ઓળખી શક્યા. મુનિત્વની બાહ્ય અન્ય વૃત્તિઓમાં મુનિનો આત્મા ખોવાઈ ગયો હતો. ચારિત્રને કઠિન તથા કષ્ટસાધ્ય માનવામાં આવતું હતું. ચારિત્રના તે મહાન ઉપાસકની વાણીના માધ્યમથી ચારિત્રનું સત્ય સ્વરૂપ આજે ઓપ્યું છે. કોરા શુભ અનુષ્ઠાનોની કાળી કોટડીમાં ચારિત્ર જેવા જીવન તત્ત્વને કેદ



કરવાના બધા પ્રયત્ન આજે એ સંતે વિફળ કરી દીધા. તેઓએ શંખનાદ ફૂંક્યો. '**ચારિત્ર ન તો ઘરબાર આદિ બાહ્ય સંયોગોનો વિયોગમાત્ર છે અને ન કર્મકાંડની છલાંગો, ન કોરું નગ્નત્વ જ ચારિત્ર છે, ન મહાવ્રત, સમિતિ આદિનો પરાશ્રિત શુભાચાર. ઉપસર્ગ તથા પરિષહ પાલન એ પણ ચારિત્ર નથી તો ઇન્દ્રિયોનું દમન તથા ભયંકર કાયક્લેશ પણ ચારિત્ર નથી, પરંતુ સ્વરૂપમાં અંતર્લીન આનંદવૃત્તિ જ ચારિત્ર છે.**'

શ્રી કાનજીસ્વામીએ ચારિત્રની સાથે હોવાવાળા શુભાચારનું પણ જેને વ્યવહારચારિત્ર કહે છે તેના યથાર્થ સ્વરૂપનું પૂરું પ્રકાશન કર્યું. તેમણે કહ્યું '**શુભાચાર જે માત્ર મંદ કષાયની જ પર્યાય છે એને ચારિત્ર માનવું તો મિથ્યાદર્શન છે જ, પરંતુ વીતરાગ ચારિત્ર સાથે હોવાવાળા શુભાચારચનું સત્વ જ સ્વીકાર ન કરવું એ પણ સમાન કોટિનું મિથ્યાદર્શન જ છે.**' મુનિત્વની ભૂમિકામાં ઉગ્ર ચારિત્રની સાથે રહેવાવાળા શેષ કષાયાંશ એટલા મંદ થઈ જાય છે કે એની અભિવ્યક્તિ ૨૮ મૂળગુણરૂપ શુભાચારના રૂપમાં થાય છે. તેથી શ્રી કાનજીસ્વામી કહે છે કે જોકે નગ્નતા મુનિત્વ નથી પરંતુ મુનિ નગ્ન જ હોય છે અંતરંગ પરિગ્રહના અભાવની સાથે તેમને તલ-તુષમાત્ર એને બાહ્ય પરિગ્રહ નથી હોતો. મુનિનું સ્વરૂપ જમાના અનુસાર નથી બદલાતું પરંતુ એમનું ત્રિકાળ સ્વરૂપ એક જ હોય છે.

તેઓશ્રીએ વ્યવહારચારિત્રનું બહુ સુંદર સ્પષ્ટીકરણ કર્યું અને કહ્યું કે '**વ્યવહાર (શુભભાવ) કોઈ ચારિત્ર નથી પરંતુ તે તો અચારિત્રભાવમાં ચારિત્રનો આરોપમાત્ર છે, કેમ કે અંતરંગ**

**વીતરાગ ચારિત્રની સાથે તે શુભભાવની ભૂમિકા સહજ હોય છે તથા તે શુભભાવ પણ અંતરંગ વીતરાગ ચારિત્રની ભૂમિકાને યોગ્ય જ હોય. આ અનુરોધથી મંદકષાયરૂપ એ અચારિત્ર ભાવને પણ ચારિત્ર કહેવાની એક પદ્ધતિ છે અને આ પદ્ધતિને વ્યવહારનય કહે છે. પરંતુ વસ્તુતઃ ચારિત્ર તો આનંદમય વીતરાગભાવ જ છે અને તે જ મોક્ષમાર્ગ છે. મંદકષાયરૂપ વ્યવહારચારિત્ર ચારિત્રનો વિકાર માત્ર છે તે જરા પણ ચારિત્ર નથી અને બધાયે બંધસ્વરૂપ છે'**

સમ્યગ્દૃષ્ટિને જીવનમાં સદા જ ચારિત્રનાં પ્રાદુર્ભાવની ઉગ્ર ભાવના પ્રવર્તિત થાય છે. એને ભલે પુરુષાર્થની નિર્બળ ગતિને કારણે ચારિત્ર ન થાય પરંતુ તે ક્યારેય ચારિત્રની આનંદમય વૃત્તિ પ્રતિ ઉદાસીન તથા પ્રમાદી પણ નથી થતો. તેથી નિશ્ચિત જ તેને આ ભવ અથવા ભવાંતરમાં ચારિત્રનો ઉદય થાય છે. **મોક્ષમાર્ગની ક્રમિક ભૂમિકાઓનો ઉલ્લંઘન કરીને ઉતાવળથી કરવામાં ચારિત્ર નથી આવતું, પરંતુ શુદ્ધ ચૈતન્ય તત્ત્વની ઉગ્ર ભાવનાથી જ જીવનમાં ચારિત્રનો ઉદય થાય છે.**

શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું તો વિશદ વિવેચન શ્રી કાનજીસ્વામીની વાણીમાં થયું જ છે, પરંતુ સાથે જ જૈનદર્શનના આધારભૂત સિદ્ધાંત નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન તથા આર્હત્ દર્શનનો પ્રાણ અનેકાંત આદિનો જે અત્યંત પ્રમાણિક, આગમ-સમ્મત તથા સતર્ક પ્રતિપાદન થયું છે તે ચિત્તને ચકિત કરી દે છે. સંભવતઃ જૈનદર્શનના આધારભૂત કોઈ સિદ્ધાંત એવો નથી, જેમાં તેઓશ્રીના જ્ઞાન તથા વાણીનો વ્યવસાય નહીં થયો હોય, અધ્યાત્મનું એવું સાંગોપાંગ



વિવેચન તો શતાબ્દિઓમાં નથી થયું. ૪૨ વર્ષથી અધ્યાત્મની વર્ષા કરતી એમની પ્રજ્ઞાએ અજ્ઞાનના મૂળ હલાવી દીધા છે. તીર્થંકરો તથા વીતરાગી સંતોના હૃદયનો મર્મ શોધીને તેઓશ્રીએ આપણને તીર્થંકરોનાં યુગ સુધી પહોંચાડી દીધા. તેઓશ્રીની પ્રજ્ઞાએ આગમનાં ગંભીર રહસ્યોનો તાગ લઈને જે મર્મ કાઢ્યા છે તે આ યુગનો એક અચંબો લાગે છે. વાણીની પણ એ અતિશયતા કે ૪૨ વર્ષનાં ધારાવાહિક પ્રવચનોમાં ક્યાંય પણ પૂર્વાપર વિરોધ નથી. આત્મ-પ્રસિદ્ધિ, નય-પ્રજ્ઞાપન તથા અધ્યાત્મસંદેશ જેની સાહિત્યિક નિધિઓ તેઓશ્રીની નિર્મળ તથા તીક્ષ્ણ પ્રજ્ઞાની એવી પ્રસ્તુતિ છે કે જેને જોઈને આજના યુગના બૌદ્ધિક અહં તેઓશ્રીના ચરણોની ધૂળમાં આળોટવાના ગર્વનો અનુભવ કરશે.

એમનાં પ્રવચનોથી કલ્પનાતીત આધ્યાત્મિક સાહિત્યનું સર્જન થયું છે. શાશ્વત શાંતિનાં વિધિ-વિધાનોથી ભરેલા એમનાં આધ્યાત્મિક સાહિત્યે ભારતીય સાહિત્યનું મસ્તક વિશ્વમાં ઊંચું કર્યું છે. તે સાહિત્ય યુગ-યુગ સુધી શાંતિના પિપાસુઓને સાચી શાંતિની દિશા-નિર્દેશન કરતું રહેશે.

તેઓશ્રીએ જે આધ્યાત્મિક ક્રાંતિને જન્મ આપ્યો છે, તે ક્રાંતિએ યુગના પ્રાણને મોતના મુખમાંથી ઉગારી લીધો છે. આજે જન-જનનાં શ્વાસ-પ્રશ્વાસમાં અમરત્વનો સંચાર થવા લાગ્યો છે. આજના ત્રસ્ત જન-જીવનને તેઓશ્રીની વાણીથી સાચો માર્ગ તથા માર્ગદર્શન મળે છે. તેથી નિષ્પક્ષદૃષ્ટિથી શ્રી કાનજીસ્વામીનો યુગ ભારતીય ઈતિહાસ તેમ જ શ્રમણ સંસ્કૃતિનો નિશ્ચિત જ એક સ્વર્ણ યુગ હશે.

**તેમણે ભારતીય ઈતિહાસમાં એક બેજોડ અધ્યાય જોડ્યો છે. તેઓ તે ક્રાંતિના ઉન્નાયક મહામાનવ છે જેનો જન્મ રાગમાં નહીં વૈરાગ્યમાં થાય છે. જે ક્રાંતિના ઉદયમાં આત્મા શોકમય નહીં પરંતુ મંગલમય શાંતિનું સંવેદન કરે છે. લાખો માનવોએ એમની આ શાન્તિવાહિની ક્રાંતિને બિરદાવી હતી અને એના સત્યના પારખું એમાં દીક્ષિત થયા છે. આજે લોકોનો આ સ્વર છે કે 'જો આ મુક્તિદૂત ન હોત તો અમારી શું દશા થાત? લોકહૃદયની સાચી અભિવ્યંજના છે. નિઃસંદેહ શ્રી કાનજીસ્વામી લોક-માંગલ્યની પ્રતિષ્ઠા કરવાવાળા એક લોકદૃષ્ટા તથા લોકસૃષ્ટા યુગપુરુષ છે.'**

આ મહાપુરુષનું અંતર જેવું ઉજ્જ્વળ છે બાહ્ય પણ એવું જ પવિત્ર છે. એમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક એકરૂપ તથા પરિમિત આહાર, આગમ સમ્મત સત્ય સંભાષણ, કરુણ તથા સુકોમળ હૃદય એમના વિરલ વ્યક્તિત્વનું અભિન્ન અંગ છે. ૮૭ વર્ષની અતિ વૃદ્ધ અવસ્થામાં પણ એમની દિનચર્યા એટલી નિયમિત તથા સંયમિત છે કે એક ક્ષણ પણ વ્યર્થ ન જતો.

'સમયં ગોયમ પમાયએ' ની વીર વાણી એમના જીવનમાં અક્ષરસઃ ચરિતાર્થ થઈ. શુદ્ધાત્મ તત્ત્વનું અવિરામ ચિન્તન તથા સ્વાધ્યાય જ એમનું જીવન છે. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રતિ તેઓ સદૈવ સતર્ક એવં સાવધાન છે, એનું ઉલ્લંઘન તેમને સહ્ય નથી. તેમનાં જીવનના પ્રત્યેક પાસાઓ અનુકરણીય છે. નિશ્ચિત જ તે જગતનાં વૈભવ છે અને યુગ તેમને પામીને ગૌરાન્વિત થયો છે.



તે યુગપુરુષ યુગો-યુગો સુધી મુક્તિનો સંદેશ પ્રસારિત કરતા કરતાં યુગ-યુગ જીવે. એ જ આજ યુગના અંતરની એકમાત્ર કામના છે.

હું તે યુગપુરુષની ૮૭મી જયંતીના પુણ્ય પર્વ પર મારી શ્રદ્ધાનાં અનંત સુમન એમના ચરણોમાં ચઢાવું છું.

# જ્ઞાનસ્વભાવ – સમ્યગ્જ્ઞાન

**The knowing nature of soul-right knowledge**

## (સ્વ-પર પ્રકાશક સ્વભાવ)

**The self & non-self illuminating nature (of the soul)**

**જ્ઞાન આત્માનો સાર્વકાલિક સ્વભાવ છે, તે આત્માની એક અસાધારણ શક્તિ તથા લક્ષણ પણ છે. અનંત જડ-ચેતન તત્ત્વોના સમુદાયસ્વરૂપ એવા આ વિશ્વમાં જ્ઞાનથી જ ચેતનની ભિન્ન ઓળખાણ થાય છે. તે આત્માનો એક મુખ્ય ગુણ છે જે વિશ્વનું સવિશેષ સાર્વકાલિક પ્રતિભાસન કરે છે. આત્માના અનંત ગુણ તથા ધર્મ પણ જ્ઞાનમાં જ પ્રતિબિંબિત થાય છે, જાણે કે જ્ઞાનમાં જ આત્માનું સર્વસ્વ સમાઈ રહ્યું હોય.**

શ્રી સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાનમાત્ર જ કહ્યો છે. લોકમાં પણ કોઈ એક એવી વિશેષતાની અપેક્ષાએ કોઈ વ્યક્તિને



સંબોધિત કરવાની પદ્ધતિ છે કે જે તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે. જેમ કોઈ વ્યક્તિને ન્યાયાધીશના નામથી સંબોધવામાં આવે છે. ન્યાયાધીશપણું તેની એક એવી વિશેષતા છે કે જેથી બધા મનુષ્યોથી ભિન્ન ઓળખાઈ આવે છે. જોકે તેનામાં અન્ય સામાન્ય મનુષ્યો જેવી તથા વ્યક્તિગત પોતાની અનેક વિશેષતાઓ પણ છે. તે કેવળ ન્યાયાધીશ જ નથી પરંતુ ન્યાયાધીશ સંજ્ઞામાં તેનું સંપૂર્ણ સામાન્ય-વિશેષ વ્યક્તિત્વ ગર્ભિતપણે આવી જાય છે. તેથી ન્યાયધીશ શબ્દ તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે અર્થાત્ તે વ્યક્તિ જે કાંઈ છે તે બધું ન્યાયાધીશપણામાં સમાઈ ગયું છે.

એ જ રીતે જ્ઞાન આત્માના અનંત ગુણધર્મોની જેમ જોકે આત્માનો એક વિશેષ ગુણ જ છે પરંતુ તેના વિના આત્મા ઓળખાતો જ નથી. જ્ઞાનનો વ્યાપાર પ્રગટ અનુભવમાં આવે છે. અન્ય શક્તિઓમાં એ વિશેષતા નથી. તેથી ‘उपयोगो लक्षणम्’ની છાયામાં અનંત પદાર્થોના સમુદાયરૂપ એવા આ મિશ્રિત વિશ્વમાં જ્ઞાનથી જ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ સિદ્ધ થાય છે. કેવળ આત્માના જ નહિ પરંતુ જગતના અસ્તિત્વની જ સિદ્ધિ પણ જ્ઞાન જ કરે છે. જ્ઞાન જગતના નિગૂઢતમ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે. તેથી જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે અને તેના વિના આત્મા સંજ્ઞાવાળા કોઈ ચેતનતત્ત્વની કલ્પના જ વ્યર્થ છે.

જ્ઞાનના સ્વભાવને હૃદયંગમ કરી લેતાં સંપૂર્ણ આત્મસ્વભાવની સમજણ જ સુલભ થઈ જાય છે. તેથી પ્રજ્ઞાવંત આચાર્ય કુંદકુંદે પોતાના સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાનમાત્ર જ કહ્યો છે. **જ્ઞાનમાત્ર કહેવામાં આત્માના માત્ર જ્ઞાનગુણની જ નહિ, પરંતુ**

**અનંત ગુણધર્મોના સમુદાયરૂપ એક અખંડ જ્ઞાયક આત્માની જ પ્રતીતિ થાય છે. જ્ઞાનની સ્મૃતિમાત્રમાં જ અખંડ ચેતનતત્ત્વ પોતાની અનંત વિભૂતિઓ સાથે દૃષ્ટિમાં આવે છે. જ્ઞાનના એક સમયના પરિણમનને જુઓ, તેમાં આત્માનું સર્વસ્વ જ પરિણમેલું છે, તેથી આત્મા જાણે કે જ્ઞાન જ છે, અન્ય કાંઈ નહિ. આ રીતે ગુણ-ગુણીની અભેદદૃષ્ટિમાં જ્ઞાન આત્મા જ છે.**

આ જ્ઞાન આત્માનો ત્રૈકાલિક સ્વભાવ છે. **જે સ્વભાવ ત્રૈકાલિક હોય છે તેનો વસ્તુથી કદી અભાવ નથી થતો અને વસ્તુની જેમ જે સદા પૂર્ણ, અખંડ અને શુદ્ધ હોય છે.** વસ્તુ તે જ સ્વભાવની જ બનેલી હોય છે. તેથી સ્વભાવ કદી તેનાથી જુદો કરી શકાતો નથી. જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે. ઉષ્ણતા રહિત અગ્નિ કોઈ વસ્તુ જ નથી, તેથી ઉષ્ણતા અગ્નિનું સર્વસ્વ જ છે.

જ્ઞાનનો સ્વભાવ જાણવું અર્થાત્ વસ્તુના સર્વાંગનું પ્રતિભાસન કરવું છે, કેમ કે સ્વભાવ અસહાય, અકૃત્રિમ અને નિરપેક્ષ હોય છે. તેથી જ્ઞાન પણ જગતથી પૂર્ણ નિરપેક્ષ અને અસહાય રહીને પોતાનો અનાદિ અનંત જાણવાનો વ્યાપાર કર્યા કરે છે. પોતાના જાણવાના કાર્યનું સંપાદન કરવા માટે જ્ઞાનને જગતથી કાંઈ પણ આદાન-પ્રદાન નથી કરવું પડતું.

દર્પણની જેમ જ્ઞાનની વસ્તુને જાણવાની રીત એ છે કે તે સદા પોતાના એકરૂપ અખંડ સ્વરૂપને સુરક્ષિત રાખીને જ્ઞેયાકારે (જ્ઞેય



જેવા આકારે) પરિણમ્યા કરે છે. **(જ્ઞાનાકાર રૂપ) જ્ઞેયાકાર પરિણતિ જ્ઞાનનો વિશેષ ભાવ છે અને તે જ્ઞેયાકાર પરિણતિમાં જ્ઞાનત્વનો અન્વય તેનો સામાન્ય ભાવ છે.** જેમ દર્પણ પોતાના સ્વચ્છ સ્વભાવથી વસ્તુઓને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે.

દર્પણમાં વસ્તુઓના અનેક આકાર-પ્રકાર રચાયા-ભુંસાયા કરે છે પરંતુ દર્પણ પ્રત્યેક પરિવર્તનમાં અક્ષુણ્ણ રહે છે. વસ્તુઓના અનેક આકાર-પ્રકારના સંગઠન અને વિધાન (રચના)માં દર્પણની એકરૂપતા અપ્રભાવિત રહે છે, સાથોસાથ તે આકાર-પ્રકારોથી દર્પણની સ્વચ્છતાને આંચ આવતી નથી. જેમ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય છે પરંતુ દર્પણમાં અગ્નિના પ્રતિબિંબથી ન તો દર્પણ તૂટે છે કે ન ગરમ થાય છે કેમ કે દર્પણમાં જે અગ્નિ દેખાય છે, તે સાક્ષાત્ અગ્નિ નથી પરંતુ તે તો દર્પણની પોતાની અગ્નિ છે, તે દર્પણની પોતાની પર્યાય છે. તેથી વાસ્તવમાં તે દર્પણ જ છે.

દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિની રચનાનું નિયામક ઉપાદાન દર્પણનું પોતાનું સ્વતંત્ર છે. **પોતાની અગ્નિની રચનામાં દર્પણે બહારની અગ્નિનો કાંઈ પણ સહયોગ લીધો નથી.** આ અગ્નિ દર્પણની પોતાની સ્વતંત્ર સૃષ્ટિ અને સંપત્તિ છે. દર્પણની અગ્નિનો આકાર બહારની અગ્નિ જેવો હોવા છતાં પણ બહારની અગ્નિ તેમાં રંચમાત્ર કારણ નથી તથા બહાર અગ્નિ બળી રહી છે તેથી દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થઈ રહી છે એ પણ નિતાંત અસત્ય છે. જો તેને સત્ય માની લેવામાં આવે તો વસ્તુઓને પ્રતિબિંબિત કરવાનો દર્પણનો સ્વભાવ નહિ રહે. દર્પણનો સ્વભાવ અગ્નિ સાપેક્ષ હોઈને 'સ્વભાવ' એવી સંજ્ઞા જ ખોઈ બેસશે. વાસ્તવમાં દર્પણના સ્વચ્છ

સ્વભાવમાં જો અગ્નિ-આકારના પરિણમનની શક્તિ અને યોગ્યતા ન હોય તો આખું વિશ્વ એકત્ર થઈને પણ તેને અગ્નિના આકારે કરી શકે નહિ અને જો સ્વયં દર્પણમાં અગ્નિ-આકારે થવાની શક્તિ અને યોગ્યતા છે તો પછી તેને અગ્નિની શી અપેક્ષા છે? **જે શક્તિશૂન્ય છે તેને શક્તિ આપી શકાતી નથી અને જે શક્તિમય છે તેને પોતાની શક્તિના પ્રયોગમાં કોઈ બીજાની અપેક્ષા હોતી નથી. જગતની કોઈ પણ વસ્તુ પર સાપેક્ષ રહીને પોતાનું અસ્તિત્વ રાખી શકતી નથી.**

જો દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિનું કારણ બહારની અગ્નિ હોય તો પાષાણમાં પણ અગ્નિ પ્રતિબિંબિત થવી જોઈએ, પરંતુ એમ થતું નથી. એટલે કે પોતાની અગ્નિની રચનાની સંપૂર્ણ સામગ્રી દર્પણના પોતાના અક્ષય કોષમાં જ પડી છે, તેને કોઈ પાસેથી કાંઈ ઉધાર નથી લેવું પડતું.

આ ચર્ચામાં એવો પણ તર્ક રજુ કરવામાં આવે છે કે જો બહારની અગ્નિ દર્પણની અગ્નિનું કારણ ન હોય અને દર્પણમાં તે સમયે અગ્નિ-આકાર પરિણમનની સ્વતંત્ર યોગ્યતા છે તો પછી જે સમયે અગ્નિ ન હોય તે સમયે પણ અગ્નિ-આકાર પરિણામ થવા જોઈએ અથવા અગ્નિ સામે હોવા છતાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિભાસિત ન થતાં બીજું કાંઈક પ્રતિભાસન થવું જોઈએ.

આ વિચિત્ર તર્ક છે કે જે દર્પણના સ્વભાવની સ્વતંત્રતા ઉપર એક સીધો પ્રહાર છે. જો દર્પણની સમક્ષ અગ્નિ હોય અને તે તેવી ને તેવી દર્પણમાં પ્રતિબિંબિત ન થાય તો પછી આપણે દર્પણ



કઈ વસ્તુને કહીશું? વસ્તુ જેવી હોય તેવી જ તેને પ્રતિબિંબિત કરે તેને જ દર્પણ કહે છે. વળી જો અગ્નિના અભાવમાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય અથવા અગ્નિની સમક્ષતામાં દર્પણમાં અગ્નિના સ્થાને ઘટ પ્રતિબિંબિત થાય તો દર્પણની પ્રામાણિકતા જ શું કહેવાશે? તેથી અગ્નિનું પણ હોવું અને દર્પણમાં પણ સાંગોપાંગ તે જ પ્રતિબિંબિત થવું એ જ વસ્તુસ્થિતિ છે અને એ જ વસ્તુસ્વભાવગત અનાદિનિધન નિયમ પણ છે, એમાં પારસ્પરિક કારણ-કાર્યભાવથી ઉત્પન્ન કોઈ પરતંત્રતા અથવા સાપેક્ષતાને માટે રંચમાત્ર અવકાશ નથી. આ રીતે દર્પણ અને તેનો અગ્નિ-આકાર બાહ્ય અગ્નિથી સર્વથા જુદો તથા નિર્લિપ્ત જ રહી જાય છે.

દર્પણની જેમ (જ્ઞાનાકારરૂપ) જ્ઞાન પણ જ્ઞેયથી અત્યંત નિરપેક્ષ રહીને પોતાના જ્ઞેયાકારના ઉત્પાદ-વ્યય કરે છે. જ્ઞાનના આ જ્ઞેયાકારને જ્ઞાનનો 'અતત્' સ્વભાવ કહે છે. બીજા અનેક જ્ઞેયોના આકારે પરિણીને પણ પ્રત્યેક (જ્ઞાનાકારરૂપ) જ્ઞેયાકારમાં જ્ઞાનત્વની ધારાવાહિકતાનો કદી ભંગ થતો નથી અર્થાત્ જ્ઞાનના (જ્ઞાનાકારરૂપ) પ્રત્યેક જ્ઞેયાકાર પરિણામમાં જ્ઞાન-સામાન્યનો અન્વય અખંડ તથા અપરિવર્તિત છે. જ્ઞાનના પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાન જ પ્રતિધ્વનિત થાય છે, તેને આગમમાં જ્ઞાનનો 'તત્' સ્વભાવ કહ્યો છે. પોતામાં અનંત લોકાલોકરૂપ ચિત્ર-વિચિત્ર જ્ઞેયાકાર નિયત સમયમાં ઉત્પન્ન કરવામાં જ્ઞાન અત્યંત સ્વતંત્ર છે. આમાં તેને લોકાલોકની કોઈ અપેક્ષા નથી. ન તેને લોકમાંથી કાંઈ લેવું પડે છે કે ન કાંઈ દેવું પડે છે.

**જ્ઞાનમાં જે લોકાલોક પ્રતિબિંબિત થાય છે, જ્ઞાનના તે જ્ઞેયાકારની રચના જ્ઞાનની ઉપાદાન સામગ્રીથી થાય છે,**

**લોકાલોકરૂપ નિમિત્તનું તેમાં જરાય કારણપણું નથી. તેથી જ્ઞાન લોકાલોકને જાણે છે એ કથન વ્યવહાર જ છે, વાસ્તવમાં જ્ઞાન જ્ઞેયોન્મુખ ન હોતાં સ્વતંત્રરૂપે પોતાના જ્ઞેયાકારોને જ જાણે છે.** જેમ આપણે કોઈ મહેલની કલ્પના કરીએ છીએ. મહેલ તો પાષાણનો બનેલો હોય છે પરંતુ આપણી કલ્પનાનો મહેલ તો આપણી કલ્પનાથી જ બન્યો છે, પાષાણથી નહિ. **એ જ રીતે જ્ઞાનના જ્ઞેયાકાર સર્વ જ્ઞાનની જ સૃષ્ટિ છે અને તે જ્ઞેયથી અત્યંત ભિન્ન જ રહે છે તથા જગતમાં જ્ઞેય છે તેથી જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એ તર્ક જ ભ્રમમૂલક છે કે જે જ્ઞાનની અપ્રતિહત શક્તિની અવહેલના કરીને જ્ઞાનના નપુંસકપણાની ઘોષણા કરે છે.**

જ્ઞેય જેવો આકાર જ્ઞાનમાં જાણવાનો એવો અર્થ તો કદાપિ થઈ શકતો નથી કે જ્ઞાનનું તે કાર્ય જ્ઞેયની કૃપાથી નિષ્પન્ન થયું છે. એ તો જ્ઞાનની સ્વચ્છતા તથા પ્રામાણિકતાનું જ પ્રતીક છે. જગતમાં સદૃશ કાર્ય તો અનેક થાય છે, પરંતુ કોઈની કૃપાની તેમાં અપેક્ષા નથી હોતી. જેમ કે આપણા પાડોશીને ઘેર ભાત બનાવવામાં આવે અને આપણે ત્યાં પણ ભાત બનાવવામાં આવે તો આપણે પાડોશીનું અનુકરણ કરીને અથવા પાડોશી પાસેથી કાંઈ લઈને તો આપણા ભાત બનાવ્યા નથી, આપણા ભાત સ્વતંત્રરૂપે પોતાના નિયત સમયે આપણી સંપત્તિથી બન્યા છે અને એ જ રીતે પાડોશીના પણ. બન્નેમાં કોઈ સંબંધ જ બનતો નથી. **હા, સાદૃશ્ય તો બંનેમાં છે, પરંતુ સંબંધ કાંઈ પણ નથી.**

એ જ રીતે જ્ઞાનમાં કોઈ જ્ઞેય અથવા ઘટ પ્રતિબિંબિત થાય



છે તો જ્ઞાનનો ઘટાકાર તો જ્ઞાનની પોતાની શક્તિથી પોતાના નિયત સમયે ઉત્પન્ન થયો છે, માટીના ઘટના કારણે નહિ; કારણ કે માટીનો ઘટ તો પહેલાં પણ વિદ્યમાન હતો પરંતુ જ્ઞાનનો ઘટ પહેલાં ન હતો. જ્ઞાને પોતાના ક્રમબદ્ધપ્રવાહમાં પોતાનો ઘટ હવે બનાવ્યો છે અને તે ઘટાકારની રચનામાં જ્ઞાને માટીમય ઘટનું અનુકરણ નથી કર્યું પણ જ્ઞાનનો ઘટાકાર માટીમય ઘટાકારથી નિતાંત પૃથક્ જ્ઞાનનો પોતાના સમયનો સ્વતંત્ર નિરપેક્ષ ઉત્પાદ છે. જ્ઞાનમાં ઘટાકારની રચના, જ્ઞાનના અનાદિ અનંત પ્રવાહક્રમમાં નિયત ક્ષણમાં જ થઈ શકે છે. એની એક ક્ષણ પણ આગળ-પાછળની કલ્પના એકાંત મિથ્યા છે.

'જ્ઞાનની સામે ઘડો છે' તેથી ઘડો જ પ્રતિબિંબિત થયો-એ વાત તર્ક અને સિદ્ધાંતની કસોટીએ પણ સિદ્ધ નથી. જો એને સિદ્ધાંતથી સ્વીકારી લેવામાં આવે તો પછી લોકાલોક તો સદાય વિદ્યમાન છે, કેળવજ્ઞાન કેમ નથી થતું? વળી જો પદાર્થ જ્ઞાનનું કારણ હોય તો પછી છીપને જોતાં ચાંદીની ભ્રાંતિ કેમ થઈ જાય છે? અથવા વસ્તુ ન હોવા છતાં પણ વાળ મચ્છરાદિનું જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થઈ જાય છે? તથા ભૂત અને ભાવી પર્યાયો તો વર્તમાનમાં વિદ્યમાન નથી તેમનું જ્ઞાન કેવી રીતે થઈ જાય છે? તેથી જ્ઞેયથી જ્ઞાનની સર્વાંગી નિરપેક્ષતા નિર્વિવાદ છે.

આ લોકમાં જ્ઞાનનો એવો અદ્‌ભુત સ્વભાવ છે અને આ નિરપેક્ષ, નિર્લિપ્ત, નિરાવરણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિ ભવવિનાશિની છે. **જ્ઞાની જાણે છે કે જે સમયે જે જ્ઞેય મારા જ્ઞાનમાં પ્રતિબિંબિત દેખાય છે, તે બધો જ્ઞાનનો જ આકાર છે. તે બધું હું જ છું અને તે પ્રતિબિંબ મારો જ સ્વભાવ**

છે. જ્ઞાનનો તે આકાર જ્ઞેયથી તદ્દન ખાલી છે. તેમાં જ્ઞેયનો એક અવિભાગપ્રતિચ્છેદ પણ પ્રવેશેલો નથી અને તે આકાર મારા જ્ઞાનના નિયત સ્વકાળે મારા જ્ઞાનથી જ ઉત્પન્ન થયો છે અને તે જ ઉત્પન્ન થવા યોગ્ય પણ છે, અન્ય પરિણામને તે સમયે મારા જ્ઞાનના પ્રવાહમાં ઉત્પન્ન થવાનો અવકાશ અને અધિકાર નથી. આમાં 'આ કેમ' આવ્યું અને અન્ય 'કેમ નહીં' એ પ્રશ્ન જ રહેતો નથી.

જ્ઞાનમાં પ્રતિબિંબિત જ્ઞેયાકારના સંબંધમાં જેને 'કેમ' એવો વિષમભાવ ઉત્પન્ન થાય છે તે વાસ્તવમાં જ્ઞાનના જ્ઞેયાકાર, જ્ઞાનસ્વભાવ અને આત્માનો જ અભાવ ચાહે છે. જ્ઞાનસ્વભાવની આ પ્રતીતિ નિર્ભયતા અને નિઃશંકતાને જન્મ આપે છે. જ્ઞાની આ પ્રતીતિમાં સદાય નિશ્ચિંત જ છે કે મારી જ્ઞાન-પરિધિમાં જગતનો પ્રવેશ જ નિષેધ છે. **તેથી અનેકાકાર થઈને પણ જ્ઞાન નિર્મળ જ રહે છે અને તે અનેકાકાર પણ જ્ઞાનના જ વિશેષો હોવાના કારણે જ્ઞાન જ છે.** જ્ઞાનના આ વિશેષો કોઈ વ્યવસ્થાની વસ્તુ નથી પરંતુ સહજ જ પોતાના નિયત સમયે જ્ઞાનસામાન્યમાંથી ઉત્પન્ન થયા કરે છે. તેથી જ્ઞાની આ વિશેષોનો પણ તિરોભાવ કરીને જ્ઞાનસામાન્ય પર જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરે છે અને નિરંતર શુદ્ધ જ્ઞાન જ તેની અનુભૂતિમાં અવતરે છે.

આનાથી વિપરીત અજ્ઞાની સદાય જ્ઞાનમાં જ્ઞેયાકારોના પ્રવેશની ભ્રાંતિથી આકુલિત રહે છે. તેને એવું લાગે છે કે આ ઈન્દ્રિયોના વિષય મારી અંદર જ આવી રહ્યા છે. વાસ્તવમાં તો **ઈન્દ્રિયવિષય જ્ઞાનમાં પ્રતિબિંબિત માત્ર થાય છે. જ્ઞાનના પ્રતિબિંબને અજ્ઞાની સાક્ષાત્ જ્ઞેય જ સમજે છે. તેથી તેને સદા જ્ઞેયમિશ્ર**



**જ્ઞાનની અશુદ્ધ અનુભૂતિ જ થાય છે.** શ્રી સમયસાર પરમાગમની ૧૫મી ગાથાની ટીકામાં આચાર્ય શ્રી અમૃતચંદ્ર એનું અત્યંત માર્મિક વિવેચન કરે છે :-

'અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેયલુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પરંતુ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો-તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે. તેમ આત્મા પણ પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.'

વાસ્તવમાં જ્ઞાનસામાન્યની વિસ્મૃતિ કરી દેવાથી જ્ઞાનના અનેકાકારની સૃષ્ટિ ન બનતાં જ્ઞેયની સૃષ્ટિ બની જાય છે અને શાક તથા લવણના મિશ્રણની જેમ, અજ્ઞાનીને સદાય 'આ દેહ હું જ છું, આ જ્વર મને જ છે,' એવો મિશ્ર સ્વાદ આવે છે; પરંતુ જ્ઞાનીને તો સદાય જ્ઞાનસામાન્યની જ સ્મૃતિ છે. 'મારું જ્ઞાન જ્વર તથા દેહાકાર પરિણમવા છતાં પણ હું દેહ તથા જ્વરથી ભિન્ન જ્ઞાન

જ છું, જ્ઞાનને દેહ નથી અને જ્ઞાનને કદી જ્વર ચડતો જ નથી.' તેથી જ્ઞાનના જ્વરાકાર અને દેહાકાર પરિણામ પણ જ્ઞાનીને દેખાતા નથી.

આમાં એ તર્ક પણ અપેક્ષિત નથી કે જો નિરંતર જ્ઞાનસામાન્યની જ દૃષ્ટિ રહે તો પછી જ્ઞાનના વિશેષોનું શું થશે? **વાસ્તવમાં જ્ઞાન તો સહજ જ જ્ઞેય-નિરપેક્ષ રહીને એનાકાકર પરિણમ્યા કરે છે,** કોઈ પ્રબંધ વિના જ જ્ઞાનમાં તે અનેકાકાર થયા કરે છે. જેમ આપણા ઘરમાં ઝૂલતા દર્પણમાં પાડોશીનાં મકાન, મનુષ્ય આદિ સહજ મૌનભાવે પ્રતિબિંબિત થયા કરે છે, આપણે તેમની વ્યવસ્થા નથી કરતા અને દર્પણના તે ખંડભાવ (પ્રતિબિંબ) આપણા પ્રયોજનની વસ્તુ પણ નથી. જોકે તે આપણે જાણવામાં અવશ્ય આવે છે પરંતુ આપણી અવિરલ દૃષ્ટિ તો આપણા અખંડ દર્પણ પર જ કેન્દ્રિત રહે છે. જો આપણી દૃષ્ટિ તે ખંડભાવો અને પ્રતિબિંબો પર કેન્દ્રિત થઈ જાય અને આપણે દર્પણની અખંડતાને વિસ્મૃત કરી દઈએ તો આપણને લાગશે કે આપણા દર્પણમાં તો કોઈ મનુષ્ય અથવા મકાન પ્રવેશી ગયું અને તેથી આપણે વિહ્વળ થઈ જઈશું; પરંતુ આ અનેકાકારોમાં પણ દર્પણ તો જેમનું તેમ વિદ્યમાન છે. આ દૃષ્ટિ અને પ્રતીતિ નિરાકુળતાને જન્મ દે છે.

અજ્ઞાની માને છે કે 'મને ધન મળ્યું,' પરંતું વાસ્તવમાં અજ્ઞાનીના જ્ઞાનને પણ ધનનો એક આકાર માત્ર મળ્યો છે, ધન તો મળ્યું જ નથી. અજ્ઞાની ધન મળવાની કલ્પનાથી જ હર્ષિત થયા કરે છે. એ જ રીતે અગ્નિના સંયોગમાં અજ્ઞાની માને છે કે 'હું બળી રહ્યો છું,' પરંતુ વાસ્તવમાં અગ્નિની જ્વાળા જ્ઞાનમાં બિંબિતમાત્ર થઈ રહી છે, જ્ઞાન તો બળી રહ્યું નથી. જો અગ્નિથી જ્ઞાન બળવા



માંડે તો અગ્નિની ઉષ્ણતાને કોણ જાણશે? પરંતુ અજ્ઞાની 'હું બળી રહ્યો છું,' આ કલ્પનાથી જ વિહ્વળ થઈ જાય છે. વાસ્તવમાં જ્ઞાનને જ્ઞેય પાસેથી તો કાંઈ પણ મળતું નથી, તે તો પોતાના તે જ્ઞેયાકારોમાં પણ એટલું ને એટલું જ રહે છે.

આપણા દર્પણમાં પ્રતિબિંબિત કોઈ મહેલથી આપણે આપણને લાભ મળ્યો હોવાનું માનતા નથી અને તે મહેલ દર્પણમાંથી અદૃશ્ય થઈ જતાં આપણે શોકાતુર પણ ક્યાં થઈએ છીએ? આ પરિસ્થિતિમાં હર્ષ કે શોક તો કોઈ બાળક (અજ્ઞાની)નું જ કાર્ય હોઈ શકે, પરંતુ આ દૃષ્ટિ તો આપણને નિરંતર જ વર્તે છે. આપણા ઘરમાં સ્વચ્છ દર્પણ ઝૂલી રહ્યું છે અને આપણે એ પણ જાણીએ છીએ કે તે દર્પણમાં જગતના અનેક પદાર્થ પણ પ્રતિબિંબિત થાય છે. પરંતુ આપણા દર્પણમાં શું પ્રતિબિંબિત થાય છે એ આપણી દૃષ્ટિનો વિષય નથી હોતો પરંતુ તે પ્રતિબિંબો પ્રત્યે સદા આપણો ઉદાસીન ભાવ જ પ્રવર્તે છે. જે કાંઈ પ્રતિબિંબિત થતું હોય, તે દર્પણનો સ્વભાવ છે. દર્પણના સ્વચ્છ સ્વભાવનો વિશ્વાસ આપણને એ વિકલ્પ પણ ઊઠવા દેતો નથી કે તેમાં શું શું પ્રતિબિંબિત થાય છે? કેમ કે તે આપણા વિકલ્પ અથવા વ્યવસ્થાનો વિષય ન હોતાં દર્પણનો અકૃત્રિમ સ્વભાવ જ છે. તેમાં જે કાંઈ પ્રતિબિંબિત થાય છે તે બધું વ્યવસ્થિત જ છે, વ્યવસ્થા યોગ્ય નથી તથા તે પ્રતિબિંબ મમતા કરવાયોગ્ય પણ નથી, કારણ કે તે પ્રતિબિંબોની મમતા ક્લેશકારિણી છે. દર્પણમાં તે પ્રતિબિંબોના આગમનથી જેવા આપણે હર્ષિત થઈશું તેવા જ તેમનો દર્પણમાંથી વિલય આપણને શોક-સાગરમાં ડૂબાડી દેશે.

તેથી દર્પણ-વિશેષની દષ્ટિથી ઉત્પન્ન કલ્પિત હર્ષ-શોકનો અંત દર્પણ-સામાન્યની દષ્ટિથી જ સંભવ છે, અન્ય કોઈ રસ્તો નથી. આ જ પ્રમાણે જ્ઞાનમાં પ્રતિબિંબિત અનેક જ્ઞેયાકારરૂપ જ્ઞાનના વિશેષોમાં જોકે જ્ઞાન-સામાન્યની જ વ્યાપ્તિ છે, જ્ઞેયની વ્યાપ્તિ નથી; પરંતુ જ્ઞાનના તે વિશેષ વાસ્તવમાં આત્માને માટે જાણવામાત્ર સિવાય, અન્ય કોઈ પણ પ્રયોજનની વસ્તુ નથી.

જ્ઞાનમાં તે સ્વતઃ સહજભાવે નિર્મિત થયા કરે છે. જેમ કે જ્ઞાનમાં જે ઘડો પરિણમ્યો તે ઘટાકાર સ્વયં જ્ઞાન જ છે પરંતુ આત્મા તે ઘટાકાર જ્ઞાનનું શું કરે છે? તેથી નિરંતર 'હું તો જ્ઞાન જ છું, ઘટ નથી'- આ સામાન્યની દષ્ટિ અને અનુભૂતિ જ શાંતિ આપનાર છે.

જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અનંત પ્રશ્નો, અગણિત ઘટનાચક્રો તથા અસંખ્ય પરિસ્થિઓનું એકમાત્ર સમાધાન છે. તે દષ્ટિમાં શુદ્ધ અખંડ એકરૂપ જ્ઞાન સિવાય આત્મામાં કાંઈ ભાસતું જ નથી. 'હું તો જ્ઞાનનો ધ્રુવતારો છું.' આમાં આત્માની સાથે દેહ કર્મ અને રાગનો સંબંધ પણ ક્યાં રહ્યો? રાગ તો આત્મા અને કર્મની સંયોગી દષ્ટિમાં ભાસિત થાય છે. જેમ જળને કાદવ સહિત દેખતાં મલિનપણું અનુભવમાં આવે છે પરંતુ શુદ્ધ જળ-સ્વભાવની સમીપ જઈને જોઈએ તો જળમાં કાદવ ક્યાં છે? જળ તો કાદવ સાથે પણ જળ જ છે. આ રીતે કર્મ અને આત્માની સંયોગી દષ્ટિમાં આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ દષ્ટિગોચર થાય છે પરંતુ શુદ્ધ જ્ઞાનસ્વભાવની સમીપતામાં જ્ઞાનમાં ન રાગ



છે, ન દ્વેષ છે, ન પુણ્ય છે, ન પાપ છે, ન દેહ છે કે ન મન-વાણી છે. કર્મ અને દેહના વિવિધ અણધાર્યા (-અપ્રત્યાશિત) પરિણામ જ્ઞાનનો સ્પર્શ પણ કરી શકતા નથી.

પ્રલયકાળના ભયંકર વિનાશ વચ્ચે જ્ઞાની તો અનુભવ કરે છે કે મારા જ્ઞાનમાં પ્રલય થયો નથી. હું તો પ્રલયનો પણ જ્ઞાતા જ છું. પ્રલયના દ્રવ્યો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે પરંતુ જ્ઞાન પ્રલયાકાર હોવા છતાં પણ જ્ઞાનમાં પ્રલયનો પ્રવેશ થતો નથી. જેમ સાગરને સમર્પણ કરાયેલો પુષ્પ-હાર અથવા પ્રહાર સાગરની છાતી ઉપર ચિત્રિતમાત્ર થઈને રહી જાય છે અને સાગર રોષ અથવા તોષની વિષમ અનુભૂતિઓથી શૂન્ય એકરૂપ જ રહે છે. એ જ રીતે વિશ્વનું સર્વસ્વ જ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં પણ જ્ઞાની તે સંપૂર્ણ વિશેષોનો તિરોભાવ કરીને 'હું ત્રિકાળ જ્ઞાન જ છું; વિશ્વ નથી.' આ શુદ્ધ જ્ઞાનનું જ ચિરંતન સંચેતન કરે છે.

જગતની ભયંકર પ્રતિકૂળતાઓ અને સાતમી નરકની યાતનાઓમાં પણ જ્ઞાનીને શુદ્ધ જ્ઞાનનું આ સંચેતન અબાધિત રહે છે. જ્યાં જ્ઞાનને દેહ જ નથી ત્યાં પ્રતિકૂળતાનું અસ્તિત્વ જ્ઞાનીની દુનિયામાં જ ક્યાં રહ્યું? પ્રતિકૂળતા અને નરકની યાતનાનો જ્ઞાનમાં પ્રવેશ જ નથી, તો પ્રતિકૂળતા અને યાતના જ્ઞાનને કેવી? આ રીતે જ્ઞાનના વજ્ર-કપાટોનું ભેદન કરીને કોઈ (પદાર્થ) જ્ઞાનસ્વભાવમાં પ્રવેશી જ નથી શકતો. તેથી જ્ઞાન ત્રિકાળ શુદ્ધ, એકરૂપ જ રહે છે. આ જ જ્ઞાનના શુદ્ધ એકત્વમાં પ્રતિષ્ઠિત થઈને જ્ઞાની શુદ્ધ અનુભૂતિના બળથી

વિકાર અને કર્મોનો ક્ષય કરતો થકો મુક્તિના પાવન પથ પર આગળ વધતો જાય છે અને અંતે મુક્તિ તેને વરી લે છે.

વાસ્તવમાં જ્ઞાનીને મુક્તિની પણ ચાહ નથી. જ્ઞાન તો ત્રિકાળ મુક્ત જ છે. તેને નવી મુક્તિ અથવા સિદ્ધદશાની પણ અપેક્ષા નથી. જ્ઞાન તો જગતનાં દ્રવ્ય-ક્ષેત્રના સ્વભાવથી સદાય મુક્ત પડ્યું છે. જ્ઞાન તો નરકમાં પણ મુક્ત જ છે. તે સદા જ્ઞાયક જ તો છે. તેના સિવાય અન્ય કાંઈ પણ કલ્પના તેના પ્રત્યે કરવી વ્યર્થ છે. તેને આસ્રવ અને બંધ પણ નથી, પરિણામે સંવર, નિર્જરા અને મોક્ષ પણ તેને નથી; કારણ કે જે પહેલાં બંધાયો હોય, તેને જ તો છૂટવાનો પ્રસંગ બની શકે છે. જે કદી બંધાયો જ નથી તેની મુક્તિની વાત જ વ્યર્થ છે. લોકની દરેક પરિસ્થિતિમાં 'હું તો જ્ઞાન જ છું' એ દૃષ્ટિ તથા જ્ઞાનનું આ શુદ્ધ સંચેતન ભવના દ્વારોનું ભેદન કરીને મુક્તિના પાવન દ્વારનું ઉધ્ઘાટન કરે છે. આ જ દૃષ્ટિ લોકમાંગલ્યની અધિષ્ઠાત્રી છે જેમાં પર્યાયદૃષ્ટિના સંપૂર્ણ ક્લેશનો અંત આવી જાય છે.

વિશેમતમ પરિસ્થિતિમાં પણ આનંદના મોતી વેરતો, ભવથી ઉત્પન્ન થયેલ ચિર-દારિદ્રયનો અંત કરીને, શાંતિનો ખજાનો ખોલી દેનારી શુદ્ધ જ્ઞાનની આ પ્રતીતિ અને અનુભૂતિ ચિર જયવંત વર્તો, ચિર જયવંત વર્તો.



# શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજન

લેખક : બાબુ 'યુગલ' જૈન, એમ.એસ., સાહિત્યરત્ન-કોટા

**(સ્થાપના)**

કેવલ-રવિ કિરણોં સે જિસકા, સમ્પૂર્ણ પ્રકાશિત હૈ અન્તર;  
ઉસ શ્રી જિન-વાણી મેં હોતા, તત્ત્વોં કા સુન્દરતમ દર્શન.  
સદ્દર્શન-બોધ-ચરણ પથ પર, અવિરલ જો બઢતે હૈં મુનિગણ;  
ઉન દેવ, પરમ-આગમ, ગુરુ કો શત-શત વન્દન, શત-શત વંદન.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ અત્ર અવતર અવતર સંવૌષટ્ (આહ્વાનનમ્).  
ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ (સ્થાપનમ્).  
ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ (સન્નિધિકરણમ્).

ઇન્દ્રિય કે ભોગ મધુરવિષ સમ, લાવણ્યમયી કંચન કાયા;  
યહ સબ કુછ જડ કી ક્રીડા હૈ, મૈં અબ તક જાન નહીં પાયા.  
મૈં ભૂલ સ્વયં નિજ વૈભવ કો, પર મમતા મેં અટકાયા હૂં;  
અબ નિર્મલ સમ્યક્ નીર લિયે, મિથ્યામલ ધોને આયા હૂં.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

જડ ચેતન કી સબ પરિણતિ પ્રભુ ! અપને અપને મેં હોતી હૈ;  
અનુકૂલ કહેં પ્રતિકૂલ કહેં, યહ ઝૂઠી મન કી વૃત્તિ હૈ.  
પ્રતિકૂલ સંયોગો મેં ક્રોધિત, હોકર સંસાર બઢાયા હૈ;  
સન્તપ્ત હૃદય પ્રભુ ! ચંદન સમ, શીતલતા પાને આયા હૈ.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો સંસારતાપવિનાશનાય ચન્દનં નિર્વપામીતિ સ્વાહા.

ઉજ્જવલ હૂં કુંદધવલ હૂં પ્રભુ, પર સે ન લગા હૂં કિંચિત્ ભી;  
ફિર ભી અનુકૂલ લગેં ઉન પર, કરતા અભિમાન નિરંતર હી.

જડ પર ઝુકઝુક જાતા ચેતન, કી માર્દવ કી ખણ્ડિત કાયા;
નિજ શાશ્વત અક્ષતનિધિ પાને, અબ દાસ ચરણ રજ મેં આયા.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા.

યહ પુષ્પ સુકોમલ કિતના હૈ, તન મેં માયા કુછ શેષ નહીં;
નિજ અન્તર કા પ્રભુ ! ભેદ કહૂં, ઉસમેં ઋજુતા કા લેશ નહીં.
ચિંતન કુછ ફિર સંભાષણ કુછ, વૃત્તિ કુછ કી કુછ હોતી હૈ;
સ્થિરતા નિજ મેં પ્રભુ પાઉં જો, અન્તર કા કાલુષ ધોતી હૈ.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા.

અબ તક અગણિત જડ દ્રવ્યોં સે પ્રભુ ! ભૂખ ન મેરી શાંત હુઈ;
તૃષ્ણા કી ખાઈ ખૂબ ભરી, પર રિક્ત રહી વહ રિક્ત રહી.
યુગયુગ સે ઈચ્છા સાગર મેં, પ્રભુ ! ગોતે ખાતા આયા હૂં;
ચરણોં મેં વ્યંજન અર્પિત કર, અનુપમ રસ પીને આયા હૂં.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા.

મેરે ચૈતન્ય સદન મેં પ્રભુ ! ચિર વ્યાપ્ત ભયંકર અંધિયારા;
શ્રુતદીપ બુઝા હે કરુણાનિધિ ! બીતી નહિં કષ્ટોં કી કારા.
અતએવ પ્રભો ! યહ જ્ઞાનપ્રતીક, સમર્પિત કરને આયા હૂં;
તેરી અન્તર લૌ સે નિજ અન્તર દીપ જલાને આયા હૂં.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા.

જડ કર્મ ઘુમાતા હૈ મુઝકો, યહ મિથ્યા ભ્રાન્તિ રહી મેરી;
મૈં રાગી દ્વેષી હો લેતા, જબ પરિણતિ હોતી હૈ જડ કી.
યોં ભાવકરમ યા ભાવમરણ, સદિયોં સે કરતા આયા હૂં;
નિજ અનુપમ ગંધ-અનલ સે પ્રભુ, પર-ગંધ જલાને આયા હૂં.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા.



જગ મેં જિસકો નિજ કહતા મૈં, વહ છોડ મુઝે ચલ દેતા હૈ;
મૈં આકુલ વ્યાકુલ હો લેતા, વ્યાકુલ કા ફલ વ્યાકુલતા હૈ.
મૈં શાંત નિરાકુલ ચેતન હૂં, હૈ મુક્તિરમા સહચર મેરી;
યહ મોહ તડક કર ટૂટ પડે પ્રભુ ! સાર્થક ફલ પૂજા તેરી.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા.

ક્ષણ ભર નિજરસ કો પી ચેતન, મિથ્યામલ કો ધો દેતા હૈ;
કાષાયિક ભાવ વિનષ્ટ કિયે, નિજ આનંદ અમૃત પીતા હૈ.
અનુપમ સુખ તબ વિલસિત હોતા, કેવલરવિ જગમગ કરતા હૈ;
દર્શન બલ પૂર્ણ પ્રગટ હોતા, યહ હી અર્હન્ત અવસ્થા હૈ.
યહ અર્ઘ્ય સમર્પણ કરકે પ્રભુ ! નિજ ગુણ કા અર્ઘ્ય બનાઊંગા;
ઔર નિશ્ચિત તેરે સદશ પ્રભુ ! અર્હન્ત અવસ્થા પાઊંગા.
ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

## જયમાલા

ભવ વન મેં જી ભર ઘૂમ ચુકા, કણકણ કો જી ભરભર દેખા;
મૃગ-સમ મૃગ-તૃષ્ણા કે પીછે, મુઝકો ન મિલી સુખ કી રેખા.

**(બારહ ભાવના)**

ઝૂઠે જગ કે સપને સારે, ઝૂઠી મન કી સબ આશાયેં;
તન-જીવન-યૌવન અસ્થિર હૈ, ક્ષણભંગુર પલ મેં મુરઝાયેં.
સમ્રાટ મહાબલ સેનાની, ઉસ ક્ષણ કો ટાલ સકેગા ક્યા?
અશરણ મૃત કાયા મેં હર્ષિત, નિજ જીવન ડાલ સકેગા ક્યા?
સંસાર મહા દુઃખસાગર કે, પ્રભુ દુઃખમય સુખ આભાસોં મેં;
મુઝકો ન મિલા સુખ ક્ષણ ભર ભી, કંચન કામિનિ પ્રાસાદોં મેં.
મૈં એકાકી એકત્વ લિયે, એકત્વ લિયે સબ હી આતે;
તન ધન કો સાથી સમઝા થા, પર યે ભી છોડ ચલે જાતે.

મેરે ન હુએ યે, મૈં ઈનસે, અતિ ભિન્ન અખંડ નિરાલા હૂં;
નિજ મેં પર સે અન્યત્વ લિયે નિજ સમ રસ પીને વાલા હૂં.

જિસકે શ્રૃંગારોં મેં મેરા, યહ મહંગા જીવન ઘુલ જાતા;
અત્યન્ત અશુચિ જડ કાયા સે, ઈસ ચેતન કા કૈસા નાતા.

દિન રાત શુભાશુભ ભાવોં સે, મેરા વ્યાપાર ચલા કરતા;
માનસ વાણી ઔર કાયા સે, આસ્રવ કા દ્વાર ખુલા રહતા.

શુભ ઔર અશુભ કી જ્વાલા સે, ઝુલસા હૈ મેરા અંતસ્તલ;
શીતલ સમકિત કિરણેં ફૂટેં, સંવર સે જાગે અંતર્બલ.

ફિર તપ કી શોધક વહ્નિ જગે, કર્મોં કી કડિયાં ટૂટ પડેં;
સર્વાંગ નિજાત્મ પ્રદેશોં સે, અમૃત કે નિર્ઝર ફૂટ પડેં.

હમ છોડ ચલેં યહ લોક તભી, લોકાન્ત વિરાજેં ક્ષણ મેં જા;
નિજ લોક હમારા વાસા હો, શોકાંત બનેં ફિર હમકો ક્યા.

જાગે મમ દુર્લભ બોધિ પ્રભો ! દુર્નયતમ સત્વર ટલ જાવેં;
બસ જ્ઞાતા દૃષ્ટા રહ જાઉં, મદમત્સરમોહ વિનશ જાવેં.

ચિર રક્ષક ધર્મ હમારા હો, હો ધર્મ હમારા ચિર સાથી;
જગ મેં ન હમારા કોઈ થા, હમ ભી ન રહેં જગ કે સાથી.

(દેવ–સ્તવન)

ચરણોં મેં આયા હૂં પ્રભુવર ! શીતલતા મુઝકો મિલ જાવે;
મુર્ઝાઈ જ્ઞાનલતા મેરી, નિજ અન્તર્બલ સે ખિલ જાવે.

સોચા કરતા હૂં ભોગોં સે, બુઝ જાવેગી ઈચ્છા જ્વાલા;
પરિણામ નિકલતા હૈ લેકિન, માનોં પાવક મેં ઘી ડાલા.

તેરે ચરણોં કી પૂજા સે, ઈન્દ્રિય સુખ કો હી અભિલાષા;
અબ તક ન સમઝ હી પાયા પ્રભુ ! સચ્ચે સુખ કી ભી પરિભાષા.



તુમ તો અવિકારી હો પ્રભુવર ! જગ મેં રહતે જગ સે ન્યારે;
અતએવ ઝુકે તવ ચરણોં મેં, જગ કે માણિક મોતી સારે.

(શાસ્ત્ર–સ્તવન)

સ્યાદ્વાદમયી તેરી વાણી, શુભનય કે ઝરને ઝરતે હૈં;
ઉસ પાવન નૌકા પર લાખોં, પ્રાણી ભવવારિધિ તિરતે હૈં.

(ગુરુ–સ્તવન)

હે ગુરુવર ! શાશ્વત સુખ દર્શક, યહ નગ્ન સ્વરૂપ તુમ્હારા હૈ;
જગ કી નશ્વરતા કા સચ્ચા, દિગ્દર્શન કરને વાલા હૈ.

જબ જગ વિષયોં મેં રચપચ કર, ગાફિલ નિદ્રા મેં સોતા હો;
અથવા વહ શિવ કે નિષ્કંટક, પથ મેં વિષકંટક બોતા હો.

હો અર્દ્ધનિશા કા સન્નાટા, વન મેં વનચારી ચરતે હોં;
તબ શાન્ત નિરાકુલ માનસ તુમ, તત્ત્વોં કા ચિંતન કરતે હો.

કરતે તપ શૈલનદીતટ પર, તરુતલ વર્ષા કી ઝડીયોં મેં;
સમતારસપાન કિયા કરતે, સુખદુઃખ દોનોં કી ઘડિયોં મેં.

અન્તર્જ્વાલા હરતી વાણી, માનોં ઝડતી હોં ફુલઝડિયાં;
ભવબન્ધન તડતડ ટૂટ પડેં, ખિલ જાવેં અંતર કી કલિયાં.

તુમસા દાની ક્યા કોઈ હો, જગ કો દે દીં જગ કી નિધિયાં;
દિન રાત લુટાયા કરતે હો, સમ–શમ કી અવિનશ્વર મણિયાં.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો અનર્ઘ્યપદ પ્રાપ્તયે મહાર્ઘ્યં નિ.

હે નિર્મલ દેવ ! તુમ્હેં પ્રણામ, હે જ્ઞાનદીપ આગમ ! પ્રણામ;
હે શાંતિત્યાગ કે મૂર્તિમાન, શિવપથપંથી ગુરુવર ! પ્રણામ.

(ઈતિ પુષ્પાંજલિ ક્ષિપેત્)

# સિદ્ધ પૂજન

લેખક : બાબુ 'યુગલ' જૈન, એમ.એસ., સાહિત્યરત્ન-કોટા

## સ્થાપના
## (હરિગીતિકા)

નિજ વજ્ર પૌરુષ સે પ્રભો ! અન્તર-કલુષ સબ હર લિયે;
પ્રાંજલ[1] પ્રદેશ-પ્રદેશ મેં, પીયૂષ નિર્ઝર ઝર ગયે.
સર્વોચ્ચ હો અતએવ બસતે લોક કે ઉસ શિખર રે;
તુમ કો હૃદય મેં સ્થાપ, મણિમુક્તા ચરણ કો ચૂમતે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે ! સિદ્ધપરમેષ્ઠીન્ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ (આહ્વાનનમ્).
ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે ! સિદ્ધપરમેષ્ઠીન્ ! અત્ર તિષ્ઠ ઠઃ ઠઃ (સ્થાપનમ્).
ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે ! સિદ્ધપરમેષ્ઠીન્ ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ (સન્નિધિકરણમ્).

## (વીરછન્દ)

શુદ્ધાતમ-સા પરિશુદ્ધ પ્રભો ! યહ નિર્મલ નીર ચરણ લાયા;
મૈં પીડિત નિર્મમ મમતા સે, અબ ઈસકા અંતિમ દિન આયા.
તુમ તો પ્રભુ અંતર્લીન હુએ, તોડે કૃત્રિમ સમ્બન્ધ સભી;
મેરે જીવન-ધન તુમકો પા, મેરી પહલી અનુભૂતિ જગી.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ જન્મ-જરા-મૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

મેરે ચૈતન્ય-સદન મેં પ્રભુ ! ધૂધૂ ક્રોધાનલ જલતા હૈ;
અજ્ઞાન-અમા[2] કે અંચલ મેં, જો છિપકર પલ-પલ પલતા હૈ.
પ્રભુ ! જહાઁ ક્રોધ કા સ્પર્શ નહીં, તુમ બસો મલય કી મહકોં મેં;

૧. શુદ્ધ, ૨. અમાવસ્યા



મૈં ઈસીલિયે મલયજ લાયા ક્રોધાસુર ભાગે પલકોં મેં.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ સંસારતાપવિનાશનાય ચન્દનં નિર્વપામીતિ સ્વાહા.

અધિપતિ પ્રભુ! ધવલ ભવન[1] કે હો, ઔર ધવલ તુમ્હારા અન્તસ્તલ;
અંતર કે ક્ષત સબ વિક્ષત કર, ઉભરા સ્વર્ણિમ સૌંદર્ય વિમલ.
મૈં મહા માન સે ક્ષત-વિક્ષત, હૂં ખંડખંડ લોકાંતવિભો;
મેરે મિટ્ટી કે જીવન મેં, પ્રભુ ! અક્ષત કી ગરિમા ભર દો.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ અક્ષયપદ પ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા.

ચૈતન્ય-સુરભિ કી પુષ્પવાટિકા, મેં વિહાર નિત કરતે હો;
માયા કી છાયા રંચ નહીં, હર બિન્દુ સુધા કી પીતે હો.
નિષ્કામ પ્રવાહિત હર હિલોર, ક્યા કામ કામ કી જ્વાલા સે;
પ્રત્યેક પ્રદેશ પ્રમત્ત હુઆ, પાતાલ-મધુ-મધુશાલા[2] સે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ કામબાણવિધ્વંસનાય પુષ્પમ્ નિર્વપામીતિ સ્વાહા.

યહ ક્ષુધા દેહ કા ધર્મ પ્રભો ! ઈસકી પહિચાન કભી ન હુઈ;
હર પલ તન મેં હી તન્મયતા, ક્ષુત્-તૃષ્ણા અવિરલ પીન[3] હુઈ.
આક્રમણ ક્ષુધા કા સહ્ય નહીં, અતએવ લિયે હૈં વ્યંજન યે;
સત્વર[4] તૃષ્ણા કો તોડ પ્રભો ! લો, હમ આનંદ-ભવન પહુંચે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા.

વિજ્ઞાન નગર કે વૈજ્ઞાનિક, તેરી પ્રયોગ શાલા વિસ્મય;
કૈવલ્ય-કલા મેં ઉમડ પડા, સમ્પૂર્ણ વિશ્વ કા હી વૈભવ.
પર તુમ તો ઉસસે અતિ વિરક્ત, નિત નિરખા કરતે નિજ નિધિયાં;
અતએવ પ્રતીક પ્રદીપ લિયે, મૈં મના રહા દીપાવલિયાં[5].

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા.

૧. સિદ્ધશિલા, ૨. શુદ્ધ અન્તસ્તત્ત્વ કા આનંદ ભવન ૩. પુષ્ટ ૪. અવિલમ્બ, ૫.મહોત્સવ

તેરા પ્રાસાદ મહકતા પ્રભુ ! અતિ દિવ્ય દશાંગી[1] ધૂપોં સે;
અતએવ નિકટ નહિં આ પાતે, કર્મોં કે કીટપતંગ અરે.
યહ ધૂપ સુરભિનિર્ઝરણી, મેરા પર્યાવરણ[2] વિશુદ્ધ હુઆ;
છક ગયા યોગનિદ્રા[3] મેં પ્રભુ ! સર્વાંગ અમી[4] હૈ બરસ રહા.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ અષ્ટકર્મદહનાય ધૂપમ્ નિર્વપામીતિ સ્વાહા.

નિજ લીન પરમ સ્વાધીન બસો, પ્રભુ! તુમ સુરમ્ય શિવ-નગરી મેં;
પ્રતિ પલ બરસાત ગગન[5] સે હો, રસપાન કરો શિવ ગગરી મેં.
યે સુરતરુઓં કે ફલ સાક્ષી. યહ ભવ-સંતતિ કા અંતિમ ક્ષણ;
પ્રભુ ! મેરે મંડપ મેં આઓ, હૈ આજ મુક્તિ કા ઉદ્‌ઘાટન.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ મોક્ષફલ પ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા.

તેરે વિકીર્ણ[6] ગુણ સારે પ્રભુ ! મુક્તા-મોદક સે સઘન હુએ;
અતએવ રસાસ્વાદન કરતે રે! ઘનીભૂત અનુભૂતિ લિયે.
હે નાથ ! મુઝે ભી અબ પ્રતિક્ષણ, નિજ અંતર-વૈભવ કી મસ્તી;
હૈ આજ અર્ઘ્ય કી સાર્થકતા, તેરી અસ્તિ મેરી બસ્તી.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ અનર્ઘ્યપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

## જયમાલા

ચિન્મય હો, ચિદ્રૂપ પ્રભુ ! જ્ઞાતા માત્ર ચિદેશ;
શોધ પ્રબન્ધ ચિદાત્મ કે,[7] સૃષ્ટા તુમ હી એક.

(રેખતા)

જગાયા તુમને કિતની બાર ! હુઆ નહિં ચિર-નિદ્રા કા અંત;
મદિર[8] સમ્મોહન મમતા કા, અરે ! બેચેત પડા મૈં સન્ત.

૧.દશધર્માં ૨.અન્તરંગ પ્રદૂષણ ૩. આનંદ-સમાધિ ૪. અમૃત ૫. શૂન્ય ચૈતન્ય ૬. બિખરે હુએ ૭. આત્મા કે શુદ્ધિ વિધાન કી શોધ, ૮. માદક



ઘોર તમ છાયા ચારોં ઓર નહીં નિજ સત્તા કી પહિચાન;
નિખિલ જડતા દિખતી સપ્રાણ, ચેતના અપને સે અનજાન.
જ્ઞાન કી પ્રતિ પલ ઉઠે તરંગ, ઝાંકતા ઉસમેં આતમરામ;
અરે ! આબાલ સભી ગોપાલ, સુલભ સબકો ચિન્મય અભિરામ.
કિંતુ પરસત્તા મેં પ્રતિબદ્ધ, કીર-મર્કટ-સી[1] ગહલ અનન્ત;
અરે ! પાકર ખોયા ભગવાન, ન દેખા મૈંને કભી બસંત.
નહીં દેખા નિજ શાશ્વત દેવ, રહી ક્ષણિકા પર્યય કી પ્રીતિ;
ક્ષમ્ય કૈસે હોં યે અપરાધ ? પ્રકૃતિ કી યહી સનાતન રીતિ.
અતઃ જડ કર્મોં કી જંજીર, પડી મેરે સર્વાત્મ પ્રદેશ;
ઔર ફિર નરક નિગોદોં બીચ, હુએ સબ નિર્ણય હે સર્વેશ.
ઘટા ઘન વિપદા કી બરસી, કિ ટૂટી શંપા[2] મેરે શીશ;
નરક મેં પારદ-સા તન ટૂક, નિગોદોં મધ્ય અનંતી મીચ[3].
કરેં ક્યા સ્વર્ગ સુખોં કી બાત, વહૉ કી કૈસી અદ્‌ભુત ટેવ;
અંત મેં બિલખે છહ-છહ માસ, કહેં હમ કૈસે ઉસકો દેવ.
દશા ચારોં ગતિ કી દયનીય, દયા કા કિન્તુ ન યહૉ વિધાન;
શરણ જો અપરાધી કો દે, અરે ! અપરાધી વહ ભગવાન.
''અરે ! મિટ્ટી કી કાયા બીચ, મહકતા ચિન્મય ભિન્ન અતીવ;
શુભાશુભ કી જડતા તો દૂર, પરાયા જ્ઞાન વહૉ પરકીય.
અહો! 'ચિત્' પરમ અકર્તાનાથ, અરે! વહ નિષ્ક્રિય તત્ત્વ વિશેષ;
અપરિમિત અક્ષય વૈભવ-કોષ'', સભી જ્ઞાની કા યહ પરિવેશ[4].
બતાયે મર્મ અરે ! યહ કૌન, તુમ્હારે બિન વૈદેહી નાથ?
વિધાતા શિવ-પથ કે તુમ એક, પડા મૈં તસ્કર દલ કે હાથ.
કિયા તુમને જીવન કા શિલ્પ[5], ખિરે સબ મોહ, કર્મ ઔર ગાત[6];
તુમ્હારા પૌરુષ ઝંઝાવાત[7], ઝડ ગયે પીલે-પીલે પાત.

૧. તોતા ઔર બંદર જૈસી ૨. બિજલી ૩. મૃત્યુ ૪.અનુભૂતિ. ૫.સુન્દર રચના, ૬.શરીર, ૭.તૂફાન,

નહીં પ્રજ્ઞા-આવર્તન[1] શેષ, હુએ સબ આવાગમન અશેષ;
અરે પ્રભુ ! ચિર-સમાધિ મેં લીન, એક મેં બસતે આપ અનેક.

તુમ્હારા ચિત્-પ્રકાશ કૈવલ્ય, કહેં તુમ જ્ઞાયક લોકાલોક;
અહો! બસ જ્ઞાન જહાઁ હો લીન, વહી હૈ જ્ઞેય, વહી હૈ ભોગ.

યોગ-ચાંચલ્ય[2] હુઆ અવરુદ્ધ, સકલ ચૈતન્ય નિકલ નિષ્કંપ;
અરે ! ઓ યોગ રહિત યોગીશ ! રહો યોં કાલ અનંતાનંત.

જીવ કારણ-પરમાત્મ ત્રિકાલ, વહી હૈ અંતસ્તત્ત્વ અખંડ;
તુમ્હેં પ્રભુ ! રહા વહી અવલંબ, કાર્ય પરમાત્મ હુએ નિર્બન્ધ.

અહો ! નિખરા કાંચન ચૈતન્ય, ખિલે સબ આઠોં કમલ[3] પુનીત;
અતીન્દ્રિય સૌખ્ય ચિરંતન ભોગ, કરો તુમ ધવલમહલ કે બીચ.

ઉછલતા મેરા પૌરુષ આજ, ત્વરિત ટૂટેંગે બંધન નાથ;
અરે ! તેરી સુખ-શય્યા બીચ, હોગા મેરા પ્રથમ પ્રભાત.

પ્રભો ! બીતી વિભાવરી[4] આજ, હુઆ અરુણોદય શીતલ છાંવ;
ઝૂમતે શાંતિ-લતા કે કુંજ[5], ચલેં પ્રભુ ! અબ અપને ઉસ ગાંવ[6].

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીન્ અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

(દોહા)

ચિર-વિલાસ ચિદ્બ્રહ્મ મેં, ચિર-નિમગ્ન ભગવંત;
દ્રવ્ય-ભાવ સ્તુતિ સે પ્રભો ! વંદન તુમ્હેં અનંત.

(પુષ્પાંજલિ ક્ષિપેત્)

૧. જ્ઞપ્તિ પરિવર્તન, ૨. આત્મપ્રદેશોં કા કમ્પન, ૩. આઠ ગુણ, ૪. રાત ૫. ઉત્કૃષ્ટ ભક્તિ પરિણામ ૬. નિજ શુદ્ધાતમ સંવેદન.



# નીરવ નિર્ઝર

લેખક : બાબુ 'યુગલ' જૈન, એમ.એસ., સાહિત્યરત્ન-કોટા

## સામાયિક પાઠ

(વીર છંદ)

પ્રેમ ભાવ હો સબ જીવોં સે, ગુણીજનો મેં હર્ષ પ્રભો;
કરુણા-સ્ત્રોત બહે દુખિયોં પર, દુર્જન મેં મધ્યસ્થ વિભો. ૧

યહ અનંત બલ-શીલ આત્મા, હો શરીર સે ભિન્ન પ્રભો;
જ્યોં હોતી તલવાર મ્યાન સે, વહ અનંત બલ દો મુઝકો. ૨

સુખ દુખ, વૈરી બંધુ વર્ગ મેં, કાંચ કનક મૈં સમતા હો;
વન-ઉપવન, પ્રાસાદ-કુટી મેં નહીં ખેદ નહિં મમતા હો. ૩

જિસ સુંદરતમ પથ પર ચલકર, જીતે મોહ માન મન્મથ;
વહ સુંદર-પથ હી પ્રભુ મેરા, બના રહે અનુશીલન પથ. ૪

એકેન્દ્રિય આદિક પ્રાણી કી, યદિ મૈંને હિંસા કી હો;
શુદ્ધ હૃદય સે કહતા હૂં વહ, નિષ્ફલ હો દુષ્કૃત્ય પ્રભો. ૫

મોક્ષમાર્ગ પ્રતિકૂલ પ્રવર્તન, જો કુછ કિયા કષાયોં સે;
વિપથ ગમન સબ કાલુષ મેરે, મિટ જાવેં સદ્ભાવોં સે. ૬

ચતુર વૈદ્ય વિષ વિક્ષત કરતા, ત્યોં પ્રભુ! મૈં ભી આદિ ઉપાંત;
અપની નિંદા આલોચન સે, કરતા હૂં પાપોં કો શાંત. ૭

સત્ય અહિંસાદિક વ્રત મેં ભી, મૈંને હૃદય મલીન કિયા;
વ્રત-વિપરીત પ્રવર્તન કરકે, શીલાચરણ વિલીન કિયા. ૮

કભી વાસના કી સરિતા કા, ગહન-સલિલ મુઝ પર છાયા;
પી પી કર વિષયોં કી મદિરા, મુઝમેં પાગલપન આયા. ૯

મૈંને છલી ઔર માયાવી, હો અસત્ય આચરણ કિયા;
પર-નિંદા ગાલી ચુગલી જો, મુંહ પર આયા વમન કિયા. ૧૦

નિરભિમાન ઉજ્જ્વલ માનસ હો, સદા સત્ય કા ધ્યાન રહે;
નિર્મલ જલ કી સરિતા સદૃશ, હિય મેં નિર્મલ જ્ઞાન બહે. ૧૧

મુનિ ચક્રી શક્રી કે હિય મેં, જિસ અનંત કા ધ્યાન રહે;
ગાતે વેદ પુરાણ જિસે વહ, પરમ દેવ મમ હૃદય રહે. ૧૨

દર્શન-જ્ઞાન સ્વભાવી જિસને, સબ વિકાર હી વમન કિયે;
પરમ ધ્યાન ગોચર પરમાતમ, પરમ દેવ મમ હૃદય રહે. ૧૩

જો ભવ દુઃખ કા વિધ્વંસક હૈ, વિશ્વ વિલોકી જિસકા જ્ઞાન;
યોગી જન કે ધ્યાન ગમ્ય વહ, બસે હૃદય મેં દેવ મહાન. ૧૪

મુક્તિ-માર્ગ કા દિગ્દર્શક હૈ, જન્મ મરણ સે પરમ અતીત;
નિષ્કલંક ત્રૈલોક્ય-દર્શિ વહ, દેવ રહે મમ હૃદય સમીપ. ૧૫

નિખિલ-વિશ્વ કે વશીકરણ મેં, રાગ રહે ના દ્વેષ રહે;
શુદ્ધ અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપી, પરમ દેવ મમ હૃદય રહે. ૧૬



દેખ રહા જો નિખિલ-વિશ્વ કો, કર્મ કલંક વિહીન વિચિત્ર;
સ્વચ્છ વિનિર્મલ નિર્વિકાર વહ, દેવ કરે મમ હૃદય પવિત્ર. ૧૭

કર્મ-કલંક અછૂત ન જિસકા, કભી છૂ સકે દિવ્ય પ્રકાશ;
મોહ-તિમિર કો ભેદ ચલાજો, પરમ શરણ મુઝકો વહ આપ્ત. ૧૮

જિસકી દિવ્ય જ્યોતિ કે આગે, ફીકા પડતા સૂર્યપ્રકાશ;
સ્વયં જ્ઞાનમય સ્વપર પ્રકાશી પરમશરણ મુઝકો વહ આપ્ત. ૧૯

જિસકે જ્ઞાન-રુપ-દર્પણ મેં, સ્પષ્ટ ઝલકતે સભી પદાર્થ;
આદિ અંત સે રહિત શાંત શિવ પરમશરણ મુઝકો વહ આપ્ત. ૨૦

જૈસે અગ્નિ જલાતી તરુ કો, તૈસે નષ્ટ હુએ સ્વયમેવ;
ભય-વિષાદ-ચિંતા સબ જિસકે, પરમ શરણ મુઝકો વહ દેવ. ૨૧

તૃણ, ચૌકી શિલ, શૈલ શિખર નહીં, આત્મ સમાધિ કે આસન;
સંસ્તર, પૂજા, સંઘ-સમ્મિલન, નહીં સમાધિ કે સાધન. ૨૨

ઈષ્ટ-વિયોગ, અનિષ્ટ-યોગ મેં, વિશ્વ મનાતા હૈ માતમ;
હેય સભી હૈ વિશ્વ વાસના, ઉપાદેય નિર્મળ આતમ. ૨૩

બાહ્ય જગત કુછ ભી નહીં મેરા,ઔર ન બાહ્ય જગતકા મૈં;
યહ નિશ્ચય કર છોડ બાહ્ય કો મુક્તિ હેતુ નિત સ્વસ્થ રમેં. ૨૪

અપની નિધિ તો અપને મેં હૈ, બાહ્ય વસ્તુ મેં વ્યર્થ પ્રયાસ;
જગ કા સુખ તો મૃગ-તૃષ્ણા હૈ, ઝૂઠે હૈં ઉસકે પુરુષાર્થ. ૨૫

અક્ષય હૈ શાશ્વત હૈ આત્મા, નિર્મલ જ્ઞાન સ્વભાવી હૈ;
જો કુછ બાહર હૈ સબ પર હૈ, કર્માધીન વિનાશી હૈ. ૨૬

તન સે જિસકા ઐક્ય નહીં, હો સુત-તિય-મિત્રોં સે કૈસે;
ચર્મ દૂર હોને પર તન સે, રોમ સમૂહ રહેં કૈસે. ૨૭

મહા કષ્ટ પાતા જો કરતા, પર પદાર્થ જડ દેહ સંયોગ;
મોક્ષ મહલ કા પથ હૈ સીધા, જડ ચેતન કા પૂર્ણ વિયોગ. ૨૮

જો સંસાર પતન કે કારણ, ઉન વિકલ્પ જાલોં કો છોડ;
નિર્વિકલ્પ, નિર્દ્વન્દ આત્મા, ફિર, ફિર લીન ઉસી મેં હો. ૨૯

સ્વયં કિયે જો કર્મ શુભાશુભ, ફલ નિશ્ચય હી વે દેતે;
કરેં આપ ફલ દેય અન્ય તો, સ્વયં કિયે નિષ્ફલ હોતે. ૩૦

અપને કર્મ સિવાય જીવ કો, કોઈ ન ફલ દેતા કુછ ભી;
પર દેતા હૈ યહ વિચાર તજ, સ્થિર હો છોડ પ્રમાદી બુદ્ધિ. ૩૧

નિર્મળ, સત્ય, શિવં, સુંદર હૈ, ‘અમિત ગતિ’ વહ દેવ મહાન;
શાશ્વત નિજ મેં અનુભવ કરતે, પાતે નિર્મલ પદ નિર્વાણ. ૩૨



# અમૂલ્ય તત્ત્વ વિચાર

અનુવાદકઃ બાબુ ‘યુગલ’ જૈન, એમ.એસ., સાહિત્યરત્ન-કોટા

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો;
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહિ એક્કે ટળ્યો.
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો;
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો;
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો; એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા;
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, ‘તેહ’ જેણે અનુભવ્યુ;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો;
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

## પાઠકોની નોંધ માટે



## પાઠકોની નોંધ માટે